MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૦૬-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ગ્રાહકો માટે જીએસટીનું બિલ બનશે જેકપોટ: ૧૦ લાખથી ૧ કરોડના ઈનામની યોજના

5 પગથી પોતાની પેન્ટિંગ બનાવનાર દિવ્યાંગનું અમિતાભે ઘરમાં સ્વાગત કર્યું

8 સૌરાષ્ટ્ર યુનિ.ની વિદ્યાર્થિની પાસે શરીરસુખની માંગ કરનાર પ્રોફેસર વિરુદ્ધ ફરિયાદ નોંધાશે

12 નર્મદા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સિકલસેલનું પ્રમાણ વધુ હોવા છતાં આરોગ્ય વિભાગની કામગીરી પર અનેક સવાલ

સુપ્રિમની સમય મર્યાદા પૂર્ણ થવાના ૪ દિવસ પહેલાં મોદી સરકારનો માસ્ટરસ્ટ્રોક

જય શ્રી રામ: મંદિર નિર્માણ માટે ટ્રસ્ટની રચના

- આ ટ્રસ્ટમાં કુલ ૧૫ સભ્યો હશે જેમાંથી એક દલિત સમાજમાંથી લેવાશે,ટ્રસ્ટને "શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર" એવુ નામ આપવામાં આવ્યું
- રામ જન્મભૂમિ તીર્થ વિસ્તાર માટે આશરે ૬૭ એકર જમીન ફાળવવામાં આવશે: મોદી

ન્યુ દિલ્હી

અયોધ્યામાં વિવાદી જગ્યાએ જ શ્રી રામ મંદિર બનાવવા સુપ્રિમ કોર્ટના ઐતિહાસિક આદેશના પગલે મોદી સરકારે આજે કેબિનેટમાં મંદિર નિર્માણ માટે ટ્રસ્ટની રચનાને મંજૂરી આપી છે. જેમાં ૧૫ સભ્યો હશે. ૧૫સભ્યો પૈકી એક દલિત સમાજમાંથી હશે. સુપ્રિમ કોર્ટે ટ્રસ્ટ બનાટ્રસ્ટને "શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર" એવુ નામ આપવામાં આવ્યું છે. વવા આપેલી ૩ મહિનાની સમય મર્યાદા પૂર્ણ થવાના ૪ દિવસ પહેલા નિર્ણય કર્યો છે. જો કે યોગાનુયોગ હાલમાં દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પણ ચાલી રહી હોવાથી આચારસંહિતા ભંગનો મામલો ઉપસ્થિત થયો હતો. પરંતુ ચૂટણી પંચે એવો અભિપ્રાય આપ્યો કે તેમાં આચારસંહિતાનો કોઈ ભંગ થતો નથી. આમ અયોધ્યામાં વિવાદી સ્થળે જ ભવ્ય અને દિવ્ય રામ મંદિર બનાવવાની નક્કર કામગીરી તરફ કેન્દ્ર સરકારે એક ડગલું ભર્યું છે. દિલ્હી વિધાનસભા માટે ૮મીએ મતદાન થવાનું છે. એટલે મતદાનના ૩ દિવસ પહેલા પીએમ મોદીની આ મહત્વની જાહેરાતે રાજકિય પક્ષોનું ધ્યાન પણ ખેંચ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૧ જાન્યુ.ના રોજથી શરૂ થયેલા બજેટ સત્રના કામકાજના આજે પમા દિવસે સંસદના લોકસભા સદનમાં કહ્યું કે, 'મને આજે આ ગૃહને, દેશને જણાવતા ખુશી થઈ રહી છે કે આજે કેબિનેટની બેઠકમાં સુપ્રીમ કોર્ટના આદેશને ધ્યાનમાં રાખતા ઘણા મહત્વના નિર્ણય લેવાયા છે. રામ મંદિર નિર્માણ માટે એક યોજના તૈયાર કરવામાં આવી છે. સરકારે શ્રી રામજન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ રચનાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ટ્રસ્ટ અયોધ્યામાં રામ જન્મભૂમિ પર મંદિર નિર્માણ બનાવવા માટે જવાબદાર હશે. અમે પાંચ એકર જમીન સુન્ની વક્ફ બોર્ડને આપવાની અપીલ કરી હતી, જેને ઉત્તરપ્રદેશ સરકારે સ્વીકારી લીધી છે.'

પીએમ મોદીએ કહ્યું કે, હું અહીંયા મારા દિલની નજીકના એક મામલા અંગે વાત કરવા માટે આવ્યો છું. જે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ વિશે છે. ૯ નવેમ્બરે,

અનુસંધાન પાના નં. ૬



અયોધ્યાના ધન્નીપુરમાં મસ્જિદ માટે ૫ એકર જમીન આપતી યોગી સરકાર

રામ મંદિર ટ્રસ્ટની જાહેરાત બાદ હવે યોગી કેબિનેટે સુન્ની વક્ફને જમીન આપવાનો પ્રસ્તાવ પાસ કરી દીધો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, અયોધ્યાના સોહાવલ તાલુકાના ધન્નીપુર ગામમાં સુન્ની વક્ફ બોર્ડને જમીન આપવાનો નિર્ણય કર્યો છે. સરકારના પ્રવક્તા સિદ્ધાર્થનાથ સિંહે જણાવ્યું કે, આજે ૫ એકર જમીનનો પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. જેમાં અમે ૩ વિકલ્પ કેન્દ્રને મોકલ્યા હતા. જેમાંથી એક પર સહમતિ સધાઈ ચૂકી છે.

- રામ મંદિર મામલો કરોડો દેશવાસીઓની જેમ જ મારા હૃદયની નજીક: મોદી
- ટ્રસ્ટમાં દિગંબર અખાડા, નિર્મોહી અખાડા, રામલલ્લા વિરાજમાનના ત્રણ સદસ્યોમાંથી એકનો સમાવેશ સરકાર કરી શકે છે

અલગ-અલગ ફાંસી આપવાની અરજી હાઈકોર્ટે ફગાવી

નિર્ભયાના ચારેય દોષિતોને એક સાથે ફાંસી અપાશે : દિલ્હી હાઈકોર્ટ

દિલ્હી હાઈકોર્ટે દોષિતોને તમામ કાયદાકીય વિકલ્પ અપનાવવા સાત દિવસનું અલ્ટિમેટમ આપ્યું

ન્યુ દિલ્હી

નિર્ભયા કાંડના દોષિતોને વહેલી તકે ફાંસી પર લટાકાવવા માટેની કેન્દ્ર સરકારની અને દિલ્હી પોલીસની અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે.

કોર્ટે કહ્યુ હતુ કે, તમામને એક સાથે ફાંસી થશે.તેની સાથે સાથે કોર્ટે તમામ આરોપીઓને તેમને મળતા કાનૂની વિકલ્પોનો ઉપયોગ એક સપ્તાહની અંદર કરી લેવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, નિર્ભયા કેસના દોષિતોનુ ડેથ વોરંટ બે વખત ટળી ચુક્યુ છે.કારણકે દોષિતોએ અલગ-અલગ સમયે કાયદાકીય વિકલ્પનો ઉપયોગ કર્યો હતો.જોકે હવે તમામ દોષિતોને કોર્ટે આદેશ આપ્યો છે કે, તમારી પાસે જે પણ કાનૂની વિકલ્પ બાકી હોય તેનો ઉપયોગ એક સપ્તાહની અંદર જ કરી લેવાનો રહેશે.

કેન્દ્ર સરકારે એવી માગણી કરી હતી કે વહેલી તકે અપરાધીઓને ફાંસીએ લટકાવી દેવામાં આવે કેમ કે આ અપરાધીઓ દયા અરજી અને ક્યૂરેટિવ પિટિશનનો સહારો લઈને જાણી જોઈને ફાંસીમાં વિલંબ કરાવી રહ્યા છે સાથે જ દિલ્હી સરકાર પર પણ વિલંબ કરાવવાનો આરોપ લગાવ્યો હતો.

આ પહેલા મંગળવારે નિર્ભયાના માતા-પિતાએ દિલ્હી હાઈકોર્ટે કેન્દ્રની અરજી પર ઝડપથી નિર્ણય આવે તે અંગે પિટીશન કરી હતી, જેથી દોષિતોને ફાંસી આપી શકાય. કોર્ટે આ મામલાની સુનાવણી કરતા નિર્ભયાના માતા-પિતાને એ આશ્વાસન આપ્યું કે ઝડપથી આ અંગે આદેશ આપવામાં આવશે.

નિર્ભયાના દોષિતો પાસે હવે આ વિકલ્પ ખૂલ્લા

અક્ષય ઠાકુર - ૨૦૧૯માં તેની રીવ્યૂ પિટિશન ફગાવી દેવાયા બાદ તેણે ૨૦૨૦ની ૨૮ જાન્યુઆરીએ ક્યૂરેટિવ પિટિશન દાખલ કરી છે. રાષ્ટ્રપતિ સમક્ષ તેણે હજી સુધી દયાની અરજી કરી નથી. આ વિકલ્પ બાકી છે.

પવન ગુપ્તા - જુલાઈ ૨૦૧૮માં પવનની રીવ્યૂ પિટિશન ફગાવી દેવાઈ હતી. હજી સુધી તેણે ક્યુરેટિવ પિટિશન દાખલ કરી નહી હોવાથી આ વિકલ્પ તેની પાસે છે

વિનય શર્મા - જુલાઈ ૨૦૧૮માં તેની રિવ્યૂ પિટિશન ફગાવી દેવાઈ હતી. ક્યુરેટિવ પિટિશન જાન્યુઆરી ૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.હ વે તેની પાસે દયાની અરજીનો વિકલ્પ બાકી છે. જેલના કાયદા હેઠળ દયા અરજી ફગાવી દેવાયા બાદ દોષિતને ફાંસી આપતા પહેલા ૧૪ દિવસનો વિકલ્પ અપાય છે. જો એક મામલામાં એક થી વધારે દોષિતને ફાંસીની સજા થઈ હોય તો તમામને એક સાથે જ ફાંસી અપાય છે.

મુકેશ સિંહ - દોષી મુકેશ સિંહના તમામ વિકલ્પ ખતમ થઈ ચૂક્યા છે. તેણે દયા અરજી ફગાવવા વિરૂદ્ધ પણ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી પરંતુ તેને પણ ફગાવી દેવાઈ હતી.

દેશમાં ધીમા પડેલા જીડીપી દર વચ્ચે

આજે આરબીઆઈની ધિરાણનીતિ સમીક્ષા: વ્યાજદર વધવાની શક્યતા

ન્યુ દિલ્હી

જીડીપીનો વૃધ્ધિદર ધીમો પડી રહ્યો છે અને ફગાવામાં વધારો થઈ રહ્યો છે ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) આગામી ગુરુવારે ચાલુ નાણાકીય વર્ષની છેલ્લી ધિરાણ નીતિ જાહેર કરશે. સુત્રોના જણાવ્યા અનુસાર રિઝર્વ બેંક વ્યાજદરમાં વધારો કરી શકે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટે છઠ્ઠી દ્રિમાસીક ધિરાણનીતિનું નિવેદન ચાલુ નાણાકીય વર્ષ માટે છેલ્લું હશે. ધિરાણનીતિ સમિતિ (એમપીસી) નીતિ સમીક્ષા માટે આગામી ૪–૬ ફેબ્રુઆરી દરમિયાન મળશે તેમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એક યાદીમાં જણાવ્યું હતું. આરબીઆઈએ જણાવ્યું હતું કે, ૬ઠ્ઠી ફેબ્રુઆરીની બપોર સુધીમાં તેની વેબસાઈટ પર એમપીસીના ઠરાવોને મુકવામાં આવશે.

દેશમાં વપરાશ માટેની નબળી માગ સહિત ઘરઆંગણાના અને

અનુસંધાન પાના નં. ૬

વડાપ્રધાને લખનઉમાં એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યું

રક્ષા ક્ષેત્રમાં આપણી મહત્વકાંક્ષા કોઈ દેશ વિરુદ્ધની નથીં: મોદી



આજે અટલજીનું સપનું પૂર્ણ થયું,ભારત માત્ર એક બજાર જ નથી, સમગ્ર વિશ્વ માટે મોટી તક પણ છે, ડિફેન્સ એક્સપો વિશ્વનો ભારત પ્રત્યેનો વિશ્વાસ દર્શાવે છે

ન્યુ દિલ્હી

રક્ષા ઉત્પાદનોની પ્રદર્શની ડિફેન્સ એક્સપો ૨૦૨૦નું આજથી લખનઉમાં શરૂઆત થઈ. પીએમ મોદીએ આ એક્સપોનું ઉદઘાટન કર્યું. આ અવસર પર પીએમ મોદીએ કહ્યું કે ભારત દ્વારા આર્ટિફિશિયલ ઈંટેલિજન્સમાં આગામી વર્ષોમાં ઓછામાં ઓછી ૨૫ પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવશે. લખનઉમાં ડિફેન્સ એક્સપોનું હોવું અહીંના પૂર્વ સાંસદ રહેલા અટલ બિહારી વાજપેયીનું સપનું પુરૂ થવા જેવું છે. અટલજીએ જે સપનું જોયું હતું, તેના માટે ઘણા પગલાં ભર્યા અને ગત ૫ વર્ષમાં તેમાં ખૂબ તેજી આવી છે. ભારત માત્ર એક બજાર નથી. ભારત સમગ્ર વિશ્વ માટે તક પણ છે.

પીએમ મોદીએ કહ્યું કે ગત પાંચ વર્ષોમાં ડિફેન્સ લાઈસન્સની સંખ્યા ૪૬૦ થઈ ગઈ છે. નવલ એક્સપોર્ટ અથવા હેલિકોપ્ટરનું ઈમ્પોર્ટ, અથવા આર્ટિલરી ગેન હોય અમે નિર્યાત કરી રહ્યા છીએ. આગામી દિવસોમાં ડિફેન્સ એક્સપોર્ટ ૩૫૦૦૦ કરોડ સુધીનું લક્ષ્ય છે. આ વિઝન સાથે ઈતિહાસની સીખ છે, હાલની જરૂરિયાત છે અને ભવિષ્યની ચિંતા પણ.

પીએમ મોદીએ કહ્યું કે 'આપણે આઝાદી સાથે અમારી શક્તિઓનો પ્રયોગ યોગ્ય રીતે ન કર્યો. જેથી આપણે સૌથી મોટા હથિયારોના આયાતક બની ગયા. જો આપણે આયાતક બની રહીએ છીએ તો આપણે પાંચ ટ્રિલિયન ઈકોનોમી કેવી રીતે બની શકતા. આ સ્થિતિને બદલવા માટે ૨૦૧૪ બાદ એક પછી એક

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ગ્રાહકો માટે જીએસટીનું બિલ બનશે જેકપોટ: ૧૦ લાખથી ૧ કરોડના ઈનામની યોજના

ન્યુ દિલ્હી

ગ્રાહકોને ખરીદી કરતી વખતે બિલ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે સરકાર જીએસટી અંતર્ગત રૂ. ૧૦ લાખથી ૧ કરોડ સુધીની લોટરીની યોજના બનાવી રહી છે. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડાઇરેક્ટ ટૅક્સ અને કસ્ટમ્સ (સીબીઆઇસી)ના સભ્ય જહોન જોસેફે જણાવ્યું હતું કે ગુડ્ઝ અને સર્વિસ ટૅક્સ (જીએસટી) હેઠળના દરેક બિલ ગ્રાહકોને લોટરી જીતવાની તક પૂરી પાડશે અને તે ટૅક્સ ચૂકવવા માટે પ્રોત્સાહક તરીકે કામ કરશે.

'અમે નવી લોટરીની સિસ્ટમ લઈને આવ્યા છીએ. જીએસટી હેઠળ દરેક બિલ વિજેતા લોટરીની ટિકિટ હોવાનું માનવામાં આવે છે. તે ડ્રો માટે જશે અને ભાવ એટલા ઊંચા છે કે ૨૮ ટકા બચાવ્યા વિના મારી પાસે રૂપિયા દસ લાખથી લઈને એક કરોડ સુધી જીતવાની તક છે. લોકોની માનસિકતામાં બદલાવ લાવવાનો આ પ્રશ્ન છે,' એમ જોસેફે એસોચેમના કાર્યક્રમમાં જણાવ્યું હતું.

આ યોજના મુજબ ખરીદીના બિલ પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. અને આપમેળે ડ્રો થઈ જશે અને વિજેતાને જણાવવામાં આવશે. ચાર સ્તરના જીએસટી અંતર્ગત માલ અને સેવાઓ પર ૫, ૧૨,૧૮ અને ૨૮ ટકા કર લાગે છે. આ ઉપરાંત લક્ઝરી, સીન અને ડીમેરિટ ગુડ્ઝ પર સૌથી વધુ ટૅક્સ રેટ ઉપરાંત સેસ પણ લગાવવામાં આવે છે. નાણાપ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતા હેઠળ રાજયના નાણાપ્રધાનોની બનેલી જીએસટી કાઉન્સિલ પ્રસ્તાવિત લોટરી યોજનાની તપાસ કરશે. લોટરીની યોજના માટે પાત્ર બનવા મિનિમમ કેટલી રકમનું બિલ હોવું જોઈએ એ પણ નક્કી કરવામાં આવશે. યોજના મુજબ ગ્રાહક કલ્યાણ ભંડોળમાંથી આ લોટરી યોજના માટે નાણાં આવશે.

જીએસટીની આવકના છિંડા (લુપહોલ્સ) પૂરવા માટે સરકાર લોટરી અને ક્યુઆર કોડ આધારિત ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહિત કરવા સહિત બિઝનેસથી ગ્રાહક સોદાના વિકલ્પ અંગે વિચારણા કરશે.

સીએએના સમર્થનમાં ઠરાવ મંજૂર કરનાર ગોવા વિધાનસભા દેશમાં પ્રથમ

પણજી

સિટીઝનશિપ અમેન્ડમેન્ટ ઍક્ટ-સીએએના સમર્થનમાં ઠરાવ મંજૂર કરનાર ગોવા વિધાનસભા દેશની સૌપ્રથમ વિધાનસભા બની હોવાનો દાવો ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે કર્યો હતો. આ બાબત ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણય પરત્વે ગોવાના લોકોની વાસ્તવિક કૃતજ્ઞતાનું પ્રતિબિંબ પાડે છે, એમ તેમણે કહ્યું હતું. વિપક્ષ કૉંગ્રેસ અને ગોવા ફૉરવર્ડ પાર્ટીના વૉકઆઉટ વચ્ચે રાજય વિધાનસભાએ સીએએ ઘડી કાઢવા બદલ સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહને સીએએના સમર્થનમાં અભિનંદન આપતો ઠરાવ મંજૂર કર્યો હતો. સીએએના સમર્થનમાં અભિનંદન ઠરાવને મંજૂરી આપવાનો વિશેષાધિકાર ગોવાને મળ્યો તે બદલ

હું ખૂબ જ ખુશ છું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ બાબત કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણય પરત્વે ગોવાના લોકોની વાસ્તવિક કૃતજ્ઞતાનું પ્રતિબિંબ પાડે છે. ૪૦ સભ્યની ગોવા વિધાનસભામાં શાસક ભાજપ સ્પીકર સહિત ૨૭ ધારાસભ્ય ધરાવે છે.

આ ઠરાવને મંજૂરી આપવામાં આવી ત્યારે આ તમામ સભ્યો હાજર રહ્યા હોવા ઉપરાંત બે સ્વતંત્ર ધારાસભ્યએ પણ આ મામલે ભાજપના વડપણ હેઠળની સરકારને ટેકો આપ્યો હતો. રાજય સરકારને ટેકો આપતા એનસીપીના ધારાસભ્ય ચર્ચિલ અલેમાઓ ગેરહાજર રહ્યા હતા.

શ્રીનગરમાં અથડામણ: ત્રણ આતંકી ઠાર,એક જવાન શહિદ

શ્રીનગર

શ્રીનગરમાં લાવેપોરા વિસ્તારમાં આતંકીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ છે. આ અથડામણમાં એક સીઆરપીએફનો જવાન શહીદ થયો હતો જ્યારે ત્રણ આતંકીઓને સુરક્ષાદળોએ મોતને ઘાટ ઉતાર્યા હતા.

સૈન્ય સુત્રોની માનીએ તો શ્રીનગરમાં નાકા પાર્ટી ચેકિંગ અભિયાન ચલાવી રહી હતી. આ દરમિયાન એક કારમાં ત્રણ આતંકીઓએ ખુદને ફસાતા જોઈ સુરક્ષાદળો પર ફાયરિંગ શરૂ કર્યુ હતું. આ દરમિયાન એક સીઆરપીએફ જવાન શહીદ થઈ ગયો હતો. બીજી તરફ જવાબી કાર્યવાહીમાં ત્રણેય આતંકી માર્યા ગયા છે. હજુ પણ તેની ઓફિશિયલ પૃષ્ટી થઈ નથી. કલમ ૩૭૦ હટાવવામાં આવ્યાના છ મહિના પુરા થવા છતા ઘાટીમાં બંધનો માહોલ છે.

ઘાટીમાં ફરી એક વખત માહોલ ખરાબ કરવાના ષડયંત્ર હેઠળ સૌરા વિસ્તારમાં પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેની હેઠળ પાંચ ફેબ્રુઆરીએ પુરી ઘાટીમાં દુકાનો બંધ રાખવા કહેવામાં આવ્યુ છે. પોસ્ટરમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાન સહિત કેટલાક દેશ તરફથી પાંચ ફેબ્રુઆરીએ કાશ્મીરના સમર્થનમાં પ્રદર્શન કરવામાં આવશે. સાથે જ ચેતવણી પણ આપવામાં આવી છે કે કોઈએ દુકાન ખોલી તો તેને નુકસાન પણ ભોગવવુ પડી શકે છે. જોકે, પોલીસે પોસ્ટરને પોતાના કબજામાં લઈ લીધુ છે.

પૂંછમાં મંગળવાર સવારથી ખરાબ હવામાન વચ્ચે પાકિસ્તાની સેનાએ આતંકીઓની ઘુષણખોરી કરાવવાના ઈરાદે સેન્ય ચોકી અને ગ્રામીણ વિસ્તારના રહેણાક વિસ્તારને નિશાન બનાવી ગોળીબાર કર્યો હતો. સેનાની જવાબી કાર્યવાહીને કારણે પાકિસ્તાનના નાપાક ઈરાદા સફળ થઈ શક્યા નહતા.

કેરળ સરકારે લગાવ્યો ધર્મનિરપેક્ષતાના ઉલ્લંઘનનો આરોપ

નાગરિકતા કાયદા પર કેન્દ્ર સરકારને સુપ્રિમ કોર્ટનું સમન્સ

ન્યુ દિલ્હી

દેશમાં અનેક જગ્યાએ નાગરિકતા સંશોધન કાયદા વિરુધ્ધ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. તેની વચ્ચે સુપ્રીમ કોર્ટે કેરળ સરકારની નાગરિકતા સંશોધન કાયદાને પડકારતી અરજી પર કેન્દ્ર સરકારને સમન્સ પાઠવ્યું છે. કેરળ સરકારે ૧૩ જાન્યુઆરીએ પીટિશન દાખલ કરી હતી. રાજ્ય સરકારનું કહેવું છે કે, આ કાયદો બંધારણના ૧૪, ૨૧ અને ૨૫નું ઉલ્લંઘન કરે છે. આ ઉપરાંત બંધારણના ધર્મનિરપેક્ષતાના બુનિયાદી ઢાંચાનું ઉલ્લંઘન કરે છે.

સરકારે મંગળવાળે જણાવ્યું હતું કે સંશોધિત નાગરિકતા કાયદાના વિરોધમાં દિલ્હીમાં હિંસા, ગેરકાયદે ભીડ ભેગી કરવી, પત્થરો ફેકવા અને સાર્વજનિક સંપત્તિને નુકશાન પહોંચાડવાની ઘટના સામે છે. લોકસામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં ગૃહ રાજયમંત્રી નિત્યાનંદ રાયે કહ્યું કે રાજસ્થાન જેવા કેટલાક રાજયોની વિધાનસભાએ સીએએ વિરુધ્ધ પ્રસ્તાવ મળ્યા છે અને કેરળ સરકારે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી છે.

શાહીનબાગ ફાયરિંગ જેવી ઘટનાઓ કરાવવાની અમારી તાકાત નથી

દિલ્હી મને આતંકવાદી માને છે તો ૮ ફેબ્રુઆરીએ કમળનું બટન દબાવે: કેજરીવાલ

ન્યુ દિલ્હી

હાલમાં જ ભાજપના સાંસદ પ્રવેશ વર્માએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આતંકવાદી ગણાવ્યા હતા. કેજરીવાલે પ્રવેશ વર્માના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, આ વાતથી મને ખૂબ જ ઠેસ પહોંચી છે કેમકે મેં મારા પરિવાર માટે કંઈ પણ કર્યા વગર પોતાને દેશ માટે સમપર્તિ કરી દીધો. આઈઆઈટીના મારા ૮૦ટકા બેચમેટ વિદેશ જતા રહ્યા છે અને મેં ઈનકમ ટેક્સ કમિશ્નરની નોકરી છોડી દીધી. હું આ નિર્ણય દિલ્હીની પ્રજા પર છોડું છે. જો તેઓ મને આતંકવાદી માને છે તો ૮ ફેબ્રુઆરીએ કમળનું બટન દબાવે અને જો તેમને લાગે છે તે મેં દિલ્હી માટે, દેશ માટે, લોકો માટે કામ કર્યું છે તો આમ આદમી પાર્ટીને મત આપે. દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલે શાહીનબાગ ગોળીકાંડમાં પાર્ટીનો હાથ હોવાનો ઈકાર કર્યો છે. તેમણે કહ્યું કે, ભાજપ તેમને ફસાવવા માટે દિલ્હી પોલીસને ઉપયોગ કરી રહી છે. કેજરીવાલે કહ્યું કે, તમામ પાર્ટીઓ એક સાથે આવીને કેજરીવાલને હરાવવા માંગે છે, પરંતુ શું અમારી પાસે આવી ઘટનાઓ(ગોળીબાર) કરાવવાની શક્તિ છે? શું અમે ક્યારેય આવું કામ કર્યું છે?

બ્રિટન ૨૦૩૫થી નવી પેટ્રોલ કારના વેચાણ પર પ્રતિબંધ મૂકશે

લંડન

૨૦૩૫થી બ્રિટનમાં પેટ્રોલ, ડીઝલ અને હાઇ બ્રિડ કારના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. નવેમ્બર મહિનામાં ગ્લાસગો ખાતે યોજાનારી ક્લાઇમેટ ચેન્જ અંગેની કોન્ફરન્સમાં વડા પ્રધાન બોરિસ જહોન્સન આ અંગેની જાહેરાત કરશે. આ પ્રતિબંધ પાંચ વર્ષ વહેલો અમલમાં આવશે.

બ્રિટને ૨૦૫૦ સુધીમાં ગ્રીન હાઉસ ગૅસના ઉત્સર્જનને નેટ ઝીરો સુધી લાવવાનું વચન આપ્યું છે, જેમાં પ્રદૂષણ ઓછું કરવા વૃક્ષો વાવવા જેવા પગલાં પણ સામેલ છે.પૃથ્વીના રક્ષણ માટે સ્વચ્છ ટૅક્નોલોજીમાં રોકાણ અને શૂન્ય ઉત્સર્જનના લક્ષ્ય તરફ પ્રયાણ કરવા તરફના બ્રિટનના પ્રયત્નમાં જોડાવા અન્ય દેશોને અપીલ કરવામાં આવશે. બ્રિટનના એએ મોટરિંગ એસોસિયેશનના પ્રમુખ એડમંડ કિંગે જણાવ્યું હતું કે કારના વેચાણનો નવો લક્ષ્યાંક અતિ પડકારજનક હતો. ૧૫ વર્ષથી ઓછા સમયમાં શૂન્ય ઉત્સર્જન ધરાવતાં વાહનોની સપ્લાય શક્ય છે કે કેમ એ સવાલ કરવો જોઈએ.

ઉત્તરપ્રદેશના આઝગઢમાં પોલીસ આકરા પાણીએ

નાગરિકતા કાયદા વિરુદ્ધ પ્રદર્શન કરનાર મહિલાઓ પર પોલીસનો લાઠીચાર્જ

લખનઉ

ઉત્તર પ્રદેશમાં તમામ જિલ્લાઓમાં નાગરિકતા સંશોધન કાયદા વિરૂદ્ધ પ્રદર્શન યથાવત છે. લખનઉથી લઈને આઝમગઢના જોહર પાર્કમાં સીએએ વિરૂદ્ધ મહિલાઓ ધરણા કરી રહી છે. આ પ્રદર્શનનો અંત લાવવા માટે ઉત્તર પ્રદેશ પોલીસે કાર્યવાહી શરૂ કરી દીધી છે. બિલારિયાગંજના જોહર પાર્કમાં ધરણા પર બેઠેલી મહિલાઓને પોલીસે લાઠીચાર્જ કરીને બુધવારે સવારે હટાવી હતી. અગાઉ ઉત્તર પ્રદેશના પૂર્વ રાજ્યપાલ અજીજ કુરૈસી અને ૭ અન્ય લોકો વિરૂદ્ધ ગોમતીનગરમાં સીએએ વિરોધી પ્રદર્શનકારીઓ સાથે એકજૂટતા વ્યક્ત કરવા માટે કેન્ડલ માર્ચ નીકાળવાને લઈને કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ તમામ લોકો પર કલમ ૧૪૪ના ઉલ્લંઘનની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં અજીજ કુરૈશી ઉપરાંત જે લોકો પર ફરિયાદ દાખલ થઈ છે, તેમાં મહફૂજ, સલમાન મન્સૂરી, મોહમ્મદ વલી, રહનુમા ખાન, પ્રિયંકા મિશ્રા અને સુનિલ લોધી સામેલ છે. આ અંગે ગોમતી નગરના સહાયક પોલીસ કમિશ્નર સંતોષ સિંહે જણાવ્યું કે, ડિગડિગા ચાર રસ્તાથી ફન મૉલ સુધી સીએએ વિરુદ્ધ ૩૦-૪૦ લોકોએ કેન્ડલ માર્ચ નીકાળી હતી. પોલીસ દ્વારા પૂછવા પર વિરોધ પ્રદર્શનની મંજૂરી દર્શાવવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા.

ટ્રમ્પે ગૃહના બંન્ને સત્રને સંબોધ્યા

ટ્રમ્પે સંસદમાં સ્પીકર નેન્સી સાથે હાથ ન મિલાવ્યો: પેલોસીએ ભાષણની કોપી ફાડી

અમેરિકનોના તેજસ્વી ભાવિનો ઉદય થઈ રહ્યો છે, અર્થતંત્રમાં ટૂંકા ગાળામાં ઝડપી સુધારો થયો : ટ્રમ્પ

વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગૃહના બંને હાઉસના સત્રને સંબોધિત કર્યું હતું. આ ટ્રમ્પનું ત્રીજું સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધન રહ્યું. આ વખતે સ્ટેટ ઓફ ધ યુનિયનની થીમ 'ઈટ્સ ધ ગ્રેટ અમેરિકન કમબેક!' (અમેરિકાની મહાન વાપસી) રહી. આ દરમ્યાન રાષ્ટ્રપતિ અને સંસદના નીચલા ગૃહ (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ)ના સ્પીકર નેન્સી પેલોસીની વચ્ચે થોડીક ખટપટ જોવા મળી. ટ્રમ્પના સંબોધનની બરાબર પહેલાં પોડિયમની તરફ જતા સમયે પેલોસીએ પોતાની ચેયર પરથી ઉભા થઈને અભિવાદન કરવા પર તેમણે હાથ મિલાવવા માટે આગળ વધ્યા અને હાથ લંબાવ્યો. પરંતુ રાષ્ટ્રપતિએ તેને નજરઅંદાજ કરી આગળ વધી ગયા.

ટ્રમ્પના ભાષણ દરમ્યાન ઉપરાષ્ટ્રપતિ માઇક પેંસે કેટલીય વખત ઉભા થઇ તાળીઓ વગાડી જયારે સ્પીકર નેન્સી પેલોસી પોતાની જગ્યા પર બેસી રહ્યા. ત્યારબાદ ટ્રમ્પનું જેવું ભાષણ ખત્મ થયું તેઓ પેલોસીએ સંસદમાં બધાની સામે ચોંકાવતા પોતાના સંબોધનની કોપી ફાડી દીધી. વ્હાઇટ હાઉસે નેન્સી દ્વારા સ્પીચની કોપી ફાડવાને 'તેમની વિરાસત' ગણાવી દીધી છે.

ટ્રમ્પે કોરોનાવાયરસની સમસ્યા પર કહ્યું કે અમે ચીન સરકારની સાથે મળીને તેનો ઉપાઈ શોધી રહ્યાં છે. મારી સરકાર નાગરિકોને કોરોનાવાયરસથી બચાવવા માટે શકય તમામ પગલા ભરી રહી છે. ચીને દાયકા સુધી અમેરિકાનો ફાયદો ઉઠાવ્યો, અમે તેને રોકયો. આ દરમિયાન ચીને રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને તેની સરકારની સાથે અમારા સંબંધો ખૂબ જ સારા થયા છે.

ટ્રમ્પે કહ્યું મેં રાષ્ટ્રપતિ પદ સંભાળતાની સાથે જ અમેરિકાની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવાની કોશિશ ઝડપી કરી. મેં નોકરીઓ ખત્મ કરનાર નિયમોમાં ફેરફાર કર્યો. ટેક્સમાં મોટો ઘટાડો કર્યો. આ સિવાય ઈમાનદાર બિઝનેસ ડિલ માટે લડાઈ લડી. અમારા સાહસિક અભિયાનોના કારણે અમેરિકા વિશ્વમાં ઓઈલ અને નેચરલ ગેસના ઉત્પાદનમાં નંબર-૧ થઈ ગયું છે.

અમેરિકાની આઝાદીને સુરક્ષિત રાખવા માટે અમે મિલિટ્રીમાં ૨.૨ ટ્રિલિયન ડોલર(૧૫૬ લાખ કરોડ રૂપિયા)નું રોકાણ કર્યું છે. અમે અમેરિકામાં જ બનેલા વિમાન, મિસાઈલ, રોકેટ, શિપ અને ઘણી સારી વસ્તુઓ ખરીદી છે. ટ્રમ્પે મિલિટ્રીમાં રોકાણના જે આંકડાઓ જણાવ્યા તે ભારતની અર્થવ્યવસ્થાથી ઘણા વધારે છે.

કેન્દ્રના ચાલુ બજેટમાં ૪૪૦૦ કરોડની ફાળવણી કરાઇ

દર ત્રણ મિનિટે એક બાળકનું વાયુ પ્રદૂષણથી મોત થાય છે...!!

ન્યુ દિલ્હી

ગરીબી, બેકારી, ભૂખમરો અને કોરોના વાઇરસ જેવી સમસ્યાઓ વચ્ચે એક ખાસ્સી મોટી સમસ્યા વિસરાઇ જવાય છે. એ છે વાયુ પ્રદૂષણ. એકલા ભારતમાં દર ત્રણ મિનિટે એક બાળક વાયુ પ્રદૂષણથી મરણ પામે છે.

ચાલુ વર્ષના બજેટમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે પર્યાવરણના રક્ષણ માટે ૪૪૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. ગયા વર્ષે માત્ર ૪૬૦ કરોડની ફાળવણી થઈ હતી. આ વરસે દસ ગણી વધુ રકમ ફાળવવી પડે એ દર્શાવે છે કે દેશમાં વાયુ પ્રદૂષણની સમસ્યા કેટલી ગંભીર છે.

પર્યાવરણવિદો કહે છે કે વાયુ પ્રદૂષણ વધારીને શ્રીમંત થઇ જવાનું આપણા દેશમાં સાવ સરળ છે પરંતુ એવી કમાણીના કારણે જે સમસ્યા સર્જાય છે એનું કોઇ નિરાકરણ નથી. દિલ્હી સહિત ઘણાં વિસ્તારો અને રાજયોમાં નાગરિકોને શુદ્ધ પ્રાણવાયુ પણ મળતો નથી. બીજી ચીજોની વાત તો પછી આવે.

વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ વગેરે અનેક પ્રદૂષણથી દેશનું વાતાવરણ ઝેરી બની રહ્યું છે. એકલા ભારતમાં દર વરસે પ્રદૂષણના પાપે દસ લાખ લોકો મરણ પામે છે એટલે કે દર ત્રણ મિનિટે એક બાળક પ્રદૂષણનો ભોગ બને છે.

વિકાસના નામે આખાં ને આખાં જંગલો કાપી નખાય છે, નદીઓનાં નીરમાં ઝેરી રસાયણો ઠલવાય છે. હવામાં ઝેરી વાયુનો ઉમેરો કરાય છે. એકલી સરકાર આ સમસ્યાને દૂર કરી શકે નહીં. લોકોનો સંપૂર્ણ સહકાર આ દિશામાં અનિવાર્ય છે એમ પર્યાવરણ નિષ્ણાતો કહે છે.

૨૦૧૯માં એવાં ૧૨૨ શહેરો અલગ તારવવામાં આવ્યાં હતાં જ્યાં નાગરિકોને શુદ્ધ હવા મળતી નથી. હવામાં ઝેરી પ્રદૂષણ હોય છે.

મરાઠા અનામત આંદોલન: સુપ્રીમ કોર્ટમાં ૧૭ માર્ચે સુનાવણી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં આગામી ૧૭ માર્ચે મરાઠા અનામત અંગને સુનાવણી કરવામાં આવશે. આ અંગે કોર્ટે કહ્યું હતું કે, ૧૭ માર્ચ બાદ આ મામલાને સ્થગિત રાખવામાં આવશે નહીં. બુધવારે ન્યાયધીશ અરૂણ મિશ્રાએ સુપ્રીમ કોર્ટની બેન્ચને કહ્યું હતું કે, "મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણ મર્યાદા ૫૦ ટકા સુધી વધારવા અંગે વચગાળાનો હુકમ કરવામાં આવશે નહીં."

કેસ બંધ કરતાં પહેલાં પીડિતને સાંભળવા જરૂરી: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપતાં કહ્યું છે કે કોઈ અપરાધીક કેસને બધં કરવાના પોલીસના રિપોર્ટને સ્વીકાર કરતાં પહેલાં પીડિતને નોટિસ આપવી જરૂરી છે. મેજિસ્ટ્રેટ દ્વારા જો તેને નોટિસ આપવામાં આવી નથી તો તેને અરજી દાખલ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. જસ્ટિસ એમ.એમ.શાંતનાગૌડર અને આર.એસ.રેડ્ડીની પીઠે કહ્યું કે અમે હાઈકોર્ટના આદેશમાં કશું ખોટું નથી જોતાં જેમાં હાઈકોર્ટે મેજિસ્ટ્રેટને આદેશિત કર્યા છે કે તે પ્રોટેસ્ટ અરજી પર સુનાવણી કરે. કોર્ટે કહ્યું કે અમે સ્પષ્ટ કરીએ છીએ કે સંબંધિત મેજિસ્ટ્રેટ પ્રોટેસ્ટ અરજી પર અરજીકર્તાને પણ સાંભળશે અને નિર્ણય લેશે કે સમન્સ જારી કરવું જોઈએ કે નહીં. કોર્ટે કહ્યું કે યારે પોલીસ મેજિસ્ટ્રેટ સમક્ષ વચગાળાનો રિપોર્ટ દાખલ કરે છે તો મેજિસ્ટ્રેટ તેમાં થયેલા અપરાધને ધ્યાન પર લ્યે છેઅથવા પૂરાવાના અભાવમાં કાર્યવાહી સમા કરે છે તો આવી સ્થિતિમાં તે પીડિત અથવા ફરિયાદીને નોટિસ આપશે.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના **PRESS પ્રતિનિધિ** બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને

પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે **PRESS પ્રતિનિધિ** બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850

www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)

ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

Market4u

૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

Market4u

બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ

WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ખુબ મુશ્કેલરૂપ ફરજ છે

આ ખરેખર ચિંતાજનક બાબત છે કે સિયાચીન જેવા જટિલ સ્થળો પર ફરજ બજાવી રહેલા ભારતીય જવાનોને ખાવાપીવા અને અન્ય જરૂરી ચીજો મળી રહી નથી. આ પ્રકારના હેવાલ વચ્ચે સિયાચીનમાં માઈનસ ૨૬ ડિગ્રીમાં તૈનાત ભારતીય જવાનનુ મોત થયુ છે. ઉત્તરાખંડના નિવાસી રમેશ બહુગુણાનુ સિયાચીન સેક્ટરમાં ફરજ વેળા મોત થયુ છે. રમેશ બિમાર થયા બાદ તેમને ચંગીગઢની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બહુગુણા મહાર રેજિમેન્ટના જવાન તરીકે હતા. સાથે સાથે ટિહરી જિલ્લાના ચંબા ક્ષેત્રમાં સબલી ગામના નિવાસી હતા. જવાનના પરિવારના સભ્યોનુ કહેવુ છે કે જોરદાર ઠંડી અને ઓક્સીજનની કમીના કારણે રમેશ બિમાર થઈ ગયા હતા. કેગના હેવાલમાં વિગત સપાટી પર આવ્યા બાદ ચારેબાજુ સંબંધિત વિભાગની ટિકા થઈ રહી છે. બીજી બાજુ સેનાના વડાએ કહ્યુ છે કે આ અહેવાલ ખુબ જુના છે. જવાનોને પુરતી સુવિધા આપવામાં આવી રહી છે. જો કે એક બાબત તો સ્પષ્ટ છેકે હજુ જવાનોને વધારે સારી સુવિધા આ પરિસ્થિતીમાં મળે તે જરૂરી છે. કારણ કે સિયાચીન ખાતે પારો માઈનસ ૨૬ સુધી પહોંચી ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સિયાચીન, લડાખ અને ડોકલામ જેવા પહાડી વિસ્તારોમાં તૈનાત રહેલા જવાનો છેલ્લા પાંચ વર્ષોમાં જરૂરી સાધનોની તકલીફ અનુભવી રહ્યા છે. રેશનિંગની પણ આવિસ્તારમાં તકલીફ હોવાની વિગત ખુલી છે. બરફના વિસ્તારોમાં ખતરનાક સમસ્યાથી આંખને બચાવી લેવા માટે સ્નો ગોગલ્સનમી ૬૨ ટકા જેટલી કમી રહેલી છે. જવાનોને મલ્ટી પરપજ બુટ મળી રહ્યા નથી. યોગ્ય બુટ મળી રહ્યા નથી જેથી જુના બુટથી ચલાવવાની ફરજ પડી રહી છે. ખરીદી પ્રક્રિયામાં વિલંબના કારણે સૈનિકોની સુરક્ષા અને સાફ સફાઈ પર ખરાબ અસર થઈ રહી છે. ભોજન પણ ઓછા પ્રમાણના કેલરી સાથે મળે છે. સ્વદેશીકરણમાં નિષ્ફળતાના કારણે ચીજોની આયાત કરવાની ફરજ પડી રહી છે. દરમિયાન સેન્ય અધિકારી કહે છે રિપોર્ટ ૨૦૧૫-૧૬થી ૨૦૧૮-૧૯ વચ્ચેનો છે. હવે ચીજોમાં સુધારો લાવવામા આવી રહ્યો છે. ચીજોમાં કેટલો સુધારો થયો છે તે અંગેની માહિતી તો હવે નવા કેગના રિપોર્ટથી થઈ શકશે. માનવી આવાસની દ્રષ્ટિએ સૌથી જટિલ સ્થિતી પૈકી એક સિયાચીન ખાતે સૈનિકો ૨૪ કલાક ચુસ્ત રહે છે. સાવધાન રહે છે. આવી જટિલ સ્થિતીને જવાનોને દિવસમાં બે વખત પેટ્રોલિંગ કરવાની ફરજ પડે છે. વર્તમાન સરકારે પોતાના એજન્ડામાં રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાથમિકતા આપી છે ત્યારે અહીં વધારે ધ્યાન આપવાની જરૂર છે. નાગરિકોમાં સેનિકો પ્રત્યે માન સન્માન વધારી દેવા અને સંવેદના વધારી દેવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે સેનામાં ટોપના સ્તર પર માળખાગત સુધારા કરવાની જરૂર દેખાઈ રહી છે. આની શરૂઆત થઈ છે. સંગઠન અને કામકાજની ખામી દુર કરવામાં આવી રહી છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂંક પણ હાલમાં કરવામાં આવી છે. કેગના રિપોર્ટને લઈને ચારેબાજુ ચર્ચા ચાલી રહી છે. સરકાર સામે પણ સવાલો થયા છે.

સિયાચીન જેવા વિસ્તારમાં જવાનોને પુરતી ચીજો મળી રહી નથી તે બાબત ચિંતાજનક

ઘરની અંદર અને બહારના વાયુ પ્રદુષણથી વર્ષે ૭૦ લાખના મોત

પર્યાવરણીય પ્રદુષણ જીવલેણ બન શકે

પર્યાવરણીય પ્રદુષણ અમારા આરોગ્ય પર ખતરનાકરીતે નુકસાન કરી રહ્યુ છે : આજે દરેક ચીજો પ્રદુષિત થઈ છે જેથી બિમારીઓ વધી



થોડાક સમય પહેલા આવેલા સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી હતી. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ હતુ કે પર્યાવરણીય પ્રદુષણના કારણે ભારે નુકસાન થઈ રહ્યુ છે. પર્યાવરણીય પ્રદુષણ જીવલેણ બની શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ઘરની અંદર અને ઘરની બહાર થનાર પ્રદુષણના કારણે દર વર્ષે આશરે ૭૦ લાખ લોકોના સમય કરતા પહેલા મૃત્યુ પામે છે. જે પૈકી છ લાખ તો બાળકો હોય છે. આ જાણકારીના આધાર પર અમે અંદાજ લગાવી શકીએ છીએ કે પર્યાવરણ પ્રદુષણ કઈ રીતે અમારા આરોગ્ય માટે ઝેર સમાન છે. આજે હવાથી લઈને પાણી, ફળ, દરરોજ ઉપયોગ કરવામાં આવતી ચીજો પ્રદુષિત થઈ રહી છે. સાથે સાથે કેટલાક પ્રકારની બિમારીના ઘર બની રહી છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે પ્રદુષિત હવામાં શ્વાસ લેવાના કારણે માત્ર શ્વાસ સંબંધિત બિમારીઓ જ હોતી નથી બલ્કે મૃત્યુને આમંત્રણ આપે છે. જ્યારે વાયુમાં પ્રદુષક તત્વોની સંખ્યા વધારે પ્રમાણમાં વધી જાય છે ત્યારે શ્વાસ લેવાની તકલીફની સાથે સાથે કેટલીક અન્ય તકલીફ થાય છે. જેમાં આંખમાં બળતરા અને ખણનો સમાવેશ થાય છે. અસ્થમા ઉપરાંત શ્વાસ સંબંધિત કેટલીક બિમારી થાય છે. વર્ષ ૨૦૧૭માં વાયુ પ્રદુષણથી આશરે ૧૨.૪ લાખ લોકોના મોત થયા હતા. આજે લોકો ટેન્સન, ડિપ્રેશન, ડાયાબિટીસ અને હાર્ટ અટેકનો શિકાર થઈ રહ્યા છે. આ તમામ બિમારી માટે કારણ તરીકે વાયુ પ્રદુષણ છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે પરિવહન સાથે સંબંધિત પ્રદુષણના કારણે બાળકોના દિમાગ પર માઠી અસર થાય છે. કેટલાક પ્રકારના માનસિક વિકારનો આના કારણે જન્મ થાય છે. એક અન્ય અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે પ્રદુષણના કારણે મિસકેરેજનો પણ ખતરો રહે છે. વાયુના પ્રદુષણ થવા માટે કેટલાક કારણો રહેલા છે. જેમાં મુખ્ય રીતે ફેક્ટરીઓ અને કારખાનામાંથી નિકળતા ધુમાડા, સસ્પેન્ડેડ પાર્ટિક્યુલેટ મેટર, સીસા અને નાઈટ્રોજન ઓક્સાઈડના કારણે પ્રદુષણ ફેલાય છે. પર્યાવરણને પ્રદુષિત કરવામાં કચરાની પણ મુખ્ય ભૂમિકા રહે છે. જુદી જુદી જગ્યાએ કચરાને સળગાવી દેવામાં આવે છે. સાથે સાથે તેનો વિવિધ જગ્યાએ ફેંકવાના કારણે પણ અસર થાય છે. આના કારણે હાનિકારક ગેસ પેદા થાય છે. સ્વચ્છ હવાની સાથે સાથે તે અંદર મિક્સ થઈને તેને ઝેરી બનાવી નાંખે છે. જે રીતે સ્વસ્થ જીવન જીવવા માટે સ્વચ્છ હવાની જરૂર હોય છે તે રીતે સ્વચ્છ પાણીની પણ જરૂર હોય છે. કહેવામાં આવે છે કે જળ જ જીવન તરીકે છે. જો કે આજે આ જ જળ કેટલીક પ્રકારની બિમારીને જન્મ આપે છે. તેનુ કારણ પાણીનુ પ્રદુષણ છે. પર્યાવરણીય પ્રદુષણને મજબુત ઈચ્છાશક્તિ સાથે રોકી શકાય છે. પ્રદુષિત હવાના કારણે તમામ ગંભીર બિમારી જન્મ લેતી હોય છે. પર્યાવરણીય પ્રદુષણને રોકવા માટે સતત સારા પગલા જરૂરી હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર વિવિધ પગલા પર્યાવરણીય પ્રદુષણને રોકવા માટે લઈ રહી છે. જુદા જુદા રાજ્યો દ્વારા પણ પોતાની રીતે પહેલ કરવામાં આવી રહી છે. દેશના મોટા ભાગના વિસ્તારોમાં આજે પણ પુરતા પ્રમાણમાં કચરાના નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે આ પ્રકારના પ્રદુષણને રોકવામાં સફળતા મળતી નથી. સાથે સાથે આમાં વધારો થાય છે. કચરાના ઢગ જુદા જુદા શહેરોમાં મોટા પાયે જોઈ શકાય છે. આના કારણે ખતરનાક ગેસ પેદા થાય છે. જે હવામાં ફેલાય છે અને શરીરને નુકસાન કરે છે. પાણીને પણ શુદ્ધ રાખવા માટે સાવચેતીની સાથે સાથે નિયમિત પ્રયાસ જરૂરી છે. પાણીના સોર્સને શુદ્ધ રાખવાની જરૂર છે. પર્યાવરણમાં પ્રદુષણને ફેલાવતા અન્ય તત્વોની પણ ભૂમિકા રહેલી છે. મોટા પાયે ઔદ્યોગિકરણ અને શહેરીકરણની ઝડપી ગતિ પણ આના માટે કેટલાક અંશે જવાબદાર છે. કારણ કે શહેરીકરણ અને વિકાસના નામે મોટા પાયે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. જેથી વાયુ શુદ્ધ કરવાના સાધન ઘટી જાય છે. દેશના જુદા જુદા ભાગોમાં મોટા પાયે વૃક્ષારોપણ કરીને પર્યાવરણીય પ્રદુષણને રોકવામાં મદદ કરી શકાય છે.

રિસાયકલ્ડ પ્લાસ્ટિકની બેંચો તૈયાર કરાઈ

પ્લાસ્ટિક પ્રદુષણ રોકવા પહેલ

પ્લાસ્ટિકના કારણે ફેલાતા પ્રદુષણને રોકવા માટે હવે પશ્ચિમી રેલવે દ્વારા રોચક પહેલ કરવામાં આવી છે. જેની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. મુબંઈમાં પશ્ચિમી રેલવે દ્વારા આ નવી અને રોચક પહેલ કરી છે. અહીંના ચર્ચગેટ સ્ટેશન સંકુલમાં પશ્ચિમી રેલવે દ્વારા યાત્રીઓ માટે રિસાયકલ્ડ પ્લાસ્ટિકથી બનેલી ત્રણ બેંચ સ્થાપિત કરવામાં આવી છે. પશ્ચિમી રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે પ્રથમ વખત રિસાયકલ્ડ પ્લાસ્ટિકનો ઉપયોગ કરીને સ્ટેશન સંકુલમાં યાત્રીઓની સુવિધા માટે નવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સુવિધા ચર્ચગેટના પ્લેટફોર્મ નંબર બં અને ત્રણ પર કરવામાં આવી છે. પશ્ચિમી રેલવેના ઉપનગરીય નેટવર્ક પર ચર્ચગેટ એક મહત્વપૂર્ણ સ્ટેશન તરીકે છે. અધિકારીઓના કહેવા મુજબ આ બેંચે કોઈ ખાનગી કંપની દ્વારા ચલાવવામાં આવી રેહલા પ્લાસ્ટિક બોટલ એકત્રિત કરવાના અભિયાનના ભાગરૂપે છે. આ તમામ બેંચો પોસ્ટ કન્ઝ્યુમર મિક્સ પ્લાસ્ટિક જેવા બહુપરતીય પ્લાસ્ટિક (એમએલપી) તેમજ પ્લાસ્ટિકની થેલીઓ સાથે બનાવવામાં આવી છે. આ પહેલની સાથે પશ્ચિમી રેલવે દ્વારા એક નવો દાખલો પણ બેસાડી દેવામાં આવ્યો છે. સરકારે પર્યાવરણ સંરક્ષણ અભિયાનની શરૂઆત કરી છે. રેલવેના આ અભિયાનને ટેકો પણ આપવામાં આવી રહ્યો છે. જાણકાર લોકોએ માહિતી આપતા કહ્યુ છે કે એક બેંચના નિર્માણમાં આશરે ૪૦-૫૦ કિલોગ્રામ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બહારના સ્થળો માટે આ બેંચ જળવિરોધક અને ઉપયોગી તરીકે છે. રેલવે મંત્રાલય દ્વારા જ નહીં બલ્કે જુદા જુદા ક્ષેત્ર અને અન્યો દ્વારા તેની પ્રશંસા કરવામાં આવી રહી છે. સરકારે કબુલાત કરતાકહ્યુ છે કે આ બેંચ ઠોસ અને મજબુત છે. જે અમારા પર્યાવરણને કોઈ પણ પ્રકારના સંક્રમણથી રોકશે. આ બેંચ મજબુત અને વજનદાર પણ છે. પશ્ચિમ રેલવેના અધિકારી રાજીવ સિંહલે કહ્યુ છે કે આ પહેલ તમામ માટે એક સંદેશ આપે છે. જે દર્શાવે છે કે તમામ હિત ધરાવતા લોકો પર્યાવરણ સંરક્ષણ અને જતનમાં પોતાની ભૂમિકા અદા કરી શકે છે. થોડાક દિવસ પહેલા પશ્ચિમ રેલવેના સ્ટેશનો પર ચલાવવામાં આવેલા ૧૫ દિવસના અભિયાનને પણ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ સાફ સફાઈ અભિયાન હેઠળ ૧૦૯ ટન બિનઉપયોગી પ્લાસ્ટિકનો જથ્થો એકત્રિત કરવામાં આવ્યો હતો. પર્યાવરણને લગતી આ પ્રકારની ઝુંબેશ ભવિષ્યમાં પણ મોટા પાયે ચલાવવામાં આવનાર છે.

ભારતમાં કુલ ૩૫૧૮ કરોડ વૃક્ષો : વન્યોની કાપણીથી નુકસાન

ભારતમાં પ્રતિ વ્યક્તિ માત્ર ૨૨ વૃક્ષો

ભારતમાં પર્યાવરણ સંતુલનની દ્રષ્ટિએ પુરતા પ્રમાણમાં વૃક્ષો હજુ રહેલા નથી : પ્રતિ વ્યક્તિ વૃક્ષોના મામલે દુનિયામાં ભારત ખુબ પાછળ છે



દેશમાં વૃક્ષોના નિકંદનને લઈને હમેંશા ચર્ચા રહે છે. આને લઈને કેટલાક સામાન્ય બુદ્ધીજીવી લોકો દ્વારા વારંવાર વાંધો ઉઠાવવામાં આવે છે. ઝડપી શહેરીકરણ અને વિકાસના નામે મોટા પાયે વૃક્ષોને કાપવામાં આવી રહ્યા છે. જુના વૃક્ષો કાપવામાં આવ્યા બાદ નવા વૃક્ષો પુરતા પ્રમાણમાં લગાડવામાં આવી રહ્યા નથી. જેના કારણે એક પ્રકારની જટિલ અને ગંભીર સમસ્યા છેલ્લા કેટલાક સમયથી સપાટી પર આવી રહી છે. ભારતની વાત કરવામા આવે તો ભારતમાં કુલ ૩૫૧૮ કરોડની આસપાસ વૃક્ષો રહેલા છે. ક્ષેત્રફળની દ્રષ્ટિએ જોવામાં આવે તો પ્રતિ સ્કવેયર કિલોમીટર કુલ ૧૧૧૦૯ વૃક્ષો રહેલા છે. જો વાત પ્રતિ વ્યક્તિ વૃક્ષોની કરવામાં આવે તો આ આંકડો માત્ર ૨૮ ઉપર આવીને રોકાઈ જાય છે. આ ત્રણ માપદંડના આધાર પર અમારી વૈશ્વિક રેન્કિંગ ક્રમશ ૧૭ અને ૧૦૩મી રહેલી છે. તેમજ ૧૨૫મી રહેલી છે. કેટલીક એવી જ સ્થિતી અમારા પડોશીઓની પણ રહેલી છે. ભારતની વાત કરવામાં આવે તો પર્યાવરણ સંતુલનની દ્રષ્ટિએ પુરતા પ્રમાણમાં વૃક્ષો રહેલા નથી. ભારત પ્રતિ વ્યક્તિ વૃક્ષોની સંખ્યાના મામલે હાલમાં દુનિયામાં ૧૫૧ દેશોની યાદીમાં ૧૨૫માં સ્થાને છે. જે સાબિત કરે છે કે વૃક્ષોના ઉગાડવા મામલે ભારત કેટલા પ્રમાણમાં ઉદાસીન છે. આ મામલે પડોશી દેશ પણ વધુ સારી સ્થિતીમાં દેખાતા નથી. પર્યાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઈડને ઘટાડી દેવામાં વૃક્ષોની સૌથી મોટી ભૂમિકા રહેલી છે. કાર્બન ડાઈઓક્સાઈડને ઘટાડી દેવામાં મોટી ભૂમિકા અદા કરનાર એમેઝોન વર્ષા વન્ય આગની ચપેટમાં છે. સાથે સાથે કૃષિ ભૂમિ તૈયાર કરવા માટે તેની રેકોર્ડ લેવલ પર કાપણી કરવામાં આવી રહી છે. વન્યોની કાપણી આડેધડ કરવામાં આવી રહી છે. વન્ય વિસ્તારોની કાપણી વૈશ્વિક ચિંતાનો તો વિષય છે પરંતુ મોટા ભાગના દેશ વન્યોને બચાવવા માટે અને નવા વૃક્ષો લગાવવા માટે ગંભીરતા સાથે આગળ આવી રહ્યા નથી. ચીનને છોડી દેવાં આવે તો અમારા પડોશી દેશ પણ સારી સ્થિતીમાં નથી. ચીન ૧૭૭૫૨ કરોડ વૃક્ષોની સાથે યાદીમાં પાંચમાં સ્થાને છે. શ્રીલંકા ૨૪૪ કરોડ વૃક્ષોની સાથે ૮૨માં સ્થાને છે. આવી જ રીતે પાકિસ્તાન ૯૯ કરોડ વૃક્ષોની સાથે ૧૦૫માં સ્થાને છે. બાંગ્લાદેશ ૯૬ કરોડ વક્ષોની સાથે ૧૦૭માં સ્થાને છે. જો વાત પ્રતિ વ્યક્તિ વૃક્ષોની કરવામાં આવે તો આ યાદીમાં ચીન ૧૩૦ વૃક્ષોની સાથે યાદીમાં ૯૪માં, શ્રીલંકા ૧૧૮ વૃક્ષોની સાથે યાદીમાં ૯૭માં સ્થાને અને બાંગ્લાદેશ માત્ર છ વૃક્ષોની સાથે ૧૩૭માં સ્થાને છે. પાકિસ્તાન માત્ર પાંચ વૃક્ષોની સાથે યાદીમાં ૧૩૮માં સ્થાને છે. મધ્યપૂર્વના સાત દેશોમાં પ્રતિ વ્યક્તિ એક કરતા પણ ઓછા વૃક્ષો છે. જેમાં સંયુક્ત અરબ અમિરાત તો એવા દેશ તરીકે છે જ્યાં પ્રતિ સ્કવેયર કિલોમીટર વૃક્ષોનો દર એક કરતા ઓછો છે. વૃક્ષોની સંખ્યાના મામલે રશિયા ૬૯૮૩૪ કરોડ, કેનેડા ૩૬૧૨૦ કોડ, બ્રાઝિલ ૩૩૮૧૬ કરોડ અને અમેરિકા ૨૨૨૮૬ કરોડ તેમજ ચીન ૧૭૭૫૩ કરોડ વૃક્ષોની સાથે ટોપના પાંચ દેશોમાં રહેલા છે. જો વાત જુદા જુદા મહાદેશોમાં પ્રતિ વ્યક્તિ વૃક્ષોની સંખ્યાની દ્રષ્ટિએ કરવામાં આવે તો ઉત્તરીય અમેરિકા મહાદેશમાં કેનેડા ૧૦૧૬૩, દક્ષિણ અમેરિકામાં બોલિવુયા ૫૪૮૦ , યુરોપમાં ફિનલેન્ડ ૫૫૬૭ એશિયા તેમજ ઓસિનિયામાં રશિયા ૪૮૫૬ જ્યારે આફ્રિકા મહાદેશમાં ગેબોન ૭૫૨૩ વૃક્ષોની સાથે પહેલા સ્થાને આવે છે.

અત્રે નોંધનીય છે કે ઉપરના રેન્કિંગમાં ૧૦ હજાર સ્કવેયર કિલોમીટરથી ઓછા ક્ષેત્રફળ તેમજ એક લાખ કરતા ઓછી વસ્તીવાળા દેશોને સામેલ કરવામાં આવ્યા નથી. આ દ્રષ્ટિએ કુલ ૧૫૧ દેશોના રેન્કિંગ તૈયાર કરવામાં આવ્યા છે. રેન્કિંગના આંકડા ચિંતા ઉપજાવે છે. કારણ કે વૃક્ષોની સંખ્યા ઘટી જવાના કારણે તેની પ્રતિકુળ અસર જળવાયુ પરિવર્તન પર થઈ શકે છે. સાથે સાથે વૃક્ષો જુદા જુદા વિસ્તારમાં વરસાદ લાવવામાં પણ ભૂમિકા અદા કરે છે.

ભવિષ્યમાં નવી આશા : વાળ પણ નહીં ખરે

કિમોથી વજન ઘટશે નહીં

કેન્સરની સારવારમાં કેટલીક નવી નવી ટેકનોલોજી આવી રહી છે. જેના કારણે સફળતાની ટકાવારી સતત વધી રહી છે. સાથે સાથે સાઈડ ઈફેક્ટસ પણ ઘટી રહી છે. ભવિષ્યમાં કિમોથેરાપીના કારણે દર્દીના વજનમાં કોઈ ઘટાડો થશે નહીં. સાથે સાથે વાળ પણ ખરી પડશે નહીં. ઈમ્યુનોથેરાપી નામની દવા રહેલી છે. આ દવા શરીરના એ હિસ્સાને ટાર્ગેટ કરે છે જ્યાં કેન્સર હોય છે. આ દવાથી માત્ર કેન્સરના સેલ જ મરે છે. હેલ્થી સેલ્સને નુકસાન થતુ નથી હજુ સુધી કિમોથેરાપીની અસર સંગ્ર શરીર પર થતી હતી. સારા સેલ્સ પણ મરી જતા હતા. જેના કારણે વાળ ખરી પડતા હતા. બળતરા થતા હતા. વજન ઘટી જતુ હતુ આ તમામ સાઈડ ઈફેક્ટસ કિમોથેરાપીમાં રહેતી હતી. આ ટેકનિકથી દેશમાં હાલમાં બ્લડ કેન્સરની સારવાર થઈ રહી છે. આગામી ચાર પાંચ વર્ષમાં બીજા કેન્સરમા પણ તેનો લાભ મળવાની શરૂઆત થઈ જશે. ૭૦ ટકા ગંભીર દર્દી પણ ઠીક થઈ રહ્યા છે. તમામ પ્રકારના કેન્સરના સીધા સંબંધ પેટના બેક્ટિરિયા સાથે છે. જ્યારે અમારી ખાવાપીવાની ટેવમાં ફેરફારની સ્થિતી હોય છે ત્યારે તેની અસર માઈક્રોબાયોમ પર થાય છે. જેથી કેન્સરની શક્યતા વધી જાય છે. હવે માઈક્રોબાયોમથી વેક્સીન બની રહી છે. જે કેન્સરના બેક્ટરિયાને ખતમ કરી શકશે. એચપીવી અને ટીબી વેક્સીન પણ તેના સ્વરૂપ તરીકે છે. એચપીવી વેક્સીનથી સર્વાઈકલ અને ટીવી વેક્સીનથી બ્લેડર કેન્સરથી બચી શકાય છે. જો કે આની ટ્રાયલ પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. તેને આવતા હજુ કેટલાક વર્ષ લાગી શકે છે. આ ઉપરાંત જીન થેરાપીથી બ્લડ સાથે જોડાયેલી બિમારીઓને દુર કરવામાં સફળતા મળશે. તેના મારફતે હાલમાં થેલેસિમિયા અને હિમોફિલિયાની સારવાર કરવામાં આવી રહી છે.

ફિલ્મી ગપસપ...



કાજલ અગ્રવાલના વેક્સ સ્ટેચ્યુનું સિંગાપોરના મેડમ તુસાદ વેક્સ સ્ટેચ્યુ મ્યુઝિયમમાં અનાવરણ થયું છે. આ સમ્માન મેળવનાર કાજલ પહેલી સાઉથ ઈન્ડિયન એક્ટ્રેસ છે.

પગથી પોતાની પેન્ટિંગ બનાવનાર દિવ્યાંગનું અમિતાભે ઘરમાં સ્વાગત કર્યું

મુંબઈ

દિવ્યાંગ આયુષ કુંડલે પોતાના પગથી અમિતાભ બચ્ચનનનું પેન્ટિંગ બનાવીને ટ્વીટ કર્યું હતું. અમિતાભ આ જોઈને એટલા ખુશ થઈ ગયા કે તેમણે આયુષ અને તેના આખા પરિવારને પોતાના ખર્ચે મુંબઈ પોતાના ઘરે બોલાવ્યા. અડધી કલાકની મુલાકાત બાદ અમિતાભે જ્યારે પૂછ્યું કે તમારી શું ઈચ્છા છે ત્યારે આયુષના ઈશારાને તેની માતા સરોજે અમિતાભને સમજાવ્યા કે તે હોટ સીટ પર બેસવા ઈચ્છે છે. અમિતાભે કહ્યું કે, કૌન બનેગા




કરોડપતિની સીઝન ૧૨માં તમને ગેસ્ટ બનાવશું. આયુષે પેન્ટિંગ બનાવીને ૧૦ જાન્યુઆરીએ ટ્વીટ કર્યું હતું અને તે વાઈરલ થયા. અમિતાભે આ પેન્ટિંગ ૧૨ જાન્યુઆરીએ ફેસબુક પેજ પર પોસ્ટ કરીને આયુષને મળવાની ઈચ્છા જતાવી હતી. ૩ ફેબ્રુઆરીએ અમિતાભ આયુષ અને તેના મામા, પિતા, માતા અને પડોશીને મુંબઈમાં મળ્યા. આયુષની માતા સરોજે તેની બધી વાત અમિતાભ બચ્ચનને સમજાવી હતી. આયુષે અમિતાભને ૧૦ પેન્ટિંગ આપ્યા. અમિતાભે કહ્યું કે, આયુષના પગથી પેન્ટિંગ બનાવવાના હોંસલાને સલામ છે. તે પ્રેરણાદાયક છે. આયુષ જન્મથી બોલી નથી શકતો અને તેના હાથ પગ પણ કામ નથી કરતા પરંતુ તે પગથી પેન્ટિંગ બનાવે છે. અમિતાભનું પેન્ટિંગ બનાવવામાં તેને ૮ દિવસ લાગ્યા હતા.



બોલિવૂડ એક્ટર અરમાન જૈનનાં વેડિંગ રિસેપ્શનમાં બોલિવૂડની અનેક હસ્તીઓ સામેલ થઈ હતી. જેમાં આલિયા ભટ્ટ પ્રેમી રણબીર કપૂર તથા નીતુ સિંહ સાથે આવી હતી. અર્જુન કપૂર તથા મલાઈકા અરોરા સાથે આવ્યા હતાં. મલાઈકા સલ્વ્રી રેડ સાડીમાં હતી જ્યારે અર્જુન ગ્રીન વેલ્વેટ આઉટફિટમાં હતો.

મારા-મારીવાળો પ્રેમ મારી સમજની બહાર છે : તાપસી પન્નુ



મુંબઈ

તાપસી પન્નુ સ્ટારર ફિલ્મ 'થપ્પડ' ૨૮ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થઈ રહી છે. તાપસીએ કહ્યું હતું કે કોઈએ તેને આ ફિલ્મ ઓફર કરી નહોતી પરંતુ તે જાતે જ આ મુદ્દા પર લાંબા સમયથી ફિલ્મ કરવા ઈચ્છતી હતી. મારે આ મુદ્દા પર આધારિત એક ફિલ્મ કરવી હતી. 'મુલ્ક'ના પ્રમોશન દરમિયાન ડિરેક્ટર અનુભવ સિંહા સમક્ષ મેં આવી ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા પ્રગટ કરી હતી. મેં તેમને કહ્યું હતું કે જો કોઈ આવી ફિલ્મ બનાવતું હોય તો તેઓ જરૂરથી કહે. જો તમે બનાવો તો એકદમ પર્ફેક્ટ રહેશે. અનુભવસરે કહ્યું હતું કે તેમના મગજમાં સ્ટોરીનો આઈડિયા છે અને જ્યારે પૂરી સ્ક્રિપ્ટ બની જશે ત્યારે તેઓ કહેશે. 'આર્ટિકલ ૧૫' પૂરી થતાં જ તેમણે મને 'થપ્પડ'ની સ્ક્રિપ્ટ આપી હતી.

પ્રેમમાં થપ્પડને લોકો સામાન્ય માને છે. એમ કહેવામાં આવે છે કે આમાં થોડી મારા-મારી તો ચાલે છે પરંતુ મને આ પ્રકારનો પ્રેમ ક્યારેય સમજમાં આવ્યો નથી, જે શારીરિક રીતે નુકસાન પહોંચાડે તેને પ્રેમ કેવી રીતે કહેવાય? તમે કોઈનું અપમાન કરો છો તો તેને પ્રેમ કહેવાય? સન્માન વગર પ્રેમ હોઈ શકે? આ મારી સમજની બહાર છે. તમે તમારા પાવરનો ઉપયોગ કરો, પછી ભલે તે પુરુષ સ્ત્રી પર હાથ ઉપાડે કે પછી સ્ત્રી પુરુષ પર હાથ ઉપાડે. આ ખોટું છે. સન્માન પ્રેમનો પાયો છે. જ્યારે આ જ ના હોય તો પ્રેમ લાંબા સમય સુધી ટકી શકતો નથી.

ગણેશ આચાર્ય પર તોળાતું સંકટ..!! બીજી મહિલાએ જાતીય સતામણીની ફરિયાદ કરી

મુંબઈ

સીનિયર બેકગ્રાઉન્ડ ડાન્સરે નેશનલ કમિશન ફોર વુમનમાં બોલિવૂડના જાણીતા કોરિયોગ્રાફર ગણેશ આચાર્યને લઈ ફરિયાદ કરી હતી. પીડિતાએ કહ્યું હતું કે ૯૦ના દાયકામાં ગણેશ આચાર્યે તેને સેક્સ્યુઅલી એબ્યૂઝ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે હજી અઠવાડિયા પહેલાં જ એક આસિસ્ટન્ટ ડાન્સરે ગણેશ આચાર્ય વિરુદ્ધ સેક્સ્યુઅલ હેરેસમેન્ટને લઈ પોલીસ ફરિયાદ કરી હતી. જોકે, ગણેશ આચાર્યે બંને ફરિયાદને ખોટી ગણાવી છે.

પીડિતાએ આગળ કહ્યું હતું, 'એક દિવસ આચાર્યે મને કહ્યું હતું કે ઓડિશન્સ માટે જાઈવ શીખવું ફરજિયાત છે અને તેણે મને તેના સાંતાક્રૂઝ ઈસ્ટ સ્થિત ક્લાસમાં બોલાવી હતી. તેનો આસિસ્ટન્ટ દિલીપ મને ખાર સબવેથી લેવા આવ્યો હતો અને ઈસ્ટ એન્ડ વેસ્ટ હોટલના પહેલાં માળે એક રૂમમાં લાવ્યો હતો. મને અહીં સુધી કંઈ પણ શંકાસ્પદ લાગ્યું નહોતું. આચાર્યે મને એમ કહ્યું કે દિલીપ સાઉન્ડ સિસ્ટમ તથા અન્ય સ્ટૂડન્ટ્સને લેવા ગયો હતો. જાઈવના શીખવવાના બહાને તેણે મને ગાલ તથા ગળા પર કિસ કરી હતી.' 'મેં જ્યારે વિરોધ કર્યો તો તેણે મને સીધી પલંગ પર ફેંકી દીધી હતી અને તેણે મને કહ્યું કે તે મારી સાથે રિલેશન બાંધવા ઈચ્છે અને લગ્ન કરવા માગે છે. હું સતત ના પાડતી હતી પરંતુ તે મારા આખા શરીર પર હાથ ફેરવતો હતો.

સની દેઓલનું ડિજિટલમાં ડેબ્યુ, 'જી ૪૯' વેબ સીરીઝમાં ચમકશે

સની દેઓલ રૂપેરી પડદે છેલ્લે ફિલ્મ 'બ્લેક'માં જોવા મળ્યો હતો. હવે તે ડિજિટલ ડેબ્યુ કરી રહ્યો છે. અભિનેતાએ વેબ સીરીઝનું શૂટિંગ મુંબઈના મઢ આઈલેન્ડમાં શરૂ કરી દીધું છે.

'જી ૪૯' નામની આ વેબ સીરીઝમાં સની તેના એકશન અવતારમાં જોવા મળશે. હાલ સની રૂપેરી પડદે કામ નથી કરી રહ્યો. તેણે તેના પુત્ર કરણ દેઓલને ફિલ્મ 'પલ પલ દિલ કે પાસ'થી બોલીવૂડમાં લોન્ચ કર્યો છે.

મધ્યપ્રદેશ સરકારે વહિદા રહેમાનને રાષ્ટ્રીય કિશોર કુમાર અવોર્ડથી સન્માનિત કર્યાં

મુંબઈ

મધ્યપ્રદેશ સરકારે ફિલ્મ એક્ટ્રેસ વહિદા રહેમાનનું 'કિશોર કુમાર સન્માન ૨૦૧૮'થી સન્માનિત કર્યા હતાં. મધ્ય પ્રદેશના સંસ્કૃતિ મંત્રી ડો. વિજયલક્ષ્મી સાધોએ વહિદા રહેમાનના મુંબઈ સ્થિત ઘરે જઈને તેમને સન્માનિત કર્યા હતાં. વહિદા રહેમાને કહ્યું હતું કે વિશિષ્ટ વન્ય જીવન તથા હરિયાળીને કારણે મધ્યપ્રદેશ તેમનું મનપસંદ રાજ્ય છે. વહિદાએ હાલમાં જ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી શરૂ કરી છે.

મંત્રી વિજયલક્ષ્મીએ વહિદા રહેમાનને બે લાખ રૂપિયા, શાલ-શ્રીફળ તથા પ્રશસ્તિ પત્રક આપીને સન્માનિત કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે ત્રણ ફેબ્રુઆરીના રોજ વહિદા રહેમાનનો ૮૨મો જન્મદિવસ હતો. ગયા વર્ષે ૧૩ ઓક્ટોબરના રોજ કિશોર કુમારની ૩૨મી ડેથ એનિવર્સરી પર ખંડવામાં આયોજીત એક ઈવેન્ટમાં વહિદા રહેમાનને સન્માનિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ એક્ટ્રેસની તબિયત સારી ના હોવાથી તેઓ હાજર રહી શક્યા નહોતાં.

રમત જગત વિશેષ

શૉ-અગ્રવાલે ડેબ્યૂ મેચમાં ઓપનિંગ કરી ઈતિહાસ રચ્યો



ન્યુ દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પ્રથમ વનડેમાં નવી ઓપનિંગ જોડીને મેદાન પર ઉતારી હતી. ત્રણ મેચોની વનડે સિરીઝની પ્રથમ મેચમાં ભારતે પૃથ્વી શો અને મયંક અગ્રવાલની ઓપનિંગ જોડીને મેદાન પર ઉતારી હતી. આ બંન્ને બેટ્સમેનોએ આ મેચથી પદાર્પણ કર્યું હતું. પ્રથમ મેચ રમવા ઉતરેલા બંન્ને બેટ્સમેનોએ ભારતીય ઈનિંગની શરૂઆત કરી આ ભારતીય ક્રિકેટના વનડે ઈતિહાસમાં માત્ર ત્રીજી વાર થયું છે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચોની વનડે સિરીઝનો પ્રથમ મુકાબલો બે ભારતીય બેટ્સમેનો માટે યાદગાર બની ગયો હતો. પૃથ્વી શો અને મયંક અગ્રવાલે ભારત તરફથી આ મેચમાં પ્રથમ વનડે મેચ રમી હતી. વનડે આંતરરાષ્ટ્રીયમાં પદાર્પણ કરનારા આ બંન્ને બેટ્સમેનોએ પ્રથમ મેચમાં મોટી જવાબદારી નિભાવી હતી. રોહિત શર્મા અને શિખર ધવનની ગેરહાજરીમાં પૃથ્વી અને મયંકે ઈનિંગની શરૂઆત કરી હતી.

પૃથ્વી શો અને મયંક અગ્રવાલે પદાર્પણ વનડેમાં ભારતીય ઈનિંગની શરૂઆત કરી હતી. આ ભારતીય વનડે ઈતિહાસમાં માત્ર ચોથીવાર થયું જ્યારે બે પદાર્પણ કરતા બેટ્સમેનોએ ઈનિંગની શરૂઆત કરી હોય. વર્ષ ૧૯૭૪માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ સુનીલ ગાવસ્કર અને સુધીર નાયકે ભારતીય ઈનિંગની શરૂઆત કરી હતી. આ બંન્ને બેટ્સમેનોની પ્રથમ વનડે મેચ હતી. વર્ષ ૧૯૭૬માં દિલિપ વેંગસરકરે પાર્થસાર્થીની સાથે મળીને ભારતીય ઈનિંગની શરૂઆત કરી હતી. આ બંન્ને બેટ્સમેનોની પદાર્પણ વનડે હતી અને પોતાની પ્રથમ મેચમાં નવી જોડીને ભારત માટે ઓપનિંગ કરવાની તક મળી હતી. વર્ષ ૨૦૧૬માં ઝિમ્બાબ્વેના પ્રવાસ પર ભારત માટે કેએલ રાહુલ અને કરૂણ નાયરે વનડેમાં પદાર્પણ કર્યું હતું. ત્યારે બંન્ને બેટ્સમેનોએ ભારતીય ઈનિંગની શરૂઆત કરી હતી.

ભારતના તોતિંગ ૩૪૮ રનના ટાર્ગેટ સામે ન્યૂઝીલેન્ડે ૧૧ બોલ પહેલાં વિજય મેળવ્યો

ટેલરની આંધી: પ્રથમ વન-ડેમાં ન્યૂઝીલેન્ડે ભારતને ૪ વિકેટે હરાવ્યું

શ્રેયસ અય્યરની સદી એળે,રાહુલે આક્રમક બેટિંગ કરી ૮૮ રન ફટકાર્યા,ભારતના સ્પિનરો ફ્લોપ કુલદિપે ૮૪ રન આપી બે વિકેટ મેળવી, ટેલરે અણનમ ૧૦૯ રનની વિજયી ઈનિંગ્સ રમી - બીજી વન-ડે ૮ ફેબ્રુઆરીએ ઓકલેન્ડ ખાતે રમાશે

ન્યુ દિલ્હી

રોસ ટેલર (૧૦૯★)ની સદી, હેનરી નિકોલ્સ (૭૮) ટોમ લાથમ (૬૮)ની શાનદાર ઈનિંગની મદદથી ન્યૂઝીલેન્ડે અહીં સેડોન પાર્કમાં રમાયેલી પ્રથમ વનડે મેચમાં ભારતને ૪ વિકેટે પરાજય આપીને ત્રણ મેચોની વનડે સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. ભારતે પ્રથમ બેટિંગ કરતા શ્રેયસ અય્યર (૧૦૩), રાહુલ (૮૮) અને વિરાટ કોહલી (૫૧)ની મદદથી ૫૦ ઓવરમાં ૪ વિકેટે ૩૪૭ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમે ૪૮.૧ ઓવરમાં ૬ વિકેટના ભોગે ૩૪૮ રન બનાવી મેચ પોતાના નામે કરી લીધી હતી. આ સિરીઝમાં ન્યૂઝીલેન્ડને પ્રથમ જીત મળી છે. આ પહેલા ભારતે ૫ મેચોની ટી૨૦ સિરીઝમાં ન્યૂઝીલેન્ડને ૫-૦થી



પરાજય આપ્યો હતો. વિશ્વકપની ફાઈનલ બાદ આ ન્યૂઝીલેન્ડની પ્રથમ વનડે મેચ હતી. સદી ફટકારનાર ટેલરને મેન ઓફ ધ મેચ અપાયો હતો.

ભારતે આપેલા વિશાળ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી કીવી ટીમને બંન્ને ઓપનર હેનરી નિકોલ્સ અને માર્ટિન ગુપ્ટિલે સારી શરૂઆત અપાવી હતી. બંન્નેએ પ્રથમ ૧૦ ઓવરના પાવરપ્લેમાં વિના વિકેટે ૫૪ રન બનાવ્યા હતા. ભારતને પ્રથમ સફળતા ૧૬મી ઓવરમાં મળી હતી. શાર્દુલ ઠાકુરે માર્ટિન ગુપ્ટિલ (૩૨)ને કેજાર જાધવના હાથે કેચઆઉટ કરાવ્યો હતો. કીવીના બંન્ને ઓપનરોએ ૮૫ રન જોડ્યા હતા. ત્યારબાદ કુલદીપ યાદવે પદાર્પણ કરી રહેલા ટોમ બ્લેંડલને રાહુલના હાથે સ્ટમ્પ આઉટ કરાવ્યો હતો. બ્લેંડલે ૯ રન બનાવ્યા હતા. કીવી ટીમને ત્રીજો ઝટકો હેનરી નિકોલ્સના રૂપમાં લાગ્યો હતો. નિકોલ્સ ૮૨ બોલમાં ૭૮ રન બનાવી રનઆઉટ થયો હતો. તેણે પોતાની ઈનિંગમાં ૧૧ ચોગ્ગા ફટકાર્યા હતા.

ન્યૂઝીલેન્ડે ૧૭૧ રન પર ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ ટોમ લાથમે ક્રીઝ પર આવીને રોસ ટેલરનો સાથ આપ્યો હતો. બંન્નેએ ચોથી વિકેટ માટે ૧૩૮ રનની ભાગીદારી કરી હતી. આ દરમિયાન રોસ યેલરે ૪૫ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. તો લાથમે ૩૮ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. ટીમનો સ્કોર ૩૦૯ રન હતો ત્યારે ટોમ લાથમ (૬૯) કુલદીપ યાદવનો શિકાર બન્યો હતો. લાથમે ૪૮ બોલમાં ૮ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. જેમ્સ નીશામ ૯ રન બનાવી શમીનો શિકાર બન્યો હતો. કોલિન ડિ ગ્રાન્ડહોમ માત્ર ૧ રન બનાવી રનઆઉટ થયો હતો.

ભારતના બંન્ને સ્પિનરો મોંઘા સાબિત થયા હતા. રવિન્દ્ર જાડેજાએ ૧૦ ઓવરમાં એકપણ વિકેટ ઝડપ્યા વિના ૬૪ રન આપ્યા હતા. તો કુલદીપ યાદવે ૧૦ ઓવરમાં ૮૪ રન આપીને બે સફળતા મેળવી હતી.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાએ ૫૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૩૪૭ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયા તરફથી શ્રેયસ અય્યરે પોતાના વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી હતી. અય્યરે પ્રથમ વનડે સદી કરિયરની ૧૬મી મેચમાં ફટકારી હતી. અય્યરે ૧૦૭ બોલમાં ૧૦૩ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૧૧ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો. આ સિવાય વિકેટકીપર કેએલ રાહુલે પાંચમાં ક્રમે બેટિંગ કરતા ૬૪ બોલમાં ૮૮ રનની ઈનિંગ રમી હતી. રાહુલે વનડેમાં પોતાની ૭મી અડધી સદી પૂરી કરી હતી. તેણે પોતાની ઈનિંગમાં ૩ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા હતા. આ સિવાય કેપ્ટન કોહલીએ ૫૧ રનનું યોગદાન આપ્યું હતું.

ભારતીય ક્રિકેટનું ભવિષ્ય સુરક્ષિત હાથોમાં છે : શોએબ અખ્તર

કરાંચી

પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે અન્ડર-૧૯ ટીમ વર્લ્ડ કપ સેમિફાઈનલમાં ભારતની પાકિસ્તાન પર જીત બાદ ભારતીય ખેલાડીઓની ભરપૂર પ્રશંસા કરી છે. રાવલપિંડી એક્સપ્રેસના નામથી જાણીતા અખ્તરે પ્રિયમ ગર્ગના નેતૃત્વ વાળી ભારતીય ટીમના શાનદાર પ્રદર્શન બાદ કહ્યું કે, ભારતીય ક્રિકેટ સુરક્ષિત હાથમાં છે.

શોએબે આ હાઈ પ્રેશર મેચમાં સદી ફટકારનાર યશસ્વી જયસ્વાલ માટે પણ મહત્વની વાત કહી છે. મંગળવારે ભારતે આફ્રિકામાં રમાઈ રહેલા અન્ડર-૧૯ વિશ્વકપની પ્રથમ સેમિફાઈનલમાં પાકિસ્તાનને ૧૦ વિકેટે પરાજય આપ્યો હતો. સુશાંત મિશ્રા, કાર્તિક



ત્યાગી અને રવિ બિશ્નોઈની શાનદાર બોલિંગના દમ પર ભારતે પહેલા પાકિસ્તાનને ૧૭૨ રન પર ઓલઆઉટ કરી દીધું અને ત્યારબાદ યશસ્વી જયસ્વાલ અને દિવ્યાંશ સક્સેનાએ સેનવેસ પાર્કમાં ૧૪.૪ ઓવર બાકી રહેતા લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. અખ્તરે ખાસ કરીને પાકિસ્તાનની ફીલ્ડિંગથી ખુબ નારાજ જોવા મળ્યો હતો. તેણે કહ્યું કે, આવું રમીને ટીમ આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચવા માટે ડિઝર્વ કરતી નથી.

ટોક્યો ઓલિમ્પિક : કોરોના વાઈરસનાં કહેરથી આયોજકો ચિંતામાં મુકાયા

ટોક્યો

ટોક્યો ઓલિમ્પિકના આયોજકોએ કહ્યું હતું કે ચીનમાં ઝડપથી ફેલાઈ રહેલા કોરોના વાઈરસથી હું ચિંતિત છું. ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકના પ્રારંભને છ મહિના કરતાં પણ ઓછો સમય રહ્યો છે ત્યારે આયોજકો ચીનના આ વાઈરસથી બહુ વધારે ચિંતામાં છે. આયોજન સમિતિના મુખ્ય અધિકારી તોશિરો મ્યુતોએ ઈન્ટરનેશનલ પેરાલિમ્પિક કમિટીના અધિકારીઓની સાથે બેઠક દરમ્યાન ચીનના કોરોના વાઈરસ અંગે ઘેરી ચિંતા દર્શાવી હતી. મને એ વાતનો બહુ ડર લાગે છે કે આ ચેપગ્રસ્ત ઘાતક બીમારી ઓલિમ્પિક રમતો પર દુષ્પ્રભાવ પાડી શકે છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે હું આશા રાખું છું કે આ બીમારી પર બહુ જલદી કાબૂ મેળવવામાં આવશે.

જે પિતા સવારે ઉઠીને ભાગવત ગીતા વાંચવાનું કહે શું તે આતંકવાદી હોઈ શકે

શું વિકાસ કરનારાને આતંકવાદી કહી શકાય?: કેજરીવાલની દિકરીનો સવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં મતદાનની તારીખ નજીક આવતા જ આરોપ-પ્રત્યારોપ સતત વધી ગયા છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આતંકી કહેવાની વિરૂદ્ધ હવે દીકરી હર્ષિતા ઉતરી છે. હર્ષિતા એ કહ્યું કે રાજકારણ ગંદુ છે, પરંતુ આ એક નવું સ્તર છે.

ભાજપના નેતાઓ પર નિશાન સાંધતા હર્ષિતા કેજરીવાલે કહ્યું કે શું લોકોને મફત સ્વાસ્થ્ય સુવિધા આપનાર આતંકવાદી હોઈ શકે છે. શું બાળકોને શિક્ષિત કરનાર આતંકવાદી હોઈ શકે છે. શું વીજળી અને પાણીના પુરવઠામાં સુધારો કરનાર આતંકવાદી હોઈ શકે છે.

હર્ષિતા કેજરીવાલે કહ્યું કે મને હજુ પણ યાદ છે કે દરરોજ જ્યારે અમે જાગતા હતા તો મારા ભાઈ, માતા, દાદા-દાદી અને હું સવારે ૬ વાગ્યે ભાગવદ ગીતા વાંચીએ છીએ અને વ્યક્તિથી વ્યક્તિના ભાઈચારાનું ગીત ગાઈએ છીએ. અમને આ અંગે ભણાવામાં પણ આવે છે. શું આ આતંકવાદ છે?

કેજરીવાલની દીકરીએ કહ્યું કે તેમની (ભાજપ) તરફથી આરોપ લગાવા દો. તેમને ૨૦૦ સાંસદ અને ૧૧ મુખ્યમંત્રી લાવવા દો. માત્ર અમે જ નહીં પરંતુ ૨ કરોડ સામાન્ય લોકો પણ ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. દિલ્હીની પ્રજા ૧૧ ફેબ્રુઆરીના રોજ નિર્ણય કરશે કે શું તેઓ આરોપો પર વોટ કરે છે કે પછી કામ પર. કેજરીવાલને પોતાની દીકરીને ચૂંટણી મેદાનમાં પ્રચાર માટે ઉતારવા પર ભાજપ પ્રવકતા સંબિત પાત્રાએ તેના પર નિશાન સાંધ્યું છે.

બેશર્મ પાકિસ્તાનઃ હોસ્પિટલે કોરોના વાયરસાના દર્દીની સારવારનો ઈન્કાર કર્યો

ઈસ્લામાબાદ

કોરોના વાયરસના કારણે ચીનમાંથી પરત ફરવા ઈચ્છુક લોકોને ત્યાંજ રહેવાની સલાહ આપવા પર હાંસીનું પાત્ર બનેલા પાકિસ્તાનનો વધુ એક અમાનવીય ચહેરો સામે આવ્યો છે.

પાકિસ્તાનની સરકાર એ રીતે બેરહેમ થઈ ગઈ છે કે તેને પોતાના નાગરિકોની જરાંય ચિંતા નથી. પાકિસ્તાનના હોસ્પિટલમાં ડૉક્ટરોએ કોરોના વાયરસથી પીડિત એક દર્દીની સારવાર કરવાનો ઈનકાર કરી દીધો અને તેને એક રૂમમાં તડપવા માટે બંધ કરી દીધો.

સિંધ સૂબેમાં કોરોના વાયરસનો એક શંકાસ્પદ દર્દી સામે આવતા હોસ્પિટલે તેની સારવાર કરવાની મનાઈ કરી દીધી છે. વુહાનમાં પેટ્રોલિયમ એન્જિનિયરિંગ કરી રહેલા શાહજેબ અલી રહૂઝા શનિવારે પોતાના મુલ્ક પહોંચ્યા હતા અને તેમનામાં કોરોના વાયરસના લક્ષણ જણાયા હતા. પીડિતના ભાઈ ઈરશાદે દાવો કર્યો છે કે શાહજેબની હાલત જોઈને ડૉક્ટરોએ તેને એક રૂમમાં બંધ કરીને તેને જે તે પરિસ્થિતિ પર છોડી દીધો છે.

જહાજમાં સવાર તમામ લોકોને પોતાના રૂમની અંદર જ રહેવાની સલાહ અપાઈ

૩૫૦૦ લોકોના જહાજને કોરોના વાયરસના ડરથી બંદર પર છોડાયું

ટોક્યો

જાપાનના એક ક્રૂઝને કોરોના વાયરસના ડરથી બંદર પર છોડી દેવામાં આવ્યું છે. જેમાં ૨૫૦૦ પ્રવાસીઓ અને ૧૦૦૦ ક્રૂ મેમ્બર્સ રહેલા છે. ક્રૂઝમાં હોંગકોંગની એક વ્યક્તિ કોરોના વાયરસથી સંક્રમિત જણાઈ હતી. ત્યારબાદ ઓફિસર્સે આ જહાજને બંદર પર જ અલગથી રાખવાનો નિર્ણય કર્યો છે. વાયરસને ફેલાતો અટકાવવા માટે જહાજમાં સવાર તમામ લોકોને પોતાના રૂમની અંદર જ રહેવાની સલાહ આપવામાં આવી છે.

જાપાન સરકારના પ્રવક્તા યોશિહિદે સુગાએ સોમવારના રોજ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું કે ડોક્ટર્સને જહાજમાં પ્રવાસીઓની તપાસ કરવા માટે મોકલી દેવાયા છે જેથી તે અંગે જાણકારી મળી શકે કે જહાજ પર રહેલા પ્રવાસીઓમાંથી કેટલા પ્રવાસીઓ આ રોગના ભરડામાં ફસાયેલા છે.

પ્રાપ્ય જાણકારી પ્રમાણે ૨૫ જાન્યુઆરીના દિવસે જહાજમાં સવાર થયેલા એક ૮૦ વર્ષીય પ્રવાસીનો ટેસ્ટ રિપોર્ટ કોરોના વાઈરસ પોઝિટિવ આવ્યો હતો. એવામાં બાકીના પ્રવાસીઓ પર પણ કોરોના વાયરસ ફેલાવવાનો ભય છે. જાપાનમાં હજી સુધી કોરોના વાયરસના ૨૦ મામલા પ્રકાશમાં આવ્યા છે.

જહાજમાં સવાર એક મહિલાએ સ્થાનિક ટીવી ચેનલને જણાવ્યું કે તે તેની માતાની સાથે છે. અધિકારીઓએ તમામ પ્રવાસીઓને પોતાના રૂમમાં રહીને વાયરસ ટેસ્ટિંગની રાહ જોવા માટે કહ્યું છે. અમે સોમવાર સવારથી અમારા ટેસ્ટિંગ માટે કોઈ આવશે તેની રાહ જોઈને બેઠા છીએ પરંતુ આજે મંગળવાર થઈ ગયો છતા હજી સુધી કોઈ અમારા લોહીનો નમૂનો લેવા માટે નથી આવ્યું.

ભારતે ચીનથી આવતા વિદેશીઓના વિઝા નિયમ કડક કર્યા

કોરોના વાયરસનો આતંકઃ ચીનમાં મૃતાંક ૪૯૦ને પાર

બેઇજિંગ

ભારતે મંગળવારે ચીન નાગરિકો અને છેલ્લા બે સપ્તાહમાં ચીન ગયેલા વિદેશઓના વિઝા રદ કરીને નિયમો કડક બનાવી દીધા છે. ૨ ફેબ્રુઆરીએ ભારતે ચીન યાત્રીઓ અને ચીનમાં રહેતા વિદેશી નાગરિકો માટે ઈ-વિઝાની સુવિધા પર અસ્થાયી પ્રતિબંધ લગાવી દીધો છે. ચીનમાં કોરોના વાઈરસના કારણે મંગળવારે ૬૫ લોકોના મોત થયા હોવાનો રિપોર્ટ નોંધવામાં આવ્યો છે. દરેક વુહાન શહેરના હતા. દેશમાં અત્યાર સુધી કુલ ૪૯૦ લોકોના મોત થયા છે.

ચીનના સ્વાસ્થય અધિકારીઓએ બુધવારે જણાવ્યું છે કે, દેશના ૩૧ રાજ્યોમાં ૨૪,૩૨૪ કેસ નોંધાયા છે. મંગળવારે કોરોના વાઈરસ ઈન્ફેક્શનના ૩,૮૮૭ કેસ નોંધાયા છે. તેમાં ૪૩૧ વ્યક્તિની સ્થિતિ ગંભીર છે. જયારે ૨૬૨ લોકોને સારુ થયા પછી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ચીનમાં સોમવારે ૧૦૦૦ બેડની મેકશિફ્ટ હોસ્પિટલ ખોલવામાં આવી છે. અન્ય એક ૧૩૦૦ બેડની હોસ્પિટલ બુધવાર સુધીમાં તૈયાર થઈ જશે. બંને હોસ્પિટલોમાં હજારો ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફ તહેનાત કરવામાં આવ્યો છે.

હોંગકોંગથી જાપાનના યોકોહામા પહોચેલા પેસેન્જર ક્રૂઝમાં ૧૦ લોકોને કોરોના વાઈરસનું ઈન્ફેક્શન હોવાનું સામે આવ્યું છે. ક્યોદો સમાચાર એજન્સી પ્રમાણે જાપાનના સ્વાસ્થય મંત્રી કટસુનોબુ કોટોએ પત્રકારને જણાવ્યું છે કે, પેસેન્જર ક્રૂઝ પર જે ૧૦ લોકોમાં કોરોના વાઈરસનું ઈન્ફેક્શન જોવા મળ્યું છે તેમને હોસ્પિટલ મોકલી દેવામાં આવ્યા છે. આ સિવાય સ્વાસ્થય મંત્રીએ દરેક યાત્રીઓને ૧૪ દિવસ સુધી જહાજ પર જ રહેવા કહ્યું છે. જહાજમાં ૩૭૦૦ લોકો ફસાયેલા છે. તેમાં ૨૬૬૬ મુસાફરો અને ૧૦૪૫ ક્રૂ મેમ્બર્સ છે.

કોરોના વાયરસઃ કેરળમાં ૨૪૦૦થી વધુ લોકો દેખરેખ હેઠળ

કેરળમાં મંગળવારે કોરોના વાયરસનો નવો કેસ સામે આવ્યો નથી. રાજ્યમાં લગભગ ૨,૪૨૧ લોકોને દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય વિભાગના સૂત્રોએ બુધવારે જણાવ્યું કે, તેમાંથી ૧૦૦ લોકોને અલગ-અલગ હોસ્પિટલોમાં એઇસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. મંગળવારે ભારતે ચીનના નાગરિકો અને વીતેલા બે અઠવાડિયામાં ચીન ગયેલા વિદેશીઓના વીઝા રદ કરવાના નિયમોને વધારે કડક બનાવી દીધા છે. બે ફેબ્રુઆરીએ ચીનના યાત્રીઓ અને ત્યાંથી ભારત આવનારા વિદેશી નાગરિકો માટે ઈ-વીઝા સુવિધા પર રોક લગાવવામાં આવી હતી.

જાન્યુઆરીમાં આ સેક્ટરનો ઈન્ડેક્સ ૫૫.૫ અંકે પહોંચ્યો

સર્વિસ સેક્ટરની ગતિવિધિઓ જાન્યુઆરીમાં ૭ વર્ષમાં સૌથી વધુ

ન્યુ દિલ્હી

સર્વિસ સેકટરની ગતિવિધિઓની ઝડપ જાન્યુઆરીમાં છેલ્લા ૭ વર્ષમાં સૌથી વધુ રહી હતી. નવા ઓર્ડરની સંખ્યા વધવાથી રોજગારન વધુ તકો અને બજારની સ્થિતિઓની વચ્ચે કારોબારી શકયતા વધવાથી આ સેકટરને ફાયદો થયો. ઈન્ફોર્મેશન પ્રોવાઈડર આઈએચએસ માર્કેટ ઈન્ડિયાનો સર્વિસિસ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ જાન્યુઆરીમાં ૫૫.૫ના સ્તરે પહોંચ્યો છે. જે ડિસેમ્બરમાં ૫૩.૩એ હતો.

સર્વિસિસ સેકટરનો ઈન્ડેક્સ એક મુખ્ય ઈકોનોમિક ઈન્ડિકેટર છે. નીતિઓ બનાવતી વખતે તેની પર વિચાર કરવામાં આવી શકે છે. આરબીઆઈ પણ વ્યાજ દર નક્કી કરતી વખતે સર્વિસિસ ઈન્ડેક્સના આંકડાઓને ધ્યાને લે છે. મેન્યુફેકચરિંગ અને સર્વિસિસ સેકટરનો સંયુક્ત ઈન્ડેક્સ પણ જાન્યુઆરીમાં ૫૬.૩ પર પહોંચી ગયો. તે પણ ૭ વર્ષના સૌથી ઉચ્ચ સ્તરે છે. ડિસેમ્બરમાં આ ઈન્ડેક્સ ૫૩.૭ પર હતો. આઈએચએસ માર્કેટની પ્રિન્સિપલ ઈકોનોમિસ્ટ પોલિયાના ડી લીમાનું કહેવું છે કે સર્વિસ સેકટરે નવા વર્ષની સારી શરૂઆત કરી છે. ગત વર્ષેના અંતમાં સુધારાની જે સ્થિતિ જોવા મળી હતી, તે વધુ મજબૂત થઈ છે. બિઝનેસ રેવન્યુમાં વધારો જોતા નવા સર્વિસ પ્રોવાઈડર પોતાની ક્ષમતાઓ વધારી રહ્યાં છે. નોકરીઓ શોધી રહેલા લોકો માટે આ સારો સંકેત છે.

સોશિયલ મીડિયાની પ્રોફાઈલને આધારથી જોડવાનો કોઇ પ્રસ્તાવ નથી

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે બુધવારે સ્પષ્ટતા કરી કે સોશિયલ મીડિયા યૂઝર્સના પ્રોફાઈલને આધારથી જોડવાનો કોઈ પ્રસ્તાવ નથી. લોકસભામાં ગૌરવ ગોગોઈ, સુનીલ બાબૂ રાવ મેન્ઢે અને કેટલાક અન્ય સદસ્યોના પૂરક પ્રશ્નોના ઉત્તરમાં રવિશંકર પ્રસાદે કહ્યું કે ચાઈલ્ડ પોર્નોગ્રાફી મોટી સમસ્યા છે અને સરકાર તેના પર કડક પગલા ગઈ રહી છે. ત્યારબાદ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સરકારને કહ્યું કે સોશિયલ મીડિયાના દુરપયોગને લઈને ગૃહમાં ચર્ચા કરવામાં આવે. તેના પર પ્રસાદ અને સંસદીય કાર્ય રાજ્ય મંત્રી અર્જુન મેઘવાલે સહમતિ દર્શાવી.

કેન્દ્ર સરકાર કસ્ટમ એક્ટમાં મોટાપાયે સુધારો કરશે

હવે સરકાર ગમે તે વસ્તુની આયાત-નિકાસ પર પ્રતિબધં મૂકી શકશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર હવે કસ્ટમ એકટ માં મોટાપાયે સુધારા વધારા કરવા જઈ રહી છે અને આ સુધારા થકી તેને ઘણી બધી સત્તા મળી જશે અને તે મુજબ હવે તે ગમે તે ચીજોના ઈમ્પોર્ટ એકસપોર્ટ પર પ્રતિબધં મૂકી શકશે.

સ્વદેશી માર્કેટ અને અર્થતંત્રને નુકસાન કરતી હોય તેવી ચીજો ના ઈમ્પોર્ટ એકસપોર્ટ પર પ્રતિબધં મૂકવાનો અધિકાર અત્યાર સુધી કેન્દ્ર સરકારને ન હતો અને ફકત ગોલ્ડ અને સિલ્વર ના ઈમ્પોર્ટ એકસપોર્ટ પર પ્રતિબધં મુકવાનો જ તેને અધિકાર છે.

કસ્ટમ એકટમાં સુધારા-વધારા થઈ ગયા બાદ કેન્દ્ર સરકારને ગમે તે ચીજોના ઈમ્પોર્ટ એકસપોર્ટ પર પ્રતિબધં મૂકવાનો અધિકાર પ્રા થઈ જશે. સરકારના અંતરગં વર્તુળોએ એવી માહિતી આપી છે કે કસ્ટમ એકટ ૧૯૬૨માં હવે સુધારા વધારા કરવા ની જરિયાત દેખાય છે.

ખાસ કરીને સસ્તા રમકડા અને જોખમી ફટાકડાઓ ચીનથી જંગી પ્રમાણમાં આયાત થાય છે અને તેનો રસ્તો બધં કરવાનો સરકાર પ્રયાસ કરશે આમ કરવાથી વિદેશી માર્કેટને ઉત્તેજન મળશે અને સ્વદેશી ઉત્પાદન ને ફાયદો થશે.

સરકારના વિશ્વાસપાત્ર વર્તુળોએ એમ કહ્યું છે કે કેન્દ્ર સરકારને આ પ્રકારનો અધિકાર પ્રા થઈ ગયા બાદ તે જરી લાગશે ત્યારે જ દરમિયાનગીરી કરીને વાંધાજનક દેખાતા ઈમ્પોર્ટ એકસપોર્ટ પર પ્રતિબધં મુકશે.

ચીન સાથેના વ્યાપાર ને ઘટાડવામાં આવશે અને ભારતીય બજારોમાં ચીન ની આઈટમો અને ઉત્પાદનો છલકાઈ રહ્યા છે જેમકે રમકડા ફટાકડા અને સોલાર પાવર ની સામગ્રીઓ ચીનથી મોટા પ્રમાણમાં ભારતીય બજારોમાં ઠલવાઈ રહી છે અને તેને અટકાવવામાં આવશે.

જવાનોની સેવાનિવૃતિની ઉંમર વધી શકે છેઃ સીડીએસ રાવત

ન્યુ દિલ્હી

દેશના મુખ્ય સંરક્ષણ અધ્યક્ષ (સીડીએસ) બિપિન રાવતે કહ્યું કે, સશસ્ત્ર દળના જવાનોની પેન્શન માટે બજેટ ફાળવણીમાં થયેલા વધારાને સમર્થન આપી શકાય નહીં. આ સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, સૈન્યના ત્રણેય વિભાગના સૈનિકોની નિવૃત્તિ વય ૫૮ વર્ષ કરવાની વ્યાવહારિકતા તપાસવા માટે અભ્યાસ કરી રહ્યા છે. સેનામાં ૨ શ્રેણી છે. અધિકારી અને જવાનની ૫૪થી ૫૮ વર્ષની ઉંમર વચ્ચે સેવાનિવૃતિ થઈ શકે છે. સીડીએસએ કહ્યું કે, અધિકારી ૫૮ વર્ષની ઉંમર સુધી સંપૂર્ણ સુરક્ષિત રહે છે. આ ઉંમરે તેમના બાળકો પણ પગભર થઈ જાય છે. સમસ્યા જવાનો સાથે છે. જવાનો ૧૮-૧૯ વર્ષની ઉંમરમાં ભરતી કર્યા બાદ સેના તેમને ૩૭-૩૮ વર્ષમાં સેવાનિવૃતિ આપી દે છે.રાવતે કહ્યું મને લાગે છે કે, સેનાના ત્રીજાના ભાગના જવાનો ૫૮ વર્ષ સુધી સેવા આપી શકે છે. આજે તમે એક ૩૮ વર્ષના જવાનને ઘરે મોકલી રહ્યા છો અને તે ૭૦ વર્ષ સુધી જીવે છે.

દેશના નાગરિક હોય એવા મુસ્લિમોએ ડરવાની જરુર નથી

નાગરિકતા કાયદાની ખોટી ગેરસમજ દૂર થવી જોઈએઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શિવસેનાના ઉદ્ધવ ઠાકરેએ એવો હુંકાર કર્યો હતો કે અમે નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝનશીપનો અમલ નહીં થવા દઈએ. એનઆરસી હિન્દુઓ ઉપરાંત બીજી કોમો અને જાતિઓ માટે પણ ચિંતાજનક વિષય છે. નાગરિકતા અંગેના નવા કાયદા વિશે બોલતાં તેમણે કહ્યું કે આ મુદ્દે ચર્ચા થવી જોઈએ કારણ કે અહીં નાગરિકતા આપવાની વાત છે, લેવાની વાત નથી. ખોટી ગેરસમજ ફેલાવાઇ રહી હોય તો એ દૂર થવી જોઈએ.



તેમણે કહ્યું કે પાડોશી દેશ પાકિસ્તાનમાં હિન્દુઓ લઘુમતીમાં છે અને એમના પર અત્યાચારો થાય છે એ હકીકત જગજાહેર છે. એવા જે લોકો અહીં આવે તેમને નાગરિકતા આપવાની વાત સીએએમાં છે. કોઇના નાગરિકત્વને ઝૂંટવી લેવાની એમાં વાત જ નથી. આપણી પાડોશમાં બે ઇસ્લામી દેશો છે- પાકિસ્તાન અને બાંગ્લા દેશ.

તેમણે કહ્યું કે કેટલા હિન્દુ શરણાર્થી આવ્યા અને કેટલાને નાગરિકત્વ આપ્યું એના આંકડા કેન્દ્ર સરકારે જાહેર કરવા જોઈએ. આવા શરણાર્થીઓ ક્યાં રહેશે, તેમને કઈ સગવડો મળશે, તેમનાં બાળકો ક્યાં કેવી રીતે ભણશે વગેરે મુદ્દે પણ સ્પષ્ટતા થવી ઘટે છે.દેશના મુસલમાનો ખૂબ ડરી ગયા છે એવું કહેવામાં આવતાં ઠાકરેએ કહ્યું કે દેશના નાગરિક હોય એવા મુસ્લિમોએ ડરવાનું કોઈ કારણ નથી. એનઆરસી બાબત બોલતાં તેમણે કહ્યું કે આ મુદ્દે પણ મુસ્લિમોએ ડરવાની જરૂર નથી કારણ કે તમામ લોકોએ પોતે નાગરિક છે એ સાબિત કરવાનું છે.

જે લોકો નાગરિક નથી અને ગેરકાયદે એક યા બીજી રીતે દેશમાં ઘુસી ગયા છે એ લોકોએ ડરવાનું છે. આમાં હિન્દુ મુસ્લિમ બધા આવી જાય છે. આસામની વાત લ્યો તો ત્યાં ૧૯ લાખ લોકો નાગરિકતા સાબિત કરી શક્યા નથી. એ ૧૯ લાખમાં ૧૪ લાખ હિન્દુ છે. એટલે માત્ર મુસ્લિમો પૂરતી આ વાત નથી.

જયશ્રી રામ
પહેલા પાનાથી ચાલુ

જ્યાં હું કરતારપુર કોરિડોર માટે પંજાબમાં હતો, ત્યારે મેં રામ મંદિર અંગે ઐતિહાસિક નિર્ણય સાંભળ્યો હતો.

વડાપ્રધાન મોદીએ લોકસભામાં જણાવ્યું કે, 'રામ જન્મભૂમિ પર નિર્ણય આવ્યા બાદ અમે અમારી લોકતાંત્રિક વ્યવસ્થાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. હું દેશવાસીઓના આ પરિપક્વ વ્યવહારની પ્રશંસા કરું છું.

આપણી સંસ્કૃતિ, આપણી પરંપરાઓ આપણને વસુધૈવ કુટુમ્બકમ અને સર્વે ભવન્તુ સુખિનઃનો સંદેશ વધુ પ્રેરણા આપે છે. ભારતમાં દરેક ધર્મના લોકો, ભલે તે હિન્દુ હોય કે મુસ્લિમ હોય, શીખ અને ઈસાઈ, આપણે બધા એક જ પરિવારના સભ્યો છીએ. આ પરિવારના દરેક સભ્યોનો વિકાસ થાય, તેઓ સુખી રહે, સ્વસ્થ રહે, સમુદ્ધ રહે, આ ભાવના સાથે મારી સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસના મંત્ર સાથે ચાલી રહી છે. આવો આ ઐતિહાસિક ક્ષણમાં આપણે સૌ ભવ્ય રામ મંદિરના નિર્માણ માટે એક સ્વરમાં આપણો મત આપીએ'

પીએમ મોદીએ કહ્યુ કે ૬૭.૩ એકર જમીન શ્રીરામ જન્મભૂમિ તીર્થ સ્થળને આપવામાં આવશે. જયારે સુપ્રીમ કોર્ટના તત્કાલિન સીજેઆઈ રંજન ગોગોઈની બેંચે, બેંચના ચીફ જસ્ટીસની નિવૃતિના ગણતરીના દિવસો પહેલા ગયા વર્ષે ૯ નવેમ્બરે અયોધ્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો. જેમાં ત્રણ મહિનાની અંદર ટ્રસ્ટની રચનાની વાત કહેવામાં આવી હતી. આ ટ્રસ્ટ રામ મંદિરનું નિર્માણ કરશે. સુપ્રીમ કોર્ટે તેમના આદેશમાં મંદિર અંગે એક યોજના બનાવવાનો આદેશ પણ આપ્યો હતો. કેન્દ્ર આજે જ આ યોજના તૈયાર કરીને ટ્રસ્ટને સોંપશે. ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન દિલ્હીમાં થશે. એમ મનાય છે કે ટ્રસ્ટમાં હિન્દુ ધર્મના ચારેય મઠના શંકરાચાર્યોને પણ સામેલ કરવાની યોજના છે, તો અખાડાના મહંત અને કેન્દ્ર-રાજ્ય સરકારના પ્રતિનિધિ પણ હશે.

દરમ્યાનમાં, ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યાં અનુસાર સુપ્રીમ કોર્ટના નિર્ણય મુજબ ૯ ફેબ્રુઆરી સુધીમાં સરકારે ટ્રસ્ટ અંગેનું એલાન કરવાનું હતું. તેથી ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન થયું નથી, કારણ કે સદનમાં આજે કોર્ટના આદેશ મુજબ જ એલાન થયું છે.

આજે આરબીઆઈ
પહેલા પાનાથી ચાલુ

વૈશ્વિકસ્તરના વિવિધ પરિબળોના કારણે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી)નો વૃધ્ધિદર પાંચ ટકા જેવો ધીમો હશે તેવો સરકારનો અંદાજ છે. ડિસેમ્બર મહિનામાં રિટેલ ફગાવો પણ વધીને પાંચ વર્ષની ઉંચી સપાટી ૭.૩ ટકા પર પહોંચી ગયો હતો જેનું મુખ્ય કારણ શાકભાજી, ખાસ કરીને ડુંગળી અને ટમેટાના ઉંચા ભાવ જવાબદાર છે.

સરવે ૨૦૧૯-૨૦માં એપ્રિલ ૨૦૨૦થી શરૂ થતાં આગામી નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતત્રં આશરે ૬-૬.૫ ટકાના દર પર વૃધ્ધિ નોંધાવે તેવો અંદાજ મુકવામાં આવ્યો છે.

રક્ષા ક્ષેત્રમાં
પહેલા પાનાથી ચાલુ

મોટા પરિવર્તન કર્યા. અમારી સરકાર પણ ઇચ્છે છે કે રક્ષા ઉત્પાદન ફક્ત સરકારી કંપનીઓ ન કરે પરંતુ સરકારી ભાગીદારી પણ હોય. હવે માર્ગ ખુલી ગયા છે, પાંચ નવી લેબ બની ગઇ છે.

ડીઆરડીઓમાં જેથી રિસર્ચ થઇ શકે. પીએમ મોદીએ કહ્યું જેમ-જેમ યુગ બદલાઇ રહ્યો છે સુરક્ષાની ચિંતા પણ વધી રહી છે. પીએમએ કહ્યું કે ટેક્નોલોજીનો ખોટો ઉપયોગ દુનિયા માટે ખતરો છે.

પીએમએ કહ્યું કે 'ડિફેન્સ એક્સપોની અગિયારમી આવૃતિમાં તમારા બધાનું સ્વાગત કરતાં મને ખુશી થઇ રહી છે. આ વખતે ૧૦૦૦થી વધુ વાર રક્ષા પ્રતિભાગી દુનિયાભરમાંથી તેનો ભાગ છે. આજનો આ અવસર ભારતની રક્ષાની ચિંતા કરવાની સાથે યુવાનો માટે અવસર છે. મેક ઇન ઇન્ડીયા હેઠળ રોજગારની તકો વધશે અને રક્ષા ઉત્પાદનો નિર્યાતને ફક્ત બળ મળશે.

પીએમ મોદીએ કહ્યું કે એકવીસમી સદીની જયારે પણ ચર્ચા થાય છે ત્યારે ભારતની ચર્ચા થાય છે. આજનો ડિફેન્સ એક્સપો ભારતની વિવિધતા અને વ્યાપકતાનું જીવતો જાગતો પુરાવો છે. આ પુરાવો છે કે રક્ષા મામલે ભારત એક મોટું વિઝન લઇને આગળ વધી રહ્યું છે અને દુનિયાના વિશ્વાસને પ્રગટ કરે છે. પીએમએ કહ્યું કે સુરક્ષાના પડકારનો ઇતિહાસ જૂનો છે. જેમ જેમ પડકારો વધતા જાય છે. આ દર વર્ષે ટેક્નોલોજીની પરત થતી જાય છે. સાથીઓ ટેક્નોલોજીનો ખોટો ઉપયોગ થાય, આતંકવાદ ફેલાઇ, તો આ વિશ્વ માટે ચેલેન્જ છે. દુનિયાની તમામ સુરક્ષા ફોર્સ નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહી છે.

આઈએસીટીએસની પ્રથમ વખત રાષ્ટ્રીય કોન્ફરન્સ અમદાવાદમાં

તા.૮થી ચાર દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે

અમદાવાદ

આજ દિન સુધીમાં સૌ પ્રથમ વખત માટે, ઈન્ડિયન એસોસિએશન ઑફ કાર્ડિયોવાસ્કયુલર એન્ડ થોરાસિક સર્જન્સ (આઈ.એ.સી.ટી.એસ.) તેની વાર્ષિક કોન્ફરન્સનું આયોજન અમદાવાદમાં ૮ – ૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ ક્લબ ઓ૭, અમદાવાદ ખાતે યોજી રહ્યું છે.

અને તે ખૂબ જ ગૌરવની વાત છે કે આ સંમેલનને તેની સાથે ઘણી બધી વસ્તુઓના પ્રથમ વખત થવાનાનો શ્રેય મળે છે, જે એક સીમા ચિહ્ન રૂપી સાબિત થશે.સૌ પ્રથમ વખત માટે કાર્ડિયો થોરાસિક સર્જરીના વિશ્વના પ્રથમ ચાર મોટા સંગઠનો આ બેઠક સાથે જોડાયા છે : અમેરિકન એસોસિએશન ઑફ થોરાસિક સર્જરી (એ.એ.ટી.એસ.) ની સાથે ધ ઓસ્ટ્રેલિયન એન્ડ ન્યુ ઝીલેન્ડ સોસાયટી ઑફ કાર્ડિયાક અને થોરાસિક સર્જન્સ (એ.એન.ઝેડ. એસ.સી.ટી.એસ.) અને યુરોપિયન એસોસિએશન ફોર કાર્ડિયો થોરાસિક સર્જરી (ઈ.એ.સી.ટી.એસ.).

એ.એ.ટી.એસ.ના પ્રમુખ ડો. માર્ક મૂન અને તેમની ટીમ સંમેલનમાં યોજવામાં આવનારા આખા દિવસના એ.એ.ટી.એસ. / આઈ.એ.સી.ટી.એસ. અનુસ્નાતક અભ્યાસક્રમમાં સક્રિયપણે ભાગ લેશે.આ ૪ દિવસ દરમ્યાન પરિષદની નવીનતા અને કુશળતાની થીમ સાથે અનુરૂપ ઘણી ઉત્તેજક વર્કશોપ અને સમ્મેલનોનું આયોજન કરવામાં આવ્યું છે.રોબોટિક સર્જરી પર સિમ્યુલેશન વર્કશોપ (જાપાન) - (આઈ.એ.સી.ટી.એસ.) ખાતે સૌ પ્રથમ વખત - યોજવામાં આવશે, જે મેડિકલ સાયન્સની એક નવી સીમાનું પ્રદર્શન કરશે.

લંડનની એનઆરઆઈ મહિલાએ આણંદની કન્યા શાળાને દત્તક લીધી

આણંદ

બાળકીઓ પ્રત્યે ખાસ લાગણી ધરાવતી લંડનની એનઆરઆઈ મહિલાએ આણંદની કન્યા શાળાને દત્તક લીધી છે. મહિલાએ બાળાઓને ચેસની કીટની ભેટ આપી છે તેમજ ભવિષ્યમાં બાળાઓને સ્માર્ટ તેમજ શિક્ષિત બનાવવા માટે મદદરૂપ થશે. મહિલા ૨૦ દિવસ માટે આ બાળાઓ સાથે રહેશે અને તેમને ચેસ તેમજ અલગ-અલગ એક્ટિવિટીની ટ્રેનિંગ આપશે.

મૂળ હરિયાણાની અને વર્ષોથી લંડનમાં રહેતી અનુરાધા બેનીવાલ ચેસ એકેડેમી ચલાવે છે. આણંદની ચિખોદરા કન્યા શાળાની શિક્ષિકાએ ફેસબુક મારતફે એનઆરઆઈ મહિલાનો સંપર્ક કર્યો હતો અને તેમની સાથે ચેટિંગ દ્વારા પોતાની શાળાની બાળાઓને ચેસ સહિતની એકટિવિટીમાં રસ હોવાનું જણાવ્યું હતું. શિક્ષિકાની વાત સાંભળી એનઆરઆઈ મહિલાએ બાળા માટે કઈક ખાસ કરવાનું નક્કી કર્યું હતું.

અનુરાધા ૮ જાન્યુઆરીના રોજ આણંદ સ્થિત ચિખોદરા કન્યા શાળાની મુલાકાતે આવ્યા હતા. બાળાઓની ચેસ પ્રત્યે રુચિ હોવાની જાણ થતા તેઓએ ૧૫ દિવસ સુધી દરરોજ બાળકોને ચેસ રમવાની પ્રેક્ટિસ કરાવી હતી. તે સમય સુધી અનુરાધા શિક્ષિકાના મહેમાન બની તેમન ઘરે રોકાયા હતા. તેઓ દરરોજ એક કલાક શાળામાં જઈ બાળાઓને ચેસની પ્રેક્ટિસ કરાવતા હતા. ૧૦ દિવસની પ્રેક્ટિસ બાદ મોટાભાગની બાળાઓ ચેસ રમતા શીખી ગઈ હતી.

જેલમાંથી કેદીએ ફોન કરી વ્યાજ આપવા પરિવારને આપી મોતની ધમકી

રાજકોટ

રાજકોટમાં ફરી વ્યાજખોરોનો ત્રાસ સામે આવ્યો છે. રાજકોટ જેલમાંથી હત્યાના કેદીએ ફોન કરી વ્યાજ માટે ધમકી આપ્યાની બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. મોરબી રોડ વેલનાથપરામા રહેતા ઋષિ ઠાકરે જેલમાં રહેલા ભીસ્તીવાડના રીયાઝ દલ, શાહરૂખ સીરાજ ઝુણેજા અને પોપટપરામાં રહેતા શાહરૂખ ઉર્ફે રાજા જુણેજા સામે ફરિયાદ નોંધાવી છે. બીમાર પિતાની સારવાર માટે વ્યાજે લીધેલા દોઢ લાખના ૭ લાખ, ૨.૧૦ લાખ સામે ૩.૬૫ લાખ ચૂકવ્યા છતાં વધુ વ્યાજના રૂપિયા માંગી હેરાન કરતો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદી તેની પત્ની, પુત્ર અને સાળાને જાનથી મારી નાખવાની ધમકી આપી છે. જેલમાં ફોન, પાન, મસાલા સાથેના દડાના ઘા રિયાઝ દલ માટે કરવામાં આવતા હોવાની શક્યતા છે.

ઋષી ઠાકરે ફરિયાદમાં જણાવ્યું છે કે હું કુટુંબીજનો સાથે રહુ છું અને હાલ પ્રાઈવેટ નોકરી કરૂ છું. અગાઉ હરિહર ચોકમાં સ્ટેશનરીનો વેપાર કરતો હતો. જે હાલ વ્યાજખોરોના ત્રાસથી બંધ કરી દેવો પડ્યો છે. મારા પિતા રસિકભાઈ ત્રિભુવનદાસ ઠાકરને તાણ આંચકીની બીમારી છે. મે એ-ડિવીઝનમાં અરજી કરી હતી. તે દોઢ વર્ષથી મર્ડરના કેસમાં પોપટપરા જેલમાં છે અને જેલમાંથી ઉઘરાણીના ફોન કરી ધમકી આપે છે.

વડોદરા કોર્પોરેશનને વાહન ટેક્સની ૧૮ કરોડ ૫૬ લાખ આવક થઈ

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં વેરા વસૂલાત માટે મિલકતો સીલ કરવાની ઝુંબેશ ચાલી રહી છે. ચાલુ વર્ષે ૪૮૪ કરોડની વેરાની આવકનો લક્ષ્યાંક અપાયો છે જેમાં મિલકતવેરો, પ્રોફેશનલ ટેક્સ, વાહન ટેક્સ, વોટર ચાર્જ વગેરેનો સમાવેશ થાય છે.

વાહન ટેક્સની આવકનો ૨૩ કરોડનો લક્ષ્યાંક અપાયો છે. જેમાંથી અત્યાર સુધીમાં ૧૮ કરોડ ૫૬ લાખની વસૂલાત થઈ ચૂકી છે. આજીવન વાહન ટેક્સની વધુને વધુ વસૂલાત થાય તે માટે વાહન વેરા વિભાગ વડોદરાના સહયોગથી આરટીઓ દ્વારા વાહન ટેક્સની રીસીપ્ટ જોઈને જ નવા વાહનનું રજીસ્ટ્રેશન થાય તે પ્રમાણે વ્યવસ્થા કરી છે. વાહન ખરીદનારને પણ કોર્પોરેશનની તમામ વોર્ડ કચેરીમાં વાહન ટેક્સ ભરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૫ ૧૬ માં વાહન કરની આવક ૮ કરોડ ૯૨ લાખ ઓછી મળી હતી. જેથી આરટીઓ સાથે સંકલન સાધીને કોર્પોરેશનની આજીવન વાહન ટેક્સની રીસીપ્ટ અને ટોકન જોયા પછી જ વાહનોનું રજીસ્ટ્રેશન કરવું જોઈએ અને તે મુજબ સુચના આપવી જોઈએ તે માટે તે સમયના વડોદરાના મેયર દ્વારા તત્કાલીન વાહન વ્યવહાર મંત્રીને ગાંધીનગર રજૂઆત કરી હતી અને એ પછી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા દરેક વાહન ડીલરને સુચના આપી હતી ત્યારથી વાહન ટેક્સની રીસીપ્ટ જોઈને વાહન રજીસ્ટ્રેશનની આ પ્રથા ચાલુ કરેલ છે જ્યારે આ પ્રથા ન હતી ત્યારે મોટી સંખ્યામાં આજીવન વાહન ટેક્સ ભરાયો ન હોવાનું જણાયું હતું જેથી વાહન ટેક્સ ભરી દેવા માટે કોર્પોરેશને ૩૫૦૦૦ વાહનચાલકોને વર્ષ ૨૦૧૫માં નોટિસો આપી હતી અને વાહન ટેક્સ ન ભરાય તો વાહનો જપ્ત કરી લેવા ચીમકી પણ આપી હતી.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

ભારત મારું શોભી રહ્યું વિશ્વ-ફલક પર,
પ્રેમ અને બંધુતા સાથે શોભાવે જગ.
સમૃદ્ધિની વાતો એની પુરાણોમાં છલકે.
સંસ્કૃતિથી સમૃદ્ધ દેશ મારો દેશ ઝળકે..
આ વેદો ,સંતો અને પુરાણોની ધરતી છે,
આધ્યાત્મિકતા નો રંગ ભરપૂર જામે..
કલા- કારીગીરી ની ગરિમા સૌ સાચવે.
ગણિતના પાઠો જગને શીખવતા જેણે
આર્યભટ્ટની ભૂમિ વિકાસ વંતી બને...
દરેક ક્ષેત્રમાં હિન્દુસ્તાન રહે મોખરે..

- કૃપા ચરાડવા પોરબંદર

•

હિમાલયની ઉંચી શાન છું હું
નિર્લ્કુજિનું હરિયાળું મેદાન છું હું
જેસલમેરની ઠંડી રાત છું હું
માસીનરામનો વરસાદ છું હું
હું છું ભારત
ગંગાની નિર્મળ ધારા છું હું
જોગનો ફુવારો છું હું
કચ્છની ચાંદની રાત છું હું
મિશ્મિમાં સવારની શરુઆત છું હું
હું છું ભારત
બાળપણની માસુમિયત છું હું
જવાનીની ઉંચી ઉડાન છું હું
બુઢાપાનું સરળ જ્ઞાન છું હું
આપણાં દેશની પહેચાન છું હું
હું છું ભારત
આઝદીની અડધી રાત છું હું
રાજનીતિની ચોપાટ છું હું
ખેતરોનો પાલનહાર છું હું
સીમાપાર દુશ્મનો માટે લલકાર છું હું
હું છું ભારત
પૂર્વજોના સંસ્કાર છું હું
ઋષિમુનિઓના વિચાર છું હું
ઈશ્વરનું વરદાન છું હું
આ માટીનું અભિમાન છું હું
હું છું ભારત.

- દિપક ઝાલા "અદ્વૈત", નૈરોબી

•

કર્યુ ના કાંઈ અત્યાર સુધી હવે મારે કાંઈક કરવુ છે
સરહદ પર સૈનિક બની ભારત માટે મારે લડવુ છે
હોય ભલે દુષ્મનો ઘણા મારે હવે ના કોઈથી ડરવુ છે
ભલે ઘમાસાણ યુદ્ધ હવે ના પાછા મારે ફરવુ છે
ક્રાન્તિકારી ઓની જેમજ મારે ફાંસી એ ચડવુ છે
હસતા મુખે એની જેમજ શહિદી ને વહોરવુ છે
ભારત માતાનુ નામ આર્યખંડ માં અમર કરવુ છે
દેશના નકશા ને મારે સોનેરી પીછી થી ચિતરવુ છે
ભારત માતા ના સંતાન થઈ ઋણ એનુ ચુકવવુ છે
આ રાષ્ટ્ર માટે પોતાને દેશ ને સમર્પિત કરવુ છે
ભારત નુ નામ દુનિયા માં સૌથી મહાન કરવુ છે

- મહેશ પરમાર "મોહિત" દાંતરડી(અમરેલી)

•

અમર રહે શૌર્ય ગાથા વીરો ની,
આ ધરતી છે ઋણી વીરો ની,
શહાદત ની માળા પેહરીને,
બખૂબી મલકાતા શૂરવીરો ની,
ભારત માં ના ખોળે રમતા,
ઉભરતા બાલવીરો ની,
કારગીલ હોય ક જમ્મુ કાશ્મીર,
ઝઝૂમતા જંગ વીરો ની,
શિર કપાવી ને પણ લડતા,
હિન્દ ભૂમિ ના સપૂતો ની...

- નેહા પટેલ "નેહ" વલસાડ

•

ગાંધી પાસે હતું સત્યાગ્રહ કેરું હથિયાર,
તેથી જ અંગ્રેજ હતા સઘળાં લાચાર.
સરદારનો તોફાન સાથે લડવાનો હતો સ્વભાવ ,
એકતા અખંડિતતા નો મળ્યો માટે સરપાવ.
સુભાષ ચંદ્ર ભારતની એક અમીટ યાદ,
આઝાદ હિન્દ ફોજ મોજથી બોલો ઝીંદાબાદ .
જવાહરલાલ દેશનું અણમોલ હતું હિર,
શાંતિ પ્રતીકનું વિશ્વ પ્રસિદ્ધ હતું એ તીર.
લાલ બહાદુરનું હતું વામન કદ પણ હતા વિરાટ વિચારો,
આપ્યો 'જય જવાન જય કિસાન' નો નારો,
શહીદોની શહાદતને સો સો સલામ,
આઝાદી અપાવનાર વીરો ને શત શત પ્રણામ.
વિશાળ ગગને લહેરાતો ત્રિરંગો અમારી જાન છે,
ભારત ભાગ્ય વિધાતા આન બાન શાન છે.

- દિલીપ વી ઘાસવાળા (સુરત)

કામ કર્યા પછી સ્ફૂર્તિ માટે ટી બ્રેક લઈએ છીએ તેમ જીવનમાં પણ સમયાંતરે ટી બ્રેક જરૂરી છે



"કલ્પના ના સૂર"

સુચિતા ભટ્ટ

અમદાવાદ

POET WRITER THINKER COLUMNIST

ચા એ એક એવરગ્રીન પીણું કહી શકાય. નાનાથી માંડીને મોટેરાઓ સુધી દરેક વ્યક્તિની મનગમતી અને માનીતી ચા. ગમે તેવું ખરાબ મગજ હોય, ચિંતા, બેચેની, કામનું ભારણ હોય પરંતુ જો એક પ્યાલો જો ચા નો મળી જાય તો ભાઈ ભયો ભયો થઈ જાય. તેમ જ જિંદગીમાં અમુક સમયના અંતરે બ્રેક જરૂરી છે. જિંદગીમાં જન્મથી માંડીને જીવીએ ત્યાં સુધી કામ તો રેવાનું જ. નાની કીડી હોય તે પણ માટી અહીંથી અહીં આખો દિવસ કરતી હોય છે. તો આપણે તો હાલતા ચાલતા મનુષ્ય છીએ. પરંતુ અમુકવાર કામનું ભારણ આટલું વધી જાય છે કે વ્યક્તિ શારીરિક અને માનસિક બન્ને રીતે ખૂબ જ થાકી જાય છે. એવામાં ચા ને અનુરૂપ કોઈ તત્વ મળી જાય તો સોનામાં સુગંધ ભળી જાય. સતત કામ કરવાથી શરીરના જ્ઞાનતંતુઓ એક જ દિશામાં દોડે છે. વ્યક્તિ ચાહીને પણ પોતાની મનગમતી પ્રવૃત્તિ કરી નથી શકતો. વ્યસ્ત અને ઝડપી જીવનમાં કામ આટોપવાની ઘેલછામાં વ્યક્તિ પોતાના માટે સમય કાઢી નથી શકતો. પરંતુ મારો દરેકને એક નાનકડો સવાલ છે. જિંદગીએ ઈશ્વરે આપેલ અમૂલ્ય ભેટ છે. તેનો અહેસાસ કરવો, તેને અનુભવવી, તેને માણવી, તેની સાથે જીવવુંએ ખરેખર સૌભાગ્યની વાત છે. પણ શું આપણે ખરેખર જિંદગીને જીવીએ છીએ? જવાબ છે હા જીવીએ છીએ. પરંતુ મિત્રો આ જવાબ સાચો છે? પોતાના મનને પૂછો. ના અત્યારે નહિ, હો બસ ત્યારે જયારે એકાંતમાં હોવ અંદરથી નિર્દોષ જવાબ મળશે ના. ના જવાબ મળવાનું મુખ્ય કારણ કહું તો, ઈશ્વરે આપેલ ભેટ. હાસ્ય, તમે ક્યારેય વગર કારણે હસ્યાં? પોતાના હાસ્યથી બીજાના જીવનમાં તમે કેટલા રંગો પૂર્યા? જવાબ મોટા ભાગે ના હશે. આપણે કુદરતે આપેલ ભેટને ક્યારેય દિલથી સ્વીકારી જ નથી. આપણે ટી બ્રેક આપણા કામ અને વિચારોથી લેવો જ નથી. વધુમાં વધુ કકળાટમાં રહેતા માનવી માટે કુદરતે સમજી વિચારીને પક્ષીઓની રચના કરી એમના કલબલાટમાં મધુર સંગીત મૂક્યું પરંતુ આપણી પાસે ડિજિટલ સંગીત જ એટલું છે કે એ આપણને કુદરતની ભેટમાં રસ નથી. થોડામાં વધુ આપણે પક્ષીઓની પ્રજાતિને વધારવા માટે પણ ઉત્સુક નથી. મિત્રો જયારે પણ મગજને આરામ આપવાની ઈચ્છા થાય ત્યારે કુદરતના ખોળે માથું મૂકીને વિચારજો કે શું આ જિંદગી મેં ક્યારેય જીવવાનો પ્રયાસ કર્યો? ક્યારેય મેં ટી બ્રેક લઈને ખાસ એવી જગ્યાએ જવાનો પ્રયત્ન કર્યો? તેનો જવાબ ના હશે. કુદરતે આપેલ સૌથી અનમોલ ભેટ નાના બાળકો. તેમાં તમને પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ જોવા મળે છે તેમની સાથે સમય પસાર કરવો એટલે દુનિયાના સર્વ દુઃખો ભૂલીને બાળક સામે બાળક થઇ જવું એ ખરેખર એક નિર્દોષ લાગણી છે અને કુદરતે આપેલી ઉત્તમ ભેટ છે. નાના બાળકોને કોઈ વસ્તુઓની સમજ નથી હોતી. શું યોગ્ય છે? કે શું યોગ્ય નથી. તેઓ બસ તેમની દુનિયામાં વ્યસ્ત હોય છે. તેમને મનગમતી પ્રવૃત્તિ કરે છે. રમે છે, જમે છે, વિચારે છે પોતાની રીતે, ક્યારેક જીદ કરે છે તો ક્યારેક અચાનક ખુશ થઈ જાય છે. તો ક્યારેક દુઃખી. કહેવાનું તાત્પર્ય એટલું જ કે તેઓ કઈ પણ કરે તે પોતાની મરજીથી કરે છે. તેમની ખુશી કોઈ પર આધારિત નથી હોતી. તો મિત્રો આપણે પણ આપણી આસપાસ રહેતા નાના બાળકો સાથે ટાઈમ પસાર કરીને એક ટી બ્રેક લઈ શકીએ તેમ છીએ. તેમના જેમ જ થોડા સમય સુધી વર્તન કરીએ તો આપણે અનુભવી શકીએ કે આપણને આપણું પોતીકું બાળપણ પાછુ મળ્યું છે અને થોડા સમય સુધી આપણે આપણા મગજને આપણી મન ગમતી પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખી શકીએ છીએ. મિત્રો લખવા કે વિચારવા બેસીએ તો બહુ બધી કુદરતી ભેટો છે અને અગણિત છે. આપણે સમય અનુસાર તેમાં ઉડા ઉતરીને જીવનને થોડું વધુ રંગીન બનાવવું જોઈએ અને આવી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવું જોઈએ. કેમ કે કામ તો જીવનપર્યન્ત ચાલુ જ રહેવાનું છે. પણ આપણે તેમાંથી થોડા થોડા અંતરે કેટલો ટી બ્રેક લઈએ તેના ઉપર આપણા સુખી અને આનંદમય જીવનનો આધાર છે. મગજને ફ્રેશ કરવા ટી બ્રેક લઈ શકાય તો આ તો જિંદગી છે. શું જિંદગીને એક ટી બ્રેકની જરૂરી નથી?

ભીખ માંગવાના બહાને ઘરમાં ઘુસી ચોરી કરતી મહિલાની ધરપકડ

રાજકોટ

રાજકોટ શહેરમાં દિવસે ને દિવસે ચોરી જેવા ગુનાઓ જોવા મળી રહ્યા છે. ઘણા કિસ્સાઓમાં જાણીતા લોકો જ ચોરીને અંજામ આપે છે તો ઘણા કિસ્સાઓમાં લોકો લાંબા સમય સુધી ઘર બંધ કરી બહાર ગયા હોઈ ત્યારે ચોરી થતી હોવાના કિસ્સા સામે આવ્યા છે. ત્યારે રાજકોટ ક્રાઈમ બ્રાંચ ની ટીમે એક અનોખો રીતે ચોરી કરતી મહિલાની ધરપકડ કરી છે. ક્રાઇમ બ્રાન્ચે એક મહિલા ભિક્ષુક ચોરની ધરપકડ કરી છે જે શાકભાજી વેચવાની સાથે ભિક્ષાવૃત્તિ પણ કરે છે. આ મહિલા ભિક્ષુક ચોરીના ગુનામાં પકડાઈ છે.

લીલાબેન ઉર્ફે લીલું વાઘેલા શાકભાજી વેચવાનો ધંધો કરે છે અને સાથે ભિક્ષાવૃતિ પણ કરે છે. રાજકોટના કણકોટ ગામના પાટિયા પાસે નારાયણ નગર નજીક બોદ્ધ વિહાર ની સામે ઝુપડામાં રહે છે. જે મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના રાજપરા ગમે રહે છે. મહિલા વહેલી સવારમાં શહેરના પોર્શ વિસ્તારમાં ભીખ માંગવાની પ્રવૃત્તિ કરે છે. આ મહિલા ભીખ માંગવાના બહાને અથવા પાણી પીવાના બહાને ખુલ્લા ઘરમાં અંદર પ્રવેશી ટેબલ અથવા સોફા પર રહેલા પર્સ, બેગ લઈ ને તાત્કાલિક જતી રહેતી હતા અને આ મહિલા પોતાનું રહેઠાણ સમયાન્તરે બદલી નાખતી હતી .હાલતો આ મહિલા ચોરને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મહિલા ચોર પર ભૂતકાળ માં અલગ અલગ પોલીસ મથકમાં આઠ જેટલા ગુનાહો નોંધાઈ ચુક્યા છે. હાલ તો મહિલા ચોરની પૂછપરછ માં પોલીસ કેટલી ચોરીને અંજામ આપ્યો છે તેની માહિતી મેળવી રહી છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ૭ આશાવર્કરોને છૂટા કરાયા

અમીરગઢ

અમીરગઢ તાલુકામાં ધનપુરા(ઢો), ઈકબાલગઢ, સુરેલા, ગાંજી, ડાભેલા,અને ખારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતી આશા બહેનો સામે તાલુકાના આરોગ્ય વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં છ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સાત આશા બહેનોને છુટ્ટા કરી દેવાના આદેશ તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા કરવામાં આવતા આશા વર્કરોમાં ખળભળાટ મચી ગયો છે.

અમીરગઢ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ડી.બી.મહેતાએ જણાવ્યું હતું કે, જિલ્લા આરોગ્ય અધિકારીની સૂચનાથી તાલુકામાં બોગસ પ્રેક્ટિસ કરતા તબીબ તેમજ સરકારી કર્મચારી ખાનગી દવાખાનમાં સેવા આપતા હોય, તેવા દોષીતો સામે કાર્યવાહી કરવાની ચાલતી ઝુંબેશના આધારે અમીરગઢ તાલુકાના છ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરના રિપોર્ટના આધારે અમીરગઢ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતી અને આરોગ્ય કેન્દ્રમાં પ્રસુતિ માટેની સગવડ હોવા છતાં મહિલાઓને ખાનગી હોસ્પિટલમાંમાં પ્રસુતિ માટે મોકલતી સાત આશા બહેનોને છુટ્ટા કરાયા છે.

સૌરાષ્ટ્ર યુનિ.ની વિદ્યાર્થિની પાસે શરીરસુખની માંગ કરનાર પ્રોફેસર વિરુદ્ધ ફરિયાદ નોંધાશે

રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જાતિય સતામણીના કેસમાં એક મોટા સમાચાર મળી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનના પ્રોફેસર ડો.હરેશ ઝાલાની પીએચડી વિદ્યાર્થિની પાસે શરીર સુખ માગવાની ઓડિયો ક્લિપ વાઇરલ થઇ હતી. ત્યારથી આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બનેલો છે. પ્રોફેસરને બે દિવસ પહેલા આ કેસમાં ક્લિનચીટ આપી દેવામાં આવી હતી. પરંતુ આજે નવો વળાંક આવ્યો છે. હવે સમાચાર મળી રહ્યા છે કે પ્રોફેસર હરેશ ઝાલા સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવશે અને પોલીસ ફરિયાદ બાદ વોઈસ રેકોર્ડિંગને એફએસએલમાં મોકલવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમાજશાસ્ત્ર ભવનના ડો. હરેશ ઝાલાના મામલે સિન્ડિકેટની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સમાજ શાસ્ત્રના એચઓડી ડો. હરેશ ઝાલાનો પીએચ.ડી.ની વિદ્યાર્થીની સાથે બિભત્સ વાતો કરતો ઓડિયો વાયરલ થયો હતો. ત્યારબાદ ભારે હોબાળા બાદ બે દિવસ પહેલા ક્લિનચીટ આપી દેવામાં આવી હતી. પરંતુ અચાનક મોટો વળાંક આવ્યો હતો. હવે સિન્ડિકેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ડો. હરેશ ઝાલા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરશે. પોલીસ ફરિયાદ બાદ વોઈસ રેકોર્ડિંગનું એફ.એસ.એલ કરવામાં આવશે. આ સિવાય નિવૃત્ત જજની કમિટીની રચના કરવામાં આવશે. સિન્ડિકેટની બેઠકમાં મહત્વપૂર્ણ ચાર નિર્ણય લેવામાં આવ્યા છે. બીજા એક નિર્ણયમાં જુન ૨૦૨૦ પછી લેવાનાર તમામ પરીક્ષામાં તમામ વિષયોમાં રિ-એસએસમેન્ટની છૂટ આપવામાં આવી છે. એક-બે સિવાય નહીં પરંતુ વિદ્યાર્થીઓ તમામ વિષયનું રિ-એસએસમેન્ટ કરાવી શકશે.

વિદ્યાર્થીઓ પાસે કાર ધોવડાવતા શિક્ષકનો વીડિયો વાયરલ

મહુધા

મહુધાની પ્રાથમિક શાળાના શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે પોતાની ગાડીઓ ધોવડાવતા હોવાનો વીડિયો વાઇરલ થયો છે. વીડિયો વાઇરલ થતા વિદ્યાર્થીઓના વાલીઓમાં રોષ ફેલાયો હતો. તેમજ શિક્ષક સામે કડક પગલા લેવા માંગ કરી હતી. બીજી તરફ શાળાના અન્ય શિક્ષકનું કહેવું છેકે, આ વીડિયો જુનો છે તેમજ આ બાબતે શિક્ષક સાથે વાત થઇ હતી અને તેમણે આજ પછી આવું નહીં થાય તેમ માફી પણ માંગી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મહુધાની ભુમસ પ્રાથમિક શાળામાં ધોરણ ૬,૭ અને ૮મા ગણિત વિષય ભણાવતા જયદીપ પટેલ નામના શિક્ષક દ્વારા પોતાની કાર વિદ્યાર્થીઓ પાસે ધોવડાવતા હોવાનો એક ૧૮ સેકંડનો વીડિયો વાયરલ થયો છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે, ભુમસની પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા દર અઠવાડિયે આ શિક્ષક દ્વારા પોતાની ગાડી વિદ્યાર્થીઓ પાસે ધોવડાવવામાં આવતી હતી. એટલુ જ નહિ પરંતુ પાંચમા અને છઠ્ઠા ધોરણની વિદ્યાર્થીઓને આ શિક્ષક ગાળો બોલીને બોલાવતો હતો. જેનું ઓડિયો રેકોર્ડિંગ કરી કેટલાક ગામનાજ કટકી બાજો દ્વારા ઓડિયો ક્લિપ વાયરલ કરવાની ધમકી આપી નાણા પણ પડાવી લીધા હોવાનુ મનાઇ રહ્યુ છે.

ગુજરાતમાંથી પાકિસ્તાનમાં જાસૂસીને લઈ આંધ્રપ્રદેશ એટીએસ દ્વારા ત્રણ યુવાનોની પૂછપરછ

કચ્છ

રાજ્યના સરહદી વિસ્તાર પશ્ચિમ કચ્છના અબડાસામાં આંધ્રપ્રદેશની એટીએસની ટીમ આવી ત્રણ શખ્સની સઘન પૂછપરછ કરી હોવાનું બહાર આવ્યું છે. પાકિસ્તાનમાં જાસૂસીના કેસમાં આંધ્રપ્રદેશમાં એક ગુનો નોંધાયો છે. આ મામલે ગુજરાતના કચ્છનું કનેક્શન બહાર આવતા એટીએસની ટીમ અહીં આવી હતી અને ગુજરાત એટીએસ તેમજ એસઓજીની મદદ લઈ ત્રણ યુવાનોની પૂછપરછ કરી હતી.

આંધ્ર પ્રદેશ પોલીસ દ્વારા જાસૂસીના કેસમાં કરવામાં આવેલી તપાસ દરમિયાન કેટલીક લિંક સામે આવી હતી. કચ્છના યુવક તેમજ ભુજમાં રહેતા કેટલાક શખ્સના નામ સામે આવતા એટીએસની ટીમે પૂછપરછ કરી હતી. આ મામલે કચ્છ-ભુજ બોર્ડર રેન્જ આઈજી સુભાષ ત્રિવેદીએ જણાવ્યું કે આ મામલે એસપીને પૂછી લો તેવું કહ્યું હતું, જ્યારે એસપી સૌરભ તોલંબિયાનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો નહોતો.

અબડાસા તાલુકાના વાયોર, બરંદા અને ભુજમાં સોમવારે મોડી રાતે આંધ્રપ્રદેશ એટીએસની ટીમે આવી સર્ચ કર્યું હતું. આંધ્રપ્રદેશ એટીએસની ટીમે ગુજરાત એટીએસની ટીમની અને સ્થાનિક એસઓજીની પણ મદદ લીધી હતી. આંધ્ર પ્રદેશ એટીએસ દ્વારા જ અબડાસા-ભુજ તાલુકાના ત્રણ શંકાસ્પદ યુવકની પૂછપરછ કરવામાં આવી હતી. જ્યારે સ્થાનિક પોલીસ, એસઓજી અને અન્ય તપાસ એજન્સીઓને પૂછપરછથી દૂર રાખવામાં આવી હતી. આંધ્ર પ્રદેશ એટીએસની તપાસમાં કચ્છના સરહદી વિસ્તારમાં રહેતા કેટલાક યુવકોના સંપર્ક જાસૂસી કેસમાં પકડાયેલા આરોપીઓ સાથે હોવાની શંકા જણાઈ હતી. જેથી આ તમામ યુવકોની પૂછપરછ કરવામાં આવી હતી.

કુખ્યાત ધર્મેન્દ્રસિંહ બારડ પર ફાયરિંગ કરનાર બે આરોપીની ધરપકડ

અમદાવાદ

કૃષ્ણનગર વિસ્તારમાં તાજેતરમાં જ કુખ્યાત ગુનેગાર પર થયેલા ફાયરિંગ કેસમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. કૃષ્ણનગર પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી ગુનામાં વપરાયેલા સાધનો કબજે લીધા છે. ઘાયલ થયેલ કુખ્યાત આરોપી ધર્મેન્દ્રસિંહ બારડ વિરુદ્ધમાં અમદાવાદના અલગ પોલીસ સ્ટેશનમાં ૨૦થી પણ વધુ ગુનાઓ નોંધાયા છે. આ ફાયરિંગ અંગત અદાવતમાં કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

કૃષ્ણનગર શિવાજી ચોક ખાતે થયેલા ફાયરિંગ કેસમાં પ્રદીપ મોતીયાણી અને શિવમ રાજપૂતની પોલીસે ધરપકડ કરી પૂછપરછ કરતા ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ધર્મેન્દ્રસિંહ બારડ પર થયેલા ફાયરિંગ કેસ પાછળ મોટું ષડયંત્ર છે.

આ બંને આરોપીઓએ હત્યાને અંજામ આપવા આવેલા આદર્શ ચૌહાણ ઉર્ફે છોટુ અને તેના સાગરિતને બાઇક, રૂપિયા તથા અન્ય લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે ફાયરિંગનો મુખ્ય આરોપી આદર્શ ચૌહાણ અને ધર્મેન્દ્રસિંહ વચ્ચે છેલ્લા ઘણા વર્ષોથી અદાવત ચાલતી આવતી હતી. બસ આ જ બાબતનો રંજ રાખીને આદર્શ ચૌહાણ ઉર્ફે છોટુએ સાબરમતી મધ્યસ્થ જેલમાંથી ધમા બારડની હત્યાનું ષડયંત્ર ઘડ્યું હતું.

નર્મદા પરિક્રમા દરમિયાન વૃદ્ધને ચક્કર આવ્યા, નીચે પટકાતા મોત

વડોદરા

નર્મદા પરિક્રમા દરમિયાન તિલકવાડાની બ્રાહ્મણ શેરીમાં રસ્તામાં ચાલતા જતા પડી જતા બેંગ્લોરના વૃદ્ધનું મોત નીપજ્યું છે. તિલકવાડા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

તિલકવાડાની બ્રાહ્મણ શેરીના રસ્તામાં વૃદ્ધ પટકાયા

બેંગ્લોરની શ્રદ્ધાકૃપા સોસાયટી, પીજી હાઉસ, જે.પી.નગરના રહેવાસી બાલન કિન્નામૂર્તિ ઐયર(૬૫) નર્મદાની પરિક્રમા માટે આવ્યા હતા. આ સમયે નર્મદા જિલ્લાના તિલકવાડાની બ્રાહ્મણ શેરીમાં તેઓ ચાલતા જઇ રહ્યા હતા. ત્યારે ચક્કર આવતા તેઓ રસ્તામાં પટકાયા હતા. જેથી તેઓને સારવાર માટે તિલકવાડાની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટમાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પોલીસે ફાન્સમાં રહેતા મૃતકના પરિવારજનોને જાણ કરી બેંગ્લોરના મૃતક બાલન કિન્નામૂર્તિ ઐયરનો પરિવાર હાલ ફ્રાન્સમાં રહે છે. જેથી પોલીસે તેના પરિવારજનોને જાણ કરી છે. અને મૃતદેહને ૩ દિવસ માટે સયાજી હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખવામાં આવ્યો છે.

વાંદરાઓને ભગાડવા અમદાવાદ એરપોર્ટના કર્મચારીને રીંછનાં ડ્રેસમાં તહેનાત કરાયાં

અમદાવાદ

અમદાવાદ એરપોર્ટની ચારેય કોર હરિયાળી હોવાથી વાંદરાઓના ત્રાસ હોય છે. છેલ્લા ઘણા સમયથી એરપોર્ટ ઓથોરિટી વાંદરાઓને ભગાડવા માટે અનેક પ્રયાસો કરી રહ્યાં છે. વાંદરાઓના હુમલાથી યાત્રીઓની સુરક્ષા માટે એરપોર્ટ ઓથોરિટીએ અનોખો પ્રયોગ શરૂ કર્યો છે. એરપોર્ટના કર્મચારીને વિશાલ રીછના ડ્રેસમાં તહેનાત કરવામાં આવ્યો છે. જે વાંદરાઓને ભગાડવા માટેનું કામ કરી રહ્યો છે. જો તમને એરપોર્ટ પર ખુલ્લામાં વિશાળ રીંછ દેખાય તો ડરતા નહીં.

એપ્રિલ ૨૦૧૯માં ૧૫ વાંદરાઓનું એક ગ્રુપ એર ઓપરેશનલ એરિયામાં ઘૂસી આવ્યું હતું. જેના કારણે ૧૦થી વધુ ફ્લાઈટ મોડેથી ઉડાન ભરી હતી. તેમજ બે ફ્લાઈટને અન્ય સ્થળ મોકલાઈ હતી. આ પહેલા એપ્રિલ ૨૦૧૭માં વાંદરાઓ રન-વે પર આવી જતા બે ફ્લાઈટને ટેકઓફ માટે ખાસી રાહ જોવી પડી હતી.

એરપોર્ટના ડાયરેક્ટર મુજબ મોટી સંખ્યામાં વાંદરાઓ એરપોર્ટના ઓપરેશનલ એરિયામાં ફરતા હોય છે. એર ટ્રાફિક કંટ્રોલના અધિકારી અને અન્ય કર્મચારીઓ તેમને ભગડવા માટે પ્રયાસ કરતા હોય છે. ત્યારે એવી જાણ થઈ કે વાંદરાઓ રીંછથી ડરે છે. અમારી પાસે પક્ષીઓ અને પ્રાણીઓને ભગાડવા માટેના કર્મચારીઓ છે. જેથી અમોએ તે કર્મચારીઓને રીંછનો ડ્રેસ પહેરાવી દીધો. વાંદરાઓ ફ્લાઈટ માટે મોટો ખતરો સાબિત થઈ શકે છે. આ પ્રયોગથી સારા પરિણામથી આશા છે.

મહિલા એલઆરડીએ અન્ય સાથે લગ્ન કરતા પ્રેમીએ સાસરે જઈ પથ્થર માર્યો

અમદાવાદ

કૃષ્ણનગરમાં રહેતી ૩૨ વર્ષીય સુનિતા એલઆરડી તરીકે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. ૩૧મી જાન્યુઆરીએ તેના લગ્ન થયા છે. પોલીસની તાલીમ દરમ્યાન હાલમાં ઇ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સુરેશ નામના એલઆરડી જવાન સાથે મિત્રતા થઇ હતી. બાદમાં બંનેની મિત્રતા પ્રેમમાં પરિણમી હતી. સુનિતા સુરેશ સાથે લગ્ન કરવા માગતી ન હોવાથી તેની સાથે વાતચીત બંધ કરી દીધી હતી. આમ છતાં સુરેશ તેણીને અવારનવાર હેરાન કરતો હતો.

લગ્નના આગળના દિવસોમાં પણ સુરેશે સુનિતાને અવાર નવાર રસ્તામાં રોકી તેની સાથે લગ્ન નહીં કરે તો મારી નાંખવાની ધમકી આપતો હતો. જેથી સુનિતાએ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપી હતી. ૨ ફેબ્રુઆરીએ સુરેશે સુનિતાના સાસરે જઈ જોર જોરથી બૂમો પાડી ગાળાગાળી કરી હતી. સુનિતા, તેના પતિ અને અન્ય લોકો સાથે સુરેશને સમજાવવા માટે ગયા હતા, જ્યાં તેણે સુનિતાને માથામાં પથ્થર મારી દીધો હતો. જેને કારણે સુનિતાએ પોલીસ બોલવતા બંનેને પોલીસ સ્ટેશનમાં લઇ ગયા હતા. પરંતુ ત્યારે માત્ર અરજી આપી હતી. બાદમાં ગઈકાલે સુનિતાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં સુરેશ સામે ફરિયાદ નોંધાવી હતી.

'મારવો હોય તો મારી લો પણ દંડ તો નહીં જ ભરુ'...વાહનચાલકનો વીડિયો વાઇરલ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં એક તરફ પાર્કિંગને લઈ સમસ્યાઓ વધી રહી છે. વાહનચાલકો બેફામ રીતે રોડ પર વાહનો પાર્ક કરી અને જતાં રહે છે જેથી ટ્રાફિકને અડચણરૂપ બને છે. જ્યારે પોલીસ અને કોર્પોરેશન તંત્ર આવા વાહનચાલકો સામે કાર્યવાહી કરે છે ત્યારે તેઓ તેમની સામે બોલાચાલી પર ઉતરી આવે છે.

અમદાવાદમાં પાર્કિંગ મામલે વાહનચાલક પોલીસ કર્મચારી અને કોર્પોરેશનના કર્મચારીઓ સામે બાંયો ચડાવી દંડ નહિ જ ભરુ તેવો વીડિયો વાઇરલ થયો છે. વીડિયોમાં વાહનચાલક 'તમારે મને બધાની વચ્ચે મારવો હોય તો મારી લો પણ દંડ નહી આપુ'. ઘણા લોકો કરોડોનું ફુલેકુ કરી ભાગી ગયા તેમની પાસે જઈ દંડ વસૂલ કરો તેવું જણાવી રહ્યો છે. પોલીસ કર્મચારીઓ અને કોર્પોરેશનના કર્મચારીઓ તેને દંડ ભરવા સમજાવી રહ્યા છે છતાં અમદાવાદી વાહનચાલક સમજી નથી રહ્યો.

નરેશ પટેલે મનસુખ વસાવાએ આદિવાસીઓને સમર્થન આપવાની વાતને ભૂલ ગણાવી

ધારાસભ્ય નરેશ પટેલની ઓડિયોક્લિપને લઈ આદિવાસી યુવાનોમાં નારાજગી

દાહોદ

હાલ ગણદેવીનાં ધારાસભ્ય નરેશ પટેલની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. આ ઓડિયો ક્લિપ ધારાસભ્ય નરેશ પટેલ તેમજ દાહોદના આદિવાસી યુવકની આંદોલનને લઈ થયેલ વાતચીત છે રબારી, ચારણ અને ભરવાડ સમાજનાં લોકોને અપાયેલ આદિવાસીઓના ખોટાં પ્રમાણપત્ર મામલે નરેશ પટેલની ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે.

આ ઓડિયો ક્લિપમાં ધારાસભ્ય નરેશ પટેલે આંદોલનને રાજકીય સ્વરૂપ આપતાં આંદોલનને કોંગ્રેસ પ્રેરિત ગણાવ્યું હતું. વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે પણ ગાંધીનગર ખાતે આંદોલન છાવણીમાં જઈ આંદોલનકારીઓને સમર્થન આપ્યું છે. ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ પણ ગાંધીનગર ખાતે જઈ આંદોલનને સમર્થન આપ્યું છે. તો ઓડિયો ક્લિપમાં ધારાસભ્ય નરેશ પટેલે ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ આદિવાસીઓને સમર્થન આપવાની વાતને ભૂલ ગણાવી હતી. ધારાસભ્ય નરેશ પટેલની ઓડિયો ક્લિપને લઈ આદિવાસી યુવાનોમાં નારાજગી ફેલાઈ ગઈ છે.

આ ઉપરાંત ઓડિયો ક્લિપમાં નરેશ પટેલ એસટીના બોગસ સર્ટીફિકેટ અપાતાં હોવાના મામલે પણ વાત કરી હતી. તો વાયરલ ઓડિયો ક્લિપ મામલે ધારાસભ્ય નરેશ પટેલે કહ્યું કે, ઓડિયો મારો જ છે. વાયરલ થાય તો હું કંઈ ન કરી શકું. આંદોલન કોંગ્રેસ પ્રેરિત છે. આંદોલન છાવણીમાં કોંગ્રેસના લોકોનો કબજો હોવાનો આરોપ નરેશ પટેલે મૂક્યો હતો. સાથે જ મનસુખ વસાવા અંગે તેઓએ કહ્યું કે, મનસુખભાઈ સમાજના વ્યક્તિ તરીકે ગયા હતા.

રાજકોટ મનપાની તવાઇ: બીગ બજાર સહિત ૧૪૨ મિલકત સીલ, એક કરોડની વસુલાત

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાએ બાકીદારો પર મેગા ઝુંબેશ શરૂ કરી છે. ૩૬ ટીમોને ૧૮ વોર્ડમાં મિલકતવેરો વસૂલવા માટે ઉતારી છે. બીગ બજારનો ૯૭,૬૭,૧૭૭ રૂપિયાનો વેરો ભરવાનો બાકી હોય આજે મનપાએ તેને સીલ કરી દીધું છે. બીગ બજાર સીલ થતા હજારો લોકોને તેની અસર પહોંચશે. તેમજ વિજયકાંત ફાઉન્ડરી, પેન્ટાલૂન, રાધેક્રિષ્ના જ્વેલર્સ સહિતની મિલકતો સીલ કરવામાં આવી છે .૧૪૨ મિલકત સીલ કરી એક કરોડની વસુલાત કરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ સેન્ટ્રલ ઝોનમાં ૪૧ મિલ્કતોને સીલ માર્યું તથા રીકવરી રૂ.૩૧,૮૬,૩૪૧, વેસ્ટ ઝોનમાં ૫૦ મિલકતોને સીલ માર્યું તથા રીકવરી રૂ. ૩૭,૭૬,૦૮૯, ઈસ્ટ ઝોનમાં ૫૧ મિલકતોને સીલ માર્યું તથા રીકવરી રૂ. ૩૭,૭૫,૦૦૦ થઈ. આમ વેરા-વસુલાત શાખા દ્વારા ૧૪૨ યુનિટને સીલ મરાયા તથા રીકવરી ૧.૦૮ કરોડ રૂપિયા વસુલાયા છે. શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા બીગ બજારને સીલ કરતા જ બાકીદારોમાં ફફડાટ ફેલાઇ ગયો છે. ૧૦૦થી વધુ મિલકતો સિલ કરવામાં આવશે. ચાલુ વર્ષે ૨૬૦ કરોડનો વેરા વસુલાત શાખાનો લક્ષ્યાંક છે. અંદાજીત ૨ મહિનામાં ૧૦૦કરોડની વસુલાત કરવાની છે.

૫ વર્ષના બાળકને ફાડી ખાનાર સિંહણ અને સિંહબાળ પાંજરે પુરાયા

અમરેલી

રાજુલા તાલુકાના ઉચૈયા નજીક ખેતમજુર પરિવાર ઝૂંપડામાં રહે છે. મોડીરાત્રે માતા-પિતા સાથે કિશોર સાદુળભાઈ (ઉ.વ. ૫) સુતો હતો. ત્યારે સિંહણ આવી ચડી બાળકને પકડી ભાગી ગઈ હતી. પરિવારજનો જાગી જતા હાકલા પડકારા કર્યા તેમ છતાં સિંહણ બાળકને ઉંચકી પકડી ભાગી ગઈ હતી. બાદમાં બાળકનો એક પગ સિંહણ ખાય ગઈ હતી અનેસિંહબાળે બાળકનું મોઢુ કરડી ખાધું હતું. વન વિભાગે સિંહણ અને સિંહબાળ બેભાન કરી પાંજરે પૂર્યા છે. ૫ વર્ષના બાળકને ફાડી ખાનાર સિંહણ અને સિંહબાળને વન વિભાગે ભેરાઇ વીડીમાંથી ઝડપી પાડ્યા છે.

ઊંચા વ્યાજની લાલચે ફાઇનાન્સ કંપની દ્વારા ૧૧૪ લોકો સાથે ૨૧ લાખની છેતરપિંડી

વડોદરા

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી સિલ્વર લાઇનમાં હામરો નિધિ ફાઇનાન્સ કંપની ચલાવતા ૭ ડાયરક્ટરો ૧૧૪ ગ્રાહકોને ઊંચુ વ્યાજ આપવાની લાલચ આપીને ૨૧ લાખ રૂપિયાની છેતરપીંડી કરીને ભાગી ગયા છે. આ મામલે સયાજીગંજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદી અશ્વિનીબેને જણાવ્યું હતું કે, હું હામરો નિધિમાં હું રોજના ૨૦૦ રૂપિયા બચત કરતી હતી. જ્યોતિબેન રોજના કાર્ડલઇને આવતા હતા અને ૨૦૦ રૂપિયા લઇ જતા હતા. રૂપિયા ભર્યા પછી મોબાઇલમાં મેસેજ પણ આવતો હતો. એક વર્ષ સુધી રૂપિયા ભર્યા હતા. અને એક વખત રૂપિયા મળ્યા પણ હતા. પરંતુ દિવાળી પછી જ્યોતિબેને રૂપિયા લેવા આવવાનું બંધ કરી દીધુ હતું. જેથી જ્યોતિબેનને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, ફાઇનાન્સવાળા પૈસા લઇને ફરાર થઇ ગયા છે. અમારી મહેનતના રૂપિયા તેઓ લઇને ભાગી ગયા છે. જે પૈકી નેપાળથી એક આરોપી પકડાઇ ગયો છે. જેથી અમે લોકોએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે. જેથી પોલીસ જલ્દીમાં જલ્દી આરોપીને પકડીને વડોદરા લાવે. જેથી બધા આરોપીઓને પકડી શકાય અને અમારા મહેનતના રૂપિયા અમને પાછા મળે.

વડોદરા શહેર પોલીસ કમિશ્નર અને સયાજીગંજ પોલીસ મથકે ૧૧૪ જેટલા ખાતેદરો સાથે છેતરપીંડી થઈ હોવાની ફરિયાદ કરી હતી.

હાર્દિકના વકીલની હાઈકોર્ટમાં ધારદાર દલીલ : 'અમને ખોટી રીતે હેરાન કરાયા'

અમદાવાદ

કોંગ્રેસી નેતા હાર્દિક પટેલને લઈને હાલ એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. હાર્દિક પટેલના આગોતરા જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. હાર્દિક પટેલના આગોતરા જામીન અરજી મામલે હાઈકોર્ટમાં હાર્દિકના વકીલે કહ્યું કે અત્યારે અમને ખોટી રીતે પરેશાન કરાઈ રહ્યાં છે. આ અગાઉ અનેક મોકા હતાં પરંતુ છતાં હાર્દિકની ધરપકડ થઈ નહીં. હાઈકોર્ટે આ અંગે સરકારનો અભિપ્રાય માંગ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજદ્રોહના કેસમાં હાર્દિક પટેલની ધરપકડ બાદ હાઈકોર્ટમાંથી તેને જામીન મળ્યા હતા. ત્યારબાદ માણસા પોલીસ અને સિદ્ધપુર પોલીસે તેની ધરપકડ કરી હતી. ત્યારબાદ હાર્દિક પટેલે ગુજરાત હાઈકોર્ટમાં અગોતરા જામીન અરજી કરી હતી. અગાઉ સેશન્સ કોર્ટે હાર્દિક પટેલના જામીન ફગાવ્યા હતા. ત્યારબાદ હાર્દિક પટેલે હાઈકોર્ટનું શરણ લીધું હતું. જ્યા હાર્દિકના વકીલે જણાવ્યું હતું કે, અત્યારે અમને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. અગાઉ સરકારને ઘણા મોકો મળ્યા હતા, પરંતુ ત્યારે હાર્દિકની ધરપકડ કરવામાં આવી નહોતી. અને અત્યારે જાણી જોઈને હેરાન કરવામાં આવી રહ્યા છે. હાર્દિકના વકીલની ધારદાર દલીલો બાદ હાઈકોર્ટે આ અંગે સરકારનો અભિપ્રાય માંગ્યો છે. ત્યારબાદ રાજ્ય સરકારે હાર્દિક મામલે જવાબ રજૂ કરવા માટે સમય માંગ્યો છે. હવે હાર્દિકની અગોતરા જામીન અરજી પર ૧૨ ફેબ્રુઆરીએ વધુ સુનાવણી હાથ ધરાશે.

સોશ્યલ વર્કર, પોલીસ અને શ્રમ વિભાગની ટીમે ૧૬ વર્ષની તરુણીને મુક્ત કરાવી

સિલાઈ મશીનના કારખાનામાં બાળમજુરી કરાવતા કારખાનેદારની ધરપકડ

સુરત

સચીન જીઆઈડીસી વિસ્તારના તિરૂપતી નગરમાં સિલાઈ મશીનના કારખાનામાં ક્રાઈમ બ્રાન્ચ, શ્રમ વિભાગ અને સોશ્યલ વર્કરની ટીમે દરોડા પાડી સતત ૧૨ કલાક સુધી મજૂરી કામ કરાવનાર કારખાનેદારની ધરપકડ કરી ૧૬ વર્ષની તરૂણીને મુક્ત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉદ્યોગ-ધંધાથી ધમધમતા સુરત શહેરમાં કારખાનેદારો અને ઉદ્યોગકારો દ્વારા પોતાના ખિસ્સા ભરવા માટે માસૂમ બાળકો પાસે બિન્દાસ્તપણે કાળી મજૂરી કરાવવામાં આવી રહી છે.

માસૂમ બાળકો પાસે કાળી મજૂરી કરાવનાર વિરૂધ્ધ માત્ર દેખાવ ખાતર કામગીરી કરાવવામાં આવી રહી હોવાથી માસૂમ બાળકોનું બાળપણ દોજખ બની રહ્યું છે. જો કે ગત રોજ સરકારના ત્રણ વિભાગના શૂરાતન ચઢ્યું હતું અને ઉન વિસ્તારના તિરૂપતી દાતાર હોટલની પાછળ પ્લોટ નં. બી/૧૫ ના ત્રીજા માળે દરોડા પાડ્યા હતા.

શહેર ક્રાઈમ બ્રાન્ચના મિસીંગ સેલ યુનિટ, ટાસ્ક ફોર્સ, સોશ્યલ વર્કરની ટીમ અને શ્રમ વિભાગની ટીમે સંયુક્ત રીતે પાડેલા દરોડામાં ઘરમાં જ સિલાઈ મશીનનું કારખાનું ચલાવતા સિદ્દીકી મોહમંદ અસલમ મોહમંદ મજીદને ત્યાંથી ૧૬ વર્ષની માસુમ બાળા કાળી મજૂરી કરતા મળી આવી હતી.

પોલીસ ટીમે માસૂમની હાથ ધરેલી પૂછપરછમાં સિદ્દીકી સવારે ૯થી રાત્રે ૯ વાગ્યા સુધી સિલાઈ કામ ઉપરાંત પરચૂરણ કામ કરાવતો હતો અને રૂા. ૯ હજાર પગાર ચુકવતો હતો. પોલીસે સિદ્દીકી વિરૂધ્ધ જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ ફરિયાદ નોંધી ધરપકડ કરવાની સાથે માસુમને કાઉન્સિલીંગ માટે રાંદેર રોડ રામનગર સ્થિત ગર્લ્સ હોમમાં મોકલાવી હતી.

સ્કૂલના બાળકો પાસે ઓટો રિક્ષાને ધક્કો મરાવ્યાનો વીડિયો વાયરલ



સુરત

નાનપુરા વિસ્તારમાં સ્કૂલના બાળકોને લઈને જતી ઓટો રિક્ષા બંધ થઈ ગઈ હતી. બાદમાં બાળકો પાસે ઓટોરિક્ષાના ડ્રાઈવરે રિક્ષામાં અમૂક બાળકો સાથે બેસી રહીને ધક્કો મરાવ્યો હોય તેવો વીડિયો સામે આવ્યો છે. ખાનગી શાળાના વિદ્યાર્થીઓ પાસે રિક્ષાને ધક્કો મરાવતાં વીડિયોને લઈને સોશિયલ મીડિયામાં ઓટો ચાલક સામે ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે.

આ અંગે આરટીઓના સુત્રોએ જણાવ્યું હતું કે, રિક્ષા નંબર જીજે ૫ એવાય ૪૩૦૦ના ડ્રાઈવર સામે નિયમો અનુસાર પગલાં લેવામાં આવશે. જો કે, આ બાબતે વાલીઓએ પણ ધ્યાન રાખવું જોઈએ તેવી કોમેન્ટ સોશિયલ મીડિયામાં સામે આવી હતી. બાળકો પાસે રિક્ષામાં ધક્કા મરાવવા યોગ્ય ન હોય આવા ચાલકોની રિક્ષામાં બાળકો ન મોકલવા સોશિયલ મીડિયામાં કોમેન્ટ આવી હતી.



સુરતના કિમ ગામના આજુબાજુના વિસ્તારમાં પકડાયેલ ઈંગલિશ દારૂની આશરે ૧૭ લાખ જેટલી બોટલો પોલીસ સમક્ષ બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.

શેરડી પકવતા એસસી-એસટી વર્ગના ખેડૂતોને સહાય મળશે

યોજના હેઠળ પ્રત્યેક હેકટર દીઠ રૂ. ૧૦ હજારની સહાય મળવા પાત્ર છે

નવસારી

મંગળવાર: શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુ.જાતિ તથા અનુ.જનજાતિના ખેડૂતોને સહાય આપવા માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ શેરડી પાકનું નવું વાવેતર કરનાર ખેડૂતોને રૂ.૧૦,૦૦૦/- સહાય પ્રતિ હેકટર (ખાતાદીઠ વધુમાં વધુ બે હેકટર માટે) તેઓના ખાતામાં જમા આપવાની જાગવાઈ કરવામાં આવી છે. જેમાં ચાલુ વર્ષે આ યોજનાનો વ્યાપ વધારી વધુમાં વધુ ખેડૂતોને લાભાન્વિત કરવા માટે આંશિક સુધારો કરી નવા વાવેતરની સાથે લામ પાક પણ આવરી લઇ તેના માટે પણ રૂ.૧૦,૦૦૦/-ની સહાય પ્રતિ હેકટર આપવાની જાગવાઇ કરવામાં આવી છે.

ખેડૂતોને વધુ ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા પ્રતિ હેકટર જા ખેડૂત ૭૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવે તો મેળવેલ વધુ ઉત્પાદન પેટે વેચાણ ભાવ મુજબ પ્રતિ. મે.ટન ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ ટકા પ્રોત્સાહક સહાય (ખાતાદીઠ વધુમાં વધુ બે હેકટર માટે) આપવાની જાગવાઇ પણ કરવામાં આવી છે. આ યોજનાનો લાભ મેળવવા માટે અનુ.જાતિ તથા અનુ.જનજાતિના ખેડૂતોએ આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી અરજીની પ્રિન્ટ આઉટ મેળવી સહી/અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો સાથે ગ્રામસેવકશ્રી અથવા તાલુકાકક્ષાએ તાલુકા પંચાયત ખાતે વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી)ને પહોંચાડવાની રહેશે. આ યોજના હેઠળ આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી આગામી ૨૯/૦૨/૨૦૨૦ સુધી ખુલ્લું મૂકવામાં આવશે. અનુ.જાતિ તથા અનુ.જનજાતિના જે ખેડૂતમિત્રોએ ચાલુ વર્ષે અગાઉ અરજી કરેલી નથી તેવા ખેડૂતમિત્રોને આ યોજના હેઠળ બહોળો લાભ લેવા માટે સમયમર્યાદામાં અરજી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી નવસારીની યાદીમાં જણાવાયું છે.

પરિણીતા સાથેની અંગતપળોનો વીડિયો વાયરલ કરનારની ધરપકડ

ખગેન્દ્ર ઉર્ફે ભરત નાયક સંબંધ રાખવા મહિલા પર દબાણ કરતો હતો

સુરત

પરિણીતા સાથેની અંગત પળોનો વીડિયો સમાજમાં જાહેર કરી દેવાની ધમકી આપી શરીર સંબંધ બાંધવાનું કહેનાર કાપોદ્રાના ખગેન્દ્ર ઉર્ફે ભરત નાયકની કાપોદ્રા પોલીસે ધરપકડ કરી હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા મુરઘા કેન્દ્ર શ્રીજીનગરમાં રહેતાં ખગેન્દ્ર ઉર્ફે ભરત બન્ના નાયકે ફરિયાદી પરિણીતા સાથે અગાઉ સંબંધ હોય ત્યારે અંગત પળોનો વીડિયો ઉતાર્યો હતો. આ વીડિયો ફરિયાદીને બતાવી તું મારી સાથે શરીર સંબંધ નહીં રાખે તો સમાજના માણસોના મોબાઈલ ઉપર વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. તેમ છતાં પરિણીતા તાબે નહીં થતાં આરોપી ખગેન્દ્રએ વીડિયો વાયરલ કરી નાંખ્યો હતો. કાપોદ્રા પોલીસે પરિણીતાની ફરિયાદ નોંધી આરોપી ખગેન્દ્ર નાયકની ધરપકડ કરી હતી.

રિક્ષાનો કાચ તોડવાના મુદ્દે મારામારીમાં જીવલેણ હુમલો

પૈસાની માંગણી કરાતા તલવાર જેવુ હથિયાર મારી દેવાયું

સુરત

પંદર દિવસ પહેલાં થયેલા ઝઘડામાં રિક્ષાના કાચ તોડવા બાબતે પૈસાની માંગણી કરતા તલવારથી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડ્યાનો બનાવ લીંબાયત પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નૂરાની મસ્જિદ પાસે રહેતાં શોએબ નૂર પઠાણે ફરિયાદી શાબીર બશીરશાના ભાઈને માર મારી રિક્ષાના કાચ તોડી નાંખ્યા હતા. જેના પૈસા આરોપી શોયેબ ઉર્ફે નૂર પઠાણ આપતો ન હતો. જથી ફરિયાદીના ભાઈએ પૈસાની માંગણી કરતા આરોપીએ મારી પાસે પૈસા માંગવા નહીં તેમ જણાવી ઝઘડો કરી તલવાર જેવા હથિયારથી હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયો હતો. લીંબાયત પોલીસે હત્યાની કોશિશનો ગુનો દાખલ કરી ઈન્ચાર્જ પો.ઈ. આર.પી. સોલંકીએ તપાસ હાથ ધરી છે.

બુલેટ ટ્રેન ભારતની જનતા માટેનો ગૌરવશાળી પ્રોજેક્ટ છે: ભરત પડયાં

બુલેટ ટ્રેન દ્વારા અમદાવાદથી મુંબઈ માત્ર ૨ કલાકમાં પહોંચી શકાશે

સુરત

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ મહારાષ્ટ્ર મુખ્યમંત્રીશ્રી ઉદ્ધવ ઠાકરે બુલેટ ટ્રેન અંગે આપેલા નિવેદન સામે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, બુલેટટ્રેન એ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ર અને દેશની જનતા માટે સુવિધાલક્ષી, વેપારલક્ષી, સમયલક્ષી એક ગૌરવશાળી ડ્રીમ પ્રોજકેટ છે, દેશનો પ્રોજેકટ છે. દેશમાં રહેતા લોકો અને યુવા પેઢી ઈચ્છતા હોય છે કે વિશ્વમાં જે નવું હોય, સારું અને ઉપયોગી હોય, જે પ્રગતિકારક હોય, જેનાથી વિશ્વમાં ગૌરવ થઈ શકે તેવા પ્રોજેકટ આપણાં દેશમાં પણ બનવાં જોઈએ.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, નવી પેઢીને બુલેટ ટ્રેનનું જ સ્વપ્ર હોય, બળદગાડાનું સ્વપન હોય કારણ કે, હવે ખેડૂતો પણ ટ્રેકટર વાપરે છે. જેમાં પણ ગતિ મળે, તેમાં પ્રગતિ થતી હોય છે. જયાં પણ લોકોની અવર-જવર વધે ત્યાં વિકાસ વધે.જયાં પણ સમયની બચત થાય ત્યાં લોકોના પૈસાની બચત વધતી હોય છે. આ એક સામાન્ય નિયમ છે.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, બુલેટ ટ્રેન દ્વારા અમદાવાદથી મુંબઈ માત્ર ૨ કલાકમાં પહોંચી શકાશે. જાપાન સરકાર બુલેટ ટ્રેન પ્રોજેકટનાં ૮૦ટકા લોન અટલે કે ૮૮ હજાર કરોડ, ૫૦ વર્ષ માટે ૦.૦૧ ટકાનાં મામૂલી વ્યાજ દરે આપે છે. ગુજરાત અને મહારાષ્ટ્રના લોકોની વ્યાપારી સમજ છે, આંખ હોવી એ પૂરતું નથી, દષ્ટિ હોવી એ જરૂરી છે. પાવર હોય તે પૂરતું નથી, વિઝન હોવું જોઈએ.

જયારે ભૂતકાળમાં ભાજપ- શિવસેના મહારાષ્ટ્રસરકારમાં સાથે હતાં ત્યારે આ પ્રોજેક્ટમાં સહયોગી હતાં , હવે બંન્ને રાજયોનાં જનહિત અને વિશ્વ સાથે તાલ મિલાવવા આ ગૌરવશાળી પ્રોજેક્ટમાં શ્રી ઉધ્ધવ ઠાકરે સહકાર આપશે તેવી આશા-અપેક્ષા છે.

જે કોંગ્રેસ અને કેટલાંક લોકો સ્ટેચ્ય ઓફ યુનિટીને ભંગાર કહીને, નિંદા કરીને સરદાર પટેલનું અપમાન કરતાં હતાં. તેઓ સામે તીવ્ર પ્રતિક્રિયા આપતા ભરત પંડયાએ જણાવ્યું હતું કે ટૂંકા ગાળામાં ૪૦ લાખથી વધુ પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવીને વિશ્વની સૌથી ઊંચી સરદારની પ્રતિમા અને પ્રતિભાને નજીકથી વધુ સારી રીતે ઓળખી શક્યાં છે. સરદાર પટેલના વ્યક્તિત્વને, દેશની એકતા-અખંડિતતા માટેના કર્તુત્વને વિશ્વમાં સૌથી વધુ જાણતાં થયાં છે. અને પ્રતિમાએ વિશ્વની ૮માં નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે જેને કોંગ્રેસે તેને ભંગાર કહ્યું હતું.

દેશની જનતાની સુવિધા અને વિશ્વ સાથે તાલ મિલાવવા માટે આ લોકઉપયોગી પ્રોજેકટ ખૂબ જરૂરી હોય છે. બુલેટટ્રેનમાં શ્રી ઉધ્ધવ ઠાકરે સહયોગ આપશે જ તેવો વિશ્વાસ શ્રી પંડયાએ વ્યક્ત કર્યો હતો.

અમરોલીમાં પાનના ગલ્લામાં તોડફોડ કરી બાઈક સળગાવી

ઝઘડો કરનાર ચાર લોકોને ઠપકો દેવાતા તોફાન

સુરત

અમરોલી-સાયણ રોડ પર આવેલા એક પાન-કોલ્ડ્રીંક્સના ગલ્લા પાસે ઝઘડો કરી રહેલા ચાર ઈસમોને ગલ્લા પાસે ઝઘડો નહીં કરવાનું જણાવતા ચાર આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ એક મોટર સાઈકલ સળગાવી દઈ, ગલ્લાની તોડફોડ કરી રૂા.૧.૧૭ લાખનું નુકસાન કરી ફરાર થઈ ગયા હતા. અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમરોલી છાપરાભાઠા રોડ સ્વીટ રેસીડેન્સી ખાતે રહેતાં રોહિતભાઈ લુણીનો પાન તથા કોલ્ડ્રીંક્સનો ગલ્લો અમરોલી-સાયણ રોડ પર આવેલો છે. ગતરોજ રાત્રિના સુમારે ગોજાયો વણઝારા, મેરૂ વણઝારો તથા અન્ય બે ઈસમો ઝઘડો કરતા કરતા તેમના પાનના ગલ્લા પાસે આવ્યા હતા. ત્યારે તેઓને ઝઘડો કરવાનીના પાડતા ઉશ્કેરાઈ જઈ ચારેય ઈસમોએ બાઈખ સળગાવી તથા પાનના ગલ્લાની તોડફોડ કરી ફરાર થઈ ગયા હતા. અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બજેટ ૫૦ કરોડથી વધુનું ટર્ન ઓવર કરતી કો.ઓ.સોસા.ને ટીડીએલ લાગશે

ઈ-કોમર્સ ટ્રાન્ઝેક્શનમાં પણ ટીડીએસનું પ્રપોઝલ કરાયું છે : એક્ષપોર્ટને કલીયર એકઝમ્પ્શન આપવામાં આવ્યું નથી : ટુર ઓપરેટરો ટીસીએસ હેઠળ આવરી લેવાયા છે : ચેરીટેબલ ટ્રસ્ટોએ એટીજી રજીસ્ટ્રેશન ઓનલાઈન કરવવું પડશે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સધર્ન ગુજરાત ઈન્કમ ટેક્ષ બાર એસોસિએશનના સંયુકત ઉપક્રમે મંગળવારે, ૪થી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે મજુરાગેટ સ્થિત શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળના હોલમાં 'બજેટ એનાલિસિસ એન્ડ ઈમ્પેકટ ઓન ઈકોનોમી'વિષય ઉપર ઈન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અમદાવાદના ટેક્ષ કન્સલ્ટન્ટ શ્રી મુકેશ પટેલે સામાન્ય બજેટ વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સેશનની શરૂઆતમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સામાન્ય બજેટમાં સમાવિષ્ટ ટેક્ષ, જીએસટી અને વેરા વિગેરે સાથે દક્ષિણ ગુજરાતની ઈન્ડસ્ટ્રી જોડાયેલી છે. પહેલા બજેટ માત્ર મુનીમો માટે જ રહેતુ હતુ પણ હવે દરેક વ્યકિતને બજેટ સ્પર્શે છે ત્યારે આ બજેટની સાચી સમજ આજના નિષ્ણાંત વકતાશ્રી આપણને આપશે.

શ્રી મુકેશ પટેલે પોતાના વકતવ્યમાં નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામણ દ્વારા રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટની મોટાભાગની બાબતો જેવી કે પર્સનલ ઈન્કમ ટેક્ષ પેયર્સ, ડાયરેકટ ટેક્ષ, સ્ટાન્ડર્ડ ડિડકશન, ઈ—કોમર્સ ટ્રાન્ઝેકશનમાં ટીડીએસ, ટેક્ષ ઓડીટ, ઈ—એસેસમેન્ટ, ઈ—અપીલ અને વિવાદથી વિશ્વાસ સ્કીમ વિગેરેને આવરી લીધી હતી.

ઈ—એસેસમેન્ટ વિશે તેમણે જણાવ્યુ હતુ કે સરકાર વધુમાં વધુ ટ્રાન્સફરન્સી લાવવાનો પ્રયાસ કરી રહી છે. સપ્ટેમ્બરમાં આ સ્કીમ આવી હતી. સ્કુટીનીના કેસોમાં નવી દિલ્હીથી નોટીસ નીકળે છે. સ્કુટીની કયા અધિકારી કરશે તે કોઇને ખબર નથી. કારણ કે પોર્ટલ ઉપર ઓનલાઇન કામગીરી કરી દેવામાં આવી છે. સ્કુટીનીના કેસોમાં ડિસેમ્બર — જાન્યુઆરીમાં નોટીસો કાઢવાનુ શરૂ થઇ ગયુ હતુ અને બીજા જ મહિને મોટાભાગના કેસોમાં ઓર્ડર પણ થઇ ગયા હતા. આનાથી ભ્રષ્ટાચારને ડામી શકાય છે અને કોઇ કનડગત ન હોવાને કારણે પ્રમાણિક કરદાતા ઘણા ખુશ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કો—ઓપરેટીવ સોસાયટીના કેસમાં અત્યાર સુધી ટીડીએસ ન હતો. પણ આ વખતે બજેટમાં રૂપિયા ૫૦ કરોડથી વધારે ટર્નઓવર ધરાવતી મોટી સોસાયટીઓને ટીડીએસ લાગશે. તદુપરાંત ઈ—કોમર્સ ટ્રાન્ઝેકશનમાં પણ ટીડીએસનું પ્રોવિઝન કરવામાં આવ્યુ છે. રૂપિયા ૫ લાખનો સેલ કે સર્વિસ વેલ્યુમાં ટેક્ષ ડિડકટ કરવાનુ રહેશે. ટૂર ઓપરેટરોને પણ ટીસીએસ (ટેક્ષ કલેકટ સોર્સિસ) હેઠળ આવરી લેવામાં આવ્યા છે. એટલે કે ટૂર ઓપરેટરોને બુકીંગ માટેના આપવામાં આવતા રૂપિયાના ૫ ટકા ટીસીએસ લાગશે.

વકતા શ્રી પટેલે કહયુ હતુ કે સામાન્ય બજેટમાં એક્ષપોર્ટને કલીયર એકઝમ્પ્શન આપવુ જોઇતુ હતુ પણ નાણાંમંત્રીશ્રીએ એવુ નથી કર્યુ. ભારતનો નિર્યાતકર્તા અન્ય દેશમાં પ્રોડકટ એક્ષપોર્ટ કરશે તો ત્યાંના ઇમ્પોર્ટરને પોઇન્ટ વન પર્સેન્ટ આપવાનો રહેશે. આથી સરકારે એક્ષપોર્ટના કેસમાં તો રાહત આપવી જ જોઇએ.

તેમણે ટેક્ષ ઓડીટ વિશે સમજણ આપતા જણાવ્યુ હતુ કે ધંધાની અંદાજિત આવકમાં ૫ ટકાથી વધારે કેશ રિસીપ્ટ નહીં હોય અને ૫ ટકાથી ઓછો ખર્ચ કેશમાં થયેલ હશે તો જ ટેક્ષ ઓડીટમાંથી રાહત મળશે. વિવાદથી વિશ્વાસ સ્કીમ વિશે તેમણે કહયુ હતુ કે સર્ચ સિવાયના કેસોમાં ઈન્ટરેસ્ટ અને પેનલ્ટીને માફ કરી માત્ર ટેક્ષ ભરપાઇ કરીને ઈન્કમ ટેક્ષ અપીલોનો નિકાલ કરવામાં આવશે. નવી જોગવાઇ પ્રમાણે ચેરીટેબલ ટ્રસ્ટોએ ૧૨ એએ અને એટીજી જેવા રજિસ્ટ્રેશન ઓનલાઇન કરવાના રહેશે તથા એની મુદત પાંચ વર્ષની રહેશે.

આ સેશનમાં ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદી, ચેમ્બરની ટેક્ષેશન એન્ડ બજેટ કમિટીના ચેરમેન સીએ સુરેશ કાબ્રા અને ટેક્ષેશન એન્ડ ઈકોનોમિક અફેર્સ કમિટીના કો—ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે પ્રાસંગિક વિધી કરી હતી. સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગકારો અને ટેક્ષ પ્રેકટીશનરોના વિવિધ સવાલોના વકતાશ્રીએ સંતોષકારક જવાબ આપ્યો હતો. સેશનના અંતે ધી સધર્ન ગુજરાત ઈન્કમ ટેક્ષ બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ અનિલ શાહે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.

તા.૧૬મીએ સિનિયર સિટીઝન માટે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

નવસારી

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા જિલ્લાકક્ષાની સિનિયર સિટિઝન સ્પર્ધાઓ જેમાં એથ્લેટીકસ, રસ્સાખેદ્વય, ચેસ, યોગાસન, કેરમ, ક્રિકેટ, વોલીબોલ, સ્પર્ધાઓનું આયોજન તા.૧૬/૦૨/૨૦૨૦ ના રોજ સર સી.જે.એન.ઝેડ મદ્રેસા હાઈસ્કુલ, નવસારી ખાતે સવારે ૯-૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા સ્પર્ધકોએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી બ્લોક, બીજા માળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારી ખાતેથી ફોર્મ મેળવી તા.૧૩/૦૨/૨૦૨૦ સુધીમાં કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે કચેરી ફોન નંબર (૦૨૬૩૭) ૨૮૦૬૬૩ પર સંપર્ક કરવો. આ સ્પર્ધામાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના ખેલાડીઓ જ ભાગ લઈ શકશે, તેમ જિલ્લા રમતગમત અધિકારી નવસારીની યાદીમાં જણાવાયું છે.

૪ મહિનાની બાળકીને માતા-પિતાએ ડેન્ગ્યુ-મેલેરિયાની દવા પીવડાવતા મોત



સુરત

સુરતમાં સમાજ માટે એક લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. સુરતનાં લિંબાયત વિસ્તારમાં ૪ મહિનાની બાળકીને માતા-પિતાએ ડેન્ગ્યુ અને મેલેરિયાની દવા પીવડાવી હતી. જે બાદ રાત્રે બાળકી જોર-જોરથી રડવા લાગી હતી. બાળકી રડતાં માતાએ સ્તનપાન કરાવી તેને સૂવડાવી દીધી હતી. પણ સવારે બાળકી ઉઠી જ નહી. બાળકીને હોસ્પિટલ લઈ જવાતાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. એકની એક દીકરી ગુમાવી દેતાં માતા-પિતાએ હોસ્પિટલમાં ચોધાર આંસુએ રડી પડ્યા હતા. જ્યારે ડોક્ટરોએ બાળકીને શું પીવડાવ્યું હતું તેવું પુછતાં જ માતા-પિતાએ જે જવાબ આપ્યો તે સાંભળીને ખુદ ડોક્ટરો પણ ચોંકી ઉઠ્યા હતા.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, મૂળ મહારાષ્ટ્રનાં મુકેશ પાટીલ લિંબાયતના સંજય નંગર પાસે રહે છે, અને મિલેનિયમ માર્કેટમાં સેલ્સમેન તરીકે નોકરી કરે છે. ગત બપોરે તેઓની સોસાયટીમાં અજાણ્યો વ્યક્તિ આવ્યો હતો. તેની ૧૨૦ રૂપિયા આપીને ડેન્ગ્યુ અને મેલેરિયાની પ્રવાહી દવા આપી હતી. જે પ્રવાહી દવા બાળકીને પીવડાવી હતી. સિવિલના ડોક્ટરો મૃતક બાળકીના માતા-પિતાના નિવેદન બાદ આશ્ચર્યમાં પડી ગયા હતા. ડોક્ટરોએ જણાવ્યું હતું કે, આવી કોઈ પણ રસી કે ટીપા પીવડાવવાના સરકારી કર્મચારીઓ પૈસા લેતા નથી.

હાલ બાળકીના મૃતદેહને પીએમ અર્થે ખસેડાયો છે. જે બાદ બાળકીનાં મોત અંગેનું સાચું કારણ જાણવા મળશે. આ મામલે પોલીસને પણ જાણ કરાઈ છે. ચોધાર આંસુએ રડતાં માતા પિતાને જોઈ કેટલાયની આંખો ભીની થઈ ગઈ હતી.


આધેડને ઝેરી દવા ગટગટાવવા મજબૂર કરનાર ચાર લેણદારોની ધરપકડ

સુરત

રેતીની લીઝ રાખવા માટે મિત્ર અને તેના મિત્રોને સાથે રાખી રૂ.૫૭ લાખ ઉછીના લેનાર કતારગામના આધેડે લીઝ મંજૂર ન થતા રકમ પરત કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ તમામ રકમ પરત નહીં કરી શકતા લેણદારો ઉઘરાણી કરી ધમકી આપતા હોય આધેડે ૧૦ દિવસ અગાઉ સાંજે કોઝવેના પાળા પાસે ઝારી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે ચોકબજાર પોલીસને જાણ થતા પોલીસે ગોવિંદભાઈનું નિવેદન નોંધી નરેશભાઈ, જનકભાઈ, હસમુખભાઈ, પરેશભાઈ અને રાહુલભાઈ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

ચોકબજાર પોલીસે આ બનાવમાં આધેડના મિત્ર અને તેના ત્રણ મિત્રો તેમજ ૧૫ વર્ષ અગાઉ ઉછીના રૂ. ૫૦ હજાર આપનાર પણ ધમકી આપતો હોય તેના વિરૂદ્ધ પણ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે આ બનાવમાં ચારેય લેણદારોની ધરપકડ કરી છે.

પનીરમાં ભેળસેળની ફરિયાદના પગલે વાલમ દુગ્ધાલયમાં આરોગ્ય વિભાગના દરોડા



સુરત

વરાછા વિસ્તારમાં આવેલા વાલમ દુગ્ધાલયમાં આરોગ્ય વિભાગે દરોડા પાડ્યા છે. આરોગ્ય વિભાગને પનીરમાં ભેળસેળ થતી હોવાની માહિતી મળી હતી. જેના કારણે દરોડા પાડી સેમ્પલ લઈ લેબમાં મોકલવામાં આવ્યા છે.

સુરતના વરાછા વિસ્તારમાં વાલમ દુગ્ધાલય આવેલું છે અહીં આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગને પનીરમાં ભેળસેળ થતી હોવાની ફરિયાદ મળી હતી જેના કારણે આરોગ્ય વિભાગની એક ટીમે દરોડા પાડ્યા હતા. આરોગ્ય વિભાગે દુકાનમાંથી પનીરના નમૂના લીધા છે અને તેને લેબમાં મોકલવામાં આવ્યા છે. લેબના રીપોર્ટ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું. જોકે, વાલમ દુગ્ધાલય વરાછા વિસ્તારમાં મોટું નામ ધરાવે છે અને ત્યાં દરોડા પડતા ચકચાર મચી જવા પામી છે.

રઘુવીર સેલિયમ માર્કેટમાંથી માલ ટ્રકોમાં ભરીને લઈ જતાં બે મજુરની ધરપકડ

સુરત

સારોલી નજીક આવેલી રઘુવીર સેલિયમ માર્કેટમાંથી માલ કાઢીને ટ્રકોમાં ભરીને લઈ જવાની કોશિશ કરતાં અજાણ્યાઓ ઝડપાયાં હતાં. પંદર દિવસ પહેલાં જ રઘુવીર સેલિયમ મારકેટને આગની ઘટનાને કારણે સુડા દ્વારા સીલ કરવામાં આવી છે.

કેટલાક જાગૃત વેપારીઓએ માર્કેટની બહાર ઊભેલી ટ્રકોમાં માલ ભરવામાં આવતો હોવાનું જાણીને માથાકૂટ કરી હતી અને તેને કારણે ચોરીની આ ઘટના પ્રકાશમાં આવી હતી. ભારે માથાકૂટ બાદ પોલીસને બોલાવવામાં આવી હતી, જેમાં બે મજૂરો પકડાયા હતાં.

પ્રાથમિક માહિતી અનુસાર પાંચ જેટલી ટ્રકોમાં દુકાનમાંનો માલ માર્કેટ નજીક ઊભેલી ટ્રકોમાં ભરવામાં આવ્યો હતો. આ ટ્રકો મહારાષ્ટ્ર પાર્સિંગની છે, જેમાંથી બે ટ્રકો અટકાવવામાં આવી છે.

૧૫ દિવસ પહેલા આગની ઘટનાને કારણે આખી બિલ્ડીંગ જોખમી હોવાથી સૂડાએ બિલ્ડિંગમાં પ્રવેશ બંધી ફરમાવી હતી. આમ છતાં, બિલ્ડિંગમાં પ્રવેશીને દુકાનોમાંથી માલસામાન કાઢવાનો પ્રયત્ન કરાયો હતો.

સીટી બસમાં વિદ્યાર્થીનો મોબાઈલ ચોરાઈ ગયો

સીટી બસમાં ધક્કા મુક્કી કરી વિદ્યાર્થીનીના બેગમાંથી મોબાઈલ ફોનની તફડંચી કરાઈ હતી. મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ પ્રાઈમ આર્કેડમાં રહેતી વિદ્યાર્થીની હર્ષીતા બેનીકુમાર ખત્રીએ આપેલી ફરિયાદ મુજબ સીટી બસ સ્ટેશનથી બસમાં ફરિયાદી ચઢી હતી ત્યારે ભીડનો લાભ ઉઠાવી અજાણ્યા વ્યક્તિએ ફરિયાદીની બેગમાંથી રૂપિયા આઠ હજારની કિંમતના મોબાઈલ ફોનની ચોરી કરી લીધી હતી. મહિધરપુરા પોલીસે વિદ્યાર્થીનીની ફરિયાદ નોંધી હતી.

ભેસ્તાનમાં ઝઘડામાં મજૂરને બ્લેડ મારી દીધી

પાંડેસરા-ભેસ્તાન ખાતે નજીવી બાબતે ઝઘડો કરી બે આરોપીઓએ એક મજુર પર બ્લેડ વડે હુમલો કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પાંડેસરા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ યુપીના વતની અને હાલમાં સચીન ભેસ્તાન ખાતે રહેતા અને છુટક મજૂરી કરતા મેવાલલા કોરી (ઉ.વ.૫૬) સાથે નજીવી બાબતમાં ઝઘડો કરી મનુ યાદવ તથા રમેશ યાદવ નામના બે આરોપીઓ બ્લેડ વડે હુમલો કરી જાંઘના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નવસારીમાં બાળ ક્રિડાંગણનું લોકાર્પણ

નવસારી નગરપાલિકા દ્વારા અમૃત યોજના હેઠળ રૂ.૪૫ લાખના ખર્ચે નવસર્જિત બાળ ક્રિડાંગણનું લોકાર્પણ તા.૦૬/૦૨/૨૦૨૦ ના ગુરૂવારના રોજ નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને યોજાશે. આ અવસરે નવસારી ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇ, નવસારી નગરપાલિકા પ્રમુખ શ્રી કાંતિલાલ પટેલ, ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઇ કાસુન્દ્રા, કારોબારી સમિતિ ચેરમેન શ્રી પ્રેમચંદ લાલવાણી ઉપસ્થિત રહેશે.

‘ટીચર મારવાના છે’ એ બીકથી ધો.૭ની વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાધો

સુરત

સુરતમાં વિદ્યાર્થિનીના આપઘાતનો એક એવો કિસ્સો સામે આવ્યો છે જેને લઈ સૌ કોઈ માતા-પિતા અને શિક્ષણના ધામમાં ચકચાર મચી જવા પામી છે. ૧૩ વર્ષીય સુહાની સુરતના કોસમાડા ગામે સરદાર આવાસ ફળિયામાં રહે છે. તે ગામની સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૭માં અભ્યાસ કરતી હતી. એક દિવસ અગાઉ પેટમાં દુખાવો થતાં તેણે શાળામાં રજા પાડી હતી. અને એક દિવસ બાદ ફરીથી શાળાએ ગઈ હતી. પણ



શાળામાં અન્ય બહેનપણીએ મજાક મસ્તીમાં સુહાનીને કહ્યું કે, આજે ટીચર તને મારવાના છે.

ટીચર મારવાના છે તે વાત સાંભળીને જ સુહાની ફફડી ઉઠી હતી. તેને ખ્યાલ ન આવ્યો કે તેની ફ્રેન્ડ મજાક કરી રહી છે. મજાક મસ્તીની આ વાતને સુહાનીએ એકદમ ગંભીરતાથી લઈ લીધી. વાત સાંભળ્યા બાદ તે બેગને સ્કૂલમાં જ મૂકીને ઘરે ભાગી આવી હતી. અને ઘરે આવીને તેણે લોખંડની એન્ગલમાં દુપટ્ટો ભરાવીને ગળેફાંસો ખાઈ લીધો હતો. સુહાની પાસેથી એક સુસાઈડ નોટમાં સુહાનીએ લખ્યું કે, મમ્મી-પપ્પા સોરી, બધા મને નિશાળમાં બીવરાવીયા કરતે હૈ ને બધા કેટા કે તને તીચર મારવાના હૈ એટલે પપ્પા મેં નથી જીવવાની. પપ્પા તમારી એક પોરી રાઘલી, રાઘલીને કોઈ મારતુની. મારા સપના પુરા કરજો.

સ્પોર્ટસ ઓથોરીટી ગુજરાત દ્વારા ગ્રામીણ ઓલમ્પિકનું આયોજન

આહવામાં લોક મેળામાં ગ્રામીણ રમત-ગમત ઉત્સવ

નવસારી

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે ૨૦૧૯-૨૦ માં આહવા ખાતે લોકમેળામાં માર્ચ-૨૦૨૦ દરમિયાન અગિયારમાં ગ્રામિણ ઓલમ્પિકસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ગ્રામિણ ઓલમ્પિકસમાં ભાઈઓની ૮૦ મી દોડ, લાંબી કૂદ, ગોળા ફેંદ્વક, ઊંચી કૂદ, તિરંદાજી, કબડ્ડ, ખો-ખો જેવી પરંપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવનાર છે. આ ગ્રામિણ ઓલમ્પિકસમાં ભાગ લેવા ઈચ્છતી જિલ્લા (ગ્રામ્ય)ની ટીમોની તેમજ ઈચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ આપવા માટે તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી શ્રી વિરલ પટેલ મો.નં-૯૮૯૮૨૭૯૪૪૯, જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ચંદ્રભાગા સ્મૃતિ આઈ.ટી.આઈ.પાસે, આહવા, જિ.ડાંગ ખાતે સંપર્ક કરવાનો રહેશે. આ અંગે વધુ જાણકારી માટે જિલ્લા રમતગમત અધિકારી, નવસારીનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

ઓનલાઈન ખરીદી કરતા રહો સાવધાન..!!

ઓએલએક્સ પરથી એર કંડીશન ખરીદવા જતા યુવકે રૂા. ૧૩ હજાર ગુમાવ્યા

સુરત

ઓનલાઈન ખરીદ-વેચાણ કરતી ઓએલએક્સ નામની વેબસાઈટ ઉપર એર કંડીશન વેચાણ કરવા મુકી ભેજાબાજોએ પીપલોદના મિલાનો હાઈટ્સમાં રહેતા યુવાન પાસેથી પેટીએમથી ટુકડે-ટુકડે રૂા. ૧૩ હજાર ટ્રાન્સફર કરાવી લઈ એર કંડીશનની ડિલીવરી નહિ આપી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ ઉમરા પોલીસ મથકમાં નોંધાઈ છે.

ડુમસ રોડ સ્થિત પીપલોદના રાજહંસ સિનેમાની પાછળ મિલાનો હાઈટ્સમાં રહેતા ગૌરાંગ અશોક શાહ (ઉ.વ. ૨૯) એ ઓનલાઈન ખરીદ-વેચાણ કરતી ઓએલએક્સ નામની વેબસાઈટ ઉપર એર કંડીશન વેચવા મૂકનાર વિકાસ પટેલ નામના ભેજાબાજના મોબાઈલ નં. ૯૩૫૧૮૧૦૫૫૧ પર સંપર્ક કર્યો હતો.

સંપર્ક દરમ્યાન વિકાસ



પટેલે એર કંડીશનનો રૂા. ૧૩૦૦૦નો ભાવતાલ નક્કી કરવામાં આવ્યો હતો. જેથી ગૌરાંગે ગત તા. ૧૯ મે ૨૦૧૯ ના રોજ પેટીએમ એકાઉન્ટમાંથી ટુકડે-ટુકડે પ્રથમ રૂા. ૭ હજાર ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ગત તા. ૨૦ મે ૨૦૧૯ ના રોજ મોબાઈલ નં. ૮૬૯૦૮૯૮૨૮૯ પરથી જયકિશન નામના ભેજાબાજનો કોલ આવ્યો હતો. જેમાં જયકિશને એર કંડીશનની ડિલીવરી આપવા આવે છે એમ કહી બાકીના રૂા. ૬૦૦૦ પેટીએમથી ટ્રાન્સફર કર્યા હતા.

પરંતુ ત્યારબાદ આજ દિન સુધી ગૌરાંગને એર કંડીશનની ડિલીવરી નહિ મળતા તેણે વારંવાર ઉપરોક્ત બંન્ને મોબાઈલ નંબર સંપર્ક કરવા છતાં કોઈ પ્રત્યુત્તર નહિ મળતા આ અંગે ગૌરાંગ શાહે વિકાસ પટેલ અને જયકિશન નામના બે ભેજાબાજ વિરૂધ્ધ ઉમરા પોલીસ મથકમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સૌથી નાની પ્રતિમા બની, વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયામાં સ્થાન મળ્યું

સુરત

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સૌથી નાની પ્રતિમા સુરતમાં બનાવવામાં આવી છે. ૩ડી ટેકનિકથી બનાવવામાં આવેલી આ ૧૩ એમએમની પ્રતિમાને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયામાં સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે ગિનિસ બૂક ઓફ રેકોર્ડમાં મોકલવાની તૈયાર કરવામાં આવી રહી છે.



સુરતની થ્રીડી એનિમેશન બનાવતી કંપનીને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સ્થાપ્રા કરવામાં આવી ત્યારે વિચાર આવ્યો હતો કે સુરતમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સૌથી નાની પ્રતિમા બનાવવી છે. ત્યારબાદ ૩ડી ટેકનિકથી કામ કરવાનું ચાલું કર્યું હતું. રેસિન મટીરીયલ્યથી ૧૩ એમએમની વિશ્વની સૌથી નાની સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવવામાં આવી છે. જેનું વજન એક ગ્રામ જેટલું પણ નથી. આ નાની પ્રતિમા માત્ર ૩૦ મિનિટમાં બનાવવામાં તૈયાર કરવામાં આવી છે.

અલ્ટ્રાવાયોલેટ લેસરની મદદથી તેની ઉપર ઝીણવટ પૂર્વક ધ્યાન મૂકવામાં આવ્યું હતું. થ્રીડી ક્લચર માટે લેર બાય લેયર આ પ્રતિમા તૈયાર કરવામાં આવી હતી. જેથી આ સ્ટેચ્યુ ઓફ યુનિટીની આબેહૂબ નકલ બની શકે. આ પ્રતિમા એટલી નાની છે કે સામાન્ય આંખોથી જોવામાં પણ મુશ્કેલી થાય છે. જોકે, ૩ડી ઈફેક્ટ હોવાના કારણે આબેહૂબ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવી લાગે છે.

સુરતમાં ૧૭મીથી વાયુ સેના માટે એરમેન ભરતી મેળાનું આયોજન

સુરત

રાજ્યના ૧૨ સાયન્સ પાસ યુવા અપરિણીત ઉમેદવારો માટે ભારતીય વાયુસેનામાં એરમેન તરીકે જોડાવવાની સુવર્ણ તક સાપડી છે. સુરતના આંગણે આગામી તા.૧૭ થી ૨૦મી ફેબ્રુઆરી દરમિયાન રાજયકક્ષાનો એરમેન ભરતી મેળો યોજાશે. જેમાં ગ્રુપ-વાય મેડીકલ આસીસ્ટન્ટર(નોન ટેકનીકલ ટ્રેડ)માં ભરતી યોજાશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ, ઉધના મગદલા રોડ વેસુ ખાતે સેન્ટ્રલ એરમેન સિલેકશન બોર્ડ દ્વારા વાયુસેના ભરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજયભરના યુવા ઉમેદવારોને આવરી લેતા આ ભરતી મેળો રાજયના જિલ્લાઓના ઉમેદવારો માટે બે ભાગમાં યોજાશે. ગ્રુપ વાય (નોન ટેક્નિકલ) મેડિકલ આસિસ્ટન્ટ ટ્રેડ માટે તા.૧૭મીએ યોજાનાર મેળામાં રાજયના અમરેલી, રાજકોટ, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, મોરબી, જામનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, ગાંધીનગર, પોરબંદર, અમદાવાદ, મહેસાણા, દીવ-દમણ, દાદરા અને નગર હવેલી જિલ્લાઓના ઉમેદવારો ભાગ લઈ શકશે. જેમાં પ્રથમ દિને તા.૧૭મીએ ફિઝિકલ ટેસ્ટ અને લેખિત પરીક્ષા યોજાશે જેમાં સફળ થનાર ઉમેદવારો બીજા દિને ૧૮મીએ એડેપ્ટબીલીટી ટેસ્ટ-૧ અને એડેપ્ટબીલીટી ટેસ્ટ-૨ લેવામાં આવશે. તા.૧૯મીએ સુરત, આણંદ, છોટા ઉદેપુર, દાહોદ, મહીસાગર, પંચમહાલ, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, વડોદરા, સાબરકાંઠા, ભરૂચ, ડાંગ, નર્મદા, તાપી, વલસાડ, નવસારી અને ખેડા જિલ્લાના ઉમેદાવારો ભાગ લઈ શકશે. તા.૧૯મીએ ફિઝિકલ ટેસ્ટ અને લેખિત પરીક્ષા તથા તા.૨૦મીએ એડેપ્ટબીલીટી ટેસ્ટ-૧ અને એડેપ્ટિબિલિટી ટેસ્ટ-૨ લેવામાં આવશે.

ભરતી માટે જરૂરી શૈક્ષણિક લાયકાત, ઉમર અને શારીરિક માપદંડો નિર્ધારિત કરાયા છે. જેમાં મેડિકલ આસિસ્ટન્ટ (નોન ટેક્નિકલ) ટ્રેડ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે સરેરાશ ૫૦ ટકા પાસ અને અંગ્રેજી વિષયમાં ૫૦ માર્ક્સ સાથે પાસ હોવું જરૂરી છે. તા.૧૭/૦૧/૨૦૦૦ થી તા.૩૦/૧૨/૨૦૦૩ (આ બંને દિવસો સહિત) જન્મ થયેલો હોવો જોઈએ. તથા લઘુતમ ઊંચાઈ ૧૫૨.૫ સે.મી. હોવી જરૂરી છે. આ ભરતી પરીક્ષા કમિશન અધિકારી, પાઈલોટ, નેવિગેટર્સ માટે નથી. વાયુસેનાના નિવૃત્ત અધિકારીઓના સંતાનો પણ ભરતીમાં ભાગ લઈ શકશે. ઉમેદવારો ભાગ લેવા માટે https://bit.ly/2tD2JbA લીંક પર રજીસ્ટ્રેશન કરાવી શકશે. વધુ વિગતો માટે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, સી-બ્લોક પાંચમો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત ખાતે તેમજ એન.સી.એસ.નો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૨૫ ૧૫૧૪ પર પુછપુરછ કરી શકશે. વધુવિગતો માટે આ ભરતી રેલી સંદર્ભે ઈન્ડિયન એરફોર્સની વેબસાઈટ www. airmenselection. cdac. in પર પ્રસિદ્ધ જાહેરાતમાંથી પણ મેળવી શકશે.

શંકાસ્પદ કોરોના વાયરસનો ભાગેલો દર્દી સમજાવટ બાદ હોસ્પિટલમાં પરત ફર્યો

સુરત

ચીન ખાતે હાહાકાર માચાવતો કોરોના વાઈરસ ભારતમાં પ્રવેશ નહીં કરે તે માટે તંત્રને એલર્ટ કરવામાં આવ્યુ છે. ચીનથી આવતા લોકોની તપાસ કરવા સાથે આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી સારવાર આપવામાં આવે છે. ત્યારે થોડા દિવસ પહેલા ચીનથી આવેલા યુવકમાં શંકાસ્પદ કોરોના વાઈરસ લક્ષણ દેખાતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવેલો એક દર્દી ગઈકાલે હોસ્પિટલમાંથી ભાગી જતા તંત્ર દોડતું થયું હતું. આ ઘટનામાં આરોગ્ય વિભાગની સમજાવટ બાદ દર્દી રિપોર્ટ માટે તૈયાર થયો છે અને બપોરે હોસ્પિટલ આવવાની બાંહેધરી આપી છે.

ચીનમાં હાહાકાર મચાવ નાર કોરોનાવાયરસ ભારતમાં ન ફેલાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવે છે. ચીનથી આવતા દર્દીને ચેક કરવા સાથે આ વાયરસ ફેલાય નહીં તે માટે ખાસ આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી સારવાર આપવામાં આવે છે. ત્યારે થોડા દિવસ પહેલા ચીનથી આવેલા અને વરાછા વિસ્તારમાં રહેતા ૪૧ વર્ષનાં યુવાન ૧૯ જાન્યુઆરીએ ચીનથી પરત ફર્યો હતો. આ યુવાનને શરદી ખાંસી જણાતા તથા કોરોનાવાયરસનાં લક્ષણ દેખાતા તેને સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ યુવાન સારવાર દરમિયાન ગતરોજ સિવિલ હોસ્પિટલ ખાતેથી સાંજે સાડા પાંચ વાગ્યાનાં અરસામાં આરએમઓને મળવા માટે જવાનું કહીને ભાગી ગયો હતો. જોકે, આ ઘટનાને લઈને તંત્ર દોડતું થયું હતું. દર્દીએ લખાવેલ સરનામાના આધારે વરાછા અને ખટોદરા પોલીસ દ્વારા તેની શોધ ખોળ કરવામાં આવી છે. ગઈકાલે, મોડી રાત્રે આ દર્દીની કોઈ ભાળ નહીં મળતા પોલીસ મથકે ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

રાજપીપલામાં યોજાયો મેગા જોબ-ફેર : ૩૮૭ જેટલા રોજગારવાંચ્છુ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

રોજગારવાંચ્છુ ઉમેદવારોને તેમના કૌશલ્ય થકી રોજગાર ભરતી મેળામાં પસંદગી પામીને શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર કરવા રોજગાર અધિકારી બારીયાનો અનુરોધ

માહિતી-પ્રસારણ વિભાગના સોશિયલ મિડીયા ટુલ્સનો યુવાનોને શ્રેષ્ઠ કારકિર્દી ઘડતરમાં બખૂબી ઉપયોગ કરવાની કરાયેલી હિમાયત

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લા રોજગાર કચેરી અને આઈ.ટી.આઈ.ના સંયુકત ઉપક્રમે આજે રાજપીપલામાં છોટુભાઈ પુરાણી વ્યાયામ સંકુલના પટાંગણમાં નર્મદા જિલ્લાના યોજાયેલા ત્રિમાસિક મેગા જોબ-ફેરને જિલ્લા રોજગાર અધિકારી જી.આર.બારીયા આઈ.ટી.આઈ.ના ઈન્ચાર્જ આચાર્ય અતુલભાઈ ચૌધરી, નાયબ માહિતી નિયામક યાકુબભાઈ ગાદીવાલા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારી બી.આર.રાઠવા, આઈ.ટી.આઈ. ના પ્લેસમેન્ટ ઓફિસર કાર્તિકભાઈ વસાવા સહિત વિવિધ ઔદ્યોગિક એકમના નોકરીદાતાઓ અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રોજગારવાંચ્છુ ઉમેદવારોની હાજરીમાં દિપ પ્રાગટય દ્વારા મેગા જોબ-ફેરને ખુલ્લો મૂકાયો હતો.આ જોબ-ફેરમાં વિવિધ ૫૭૪ જેટલી જગ્યાઓ માટે ઉપસ્થિત રહેલા ૪૬૭ ઉમેદવારો પૈકી ૩૮૭ જેટલાં ઉમેદવારોની જે તે નોકરીદાતાઓ દ્વારા પ્રાથમિક પસંદગી કરાઈ હતી.





નર્મદા જિલ્લાના રોજગાર અધિકારી જી.આર.બારીયાએ તેમના સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી જિલ્લા કક્ષાના આ જોબ-ફેરની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે,જિલ્લા ના રોજગારવાંચ્છુ ઉમેદવારોને તેમના મનપસંદની રોજગારીની તક મળી રહે તે માટે અને નોકરીદાતાઓને પણ તેમની જરૂરીયાત મુજબ કુશળ માનવબળ મળી રહે તેવા હેતુસર આજનો આ ઔદ્યોગિક ભરતી મેળો યોજાયો છે, ત્યારે આ ભરતી મેળામાં ભાગ લેનાર રોજગારવાંચ્છુ ઉમેદવારોને તેમનામાં રહેલાં કૌશલ્ય મુજબ જે તે રોજગારીમાં પસંદગી પામીને તેમની કારકિર્દીનું ઘડતર કરવાની તેમણે હિમાયત કરી હતી.

જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક યાકુબ ભાઈ ગાદીવાલાએ તેમના પ્રસંગોચિત ઉદબોધનમાં રાજયના માહિતી વિભાગ દ્વારા પ્રસિધ્ધ થતાં "ગુજરાત રોજગાર સમાચાર" સામાહિક, ગુજરાત રોજગાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક, ગુજરાત પાક્ષિક, ગુજરાત દિપોત્સવી અંક સહિત અન્ય પ્રકિર્ણ પ્રકાશનોની જાણકારી આપી યુવાનોને તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો કરતાં આ પ્રકાશનો અને રોજગારલક્ષી ભરતીની માહિતીસભર બાબતોથી સતત અવગત રહીને તેનો મહત્તમ લાભ લેવાની સાથોસાથ માહિતી વિભાગના સોશિયલ મિડીયા ટુલ્સના ઉપયોગ થકી તેમાંથી પ્રાપ્ત થતાં માહિતીસભર ખજાનાને કારકિર્દી ઘડતરના ઉપયોગ માં લેવાની ગાદીવાલાએ ખાસ હિમાયત કરી હતી.

નાયબ માહિતી નિયામક ગાદીવાલાએ વધુમાં ઉમેર્યું હતું કે, ડીઝીટલ યુગમાં યંગ ઈન્ડીયાની નવી જનરેશન જયારે સ્માર્ટ ફોન થકી સમગ્ર વિશ્વ સાથે સંપર્ક સેતુ સ્થાપી રહી છે ત્યારે જ્ઞાનના આદાન-પ્રદાનની તેમની જિજ્ઞાસા સંતોષી શકાય અને તેમને ફકત એક કલીકથી જ ઉપલબ્ધ કરાવી શકાય તેવા પ્રયાસના ભાગરૂપે રાજય સરકારના માહિતી અને પ્રાસરણ વિભાગે વિશેષ કરીને માહિતી વિભાગના સોશિયલ મિડીયાના વિવિધ ટુલ્સનો યુવાનોને બખુબી ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ખુબ જ ઉપયોગી રાજય સરકારની વિવિધ યોજના ઓની જાણકારી સાથે સરકારની કામગીરી, પ્રજાલક્ષી નિર્ણયો, ફલેગશીપ કાર્યક્રમ, રાજયની ભાતીગળ સંસ્કૃતિ સાથે જિલ્લાઓની ઔતિહાસિક જાણકારી, પ્રેરણાદાયી સ્ટોરી જેવી અલભ્ય માહિતી જિજ્ઞાસુઓને એક જ કલીકના માધ્યમથી ઉપલબ્ધ કરાવી શકાય તે માટે માહિતી વિભાગે તેની વેબ સાઈટ્સ સહિત ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ, ટવીટર અને યુ ટયુબ ચેનલો પણ કાર્યાવિત કરીને છેવાડાના વ્યકિતઓ સુધી જાણકારી પહોચાડવાનો રાજયના માહિતી વિભાગે યજ્ઞ આદર્યો છે તેમ પણ ગાદીવાલાએ જણાવ્યું હતું.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારી બી.આર.રાઠવાએ પણ તેમના પ્રસંગોચિત ઉદ્ બોધનમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા રોજગારલક્ષી વિવિધ યોજનાઓ ઉપરાંત સ્વરોજગાર લક્ષી યોજનાઓની વિસ્તૃત જાણકારી પૂરી પાડી સેવા, ઉદ્યોગ-વેપાર જેવી પ્રવૃત્તિઓ માટેની ધિરાણ સહાયનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે બ્રેક ઈન્ડીયા પ્રા.લી.-ઝઘડીયાના હિરેનભાઈ, અતુલ ઈન્સ્ટ્રીટયુટ ઓફ વોકેશનલ એક્ષેલન્સ-ધરમપુરના ગોવિંદભાઈ, રીલાયન્સ નીપોન લાઈફ ઈન્સ્યોરન્સ-રાજપીપલાના હરવિન્દસિંહ, નિરવ હેલ્થ કેર-રાજપીપલા ના શ્રી નિરવભાઈ, કોઝન્ટ ઈ સર્વિસ-વડોદરાના ફતેસિંગ ભાઈ, નિવિક ઈન્ડસ્ટ્રીઝ-આમલેથાના ભાવેશભાઈ, સાંઈ સિધ્ધિ ફાર્મા કેમ-રાજપીપલાના મનીષભાઈ, ટ્રેન્ડ ફાર્મા-રાજપીપલાના જયંતીભાઈ ભટ્ટ,સી.પેટ સ્કીલ ડેવલપમેન્ટ-વલસાડના પંકજભાઈ પગી વગેરે જેવા નોકરીદાતા-સંસ્થાઓએ આ મેગા જોબ-ફેરમાં ભાગ લીધો હતો અને તેમના પ્રસંગોચિત ઉદ્ બોધનમાં તેમની સંસ્થા તરફથી ઉપલબ્ધ રોજગારની સાથે પૂરી પડાતી અન્ય કલ્યાણલક્ષી સવલતોની પણ સવિશેષ જાણકારી સાથે ઉપસ્થિત રોજગારવાંચ્છુ ઉમેદવારોને તેનાથી માહિતગાર કર્યા હતા.

પ્રારંભમાં જિલ્લા રોજગાર અધિકારી જી.આર. બારીયા એ તેમના સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. કાર્યક્રમનુ સંચાલન રોજગાર કચેરીના ગુંજનકુમાર સોનીએ કર્યુ હતું. અને અંતમાં આઈ.ટી.આઈ.ના ઈન્ચાર્જ આચાર્ય અતુલભાઈ ચૌધરીએ આભારદર્શન કર્યુ હતું.

આધેડ વ્યક્તિ પાસેથી લીધેલા ઉછીના રૂપિયા ૧.૫૦ લાખ પાછા આપવા ન પડે તે માટે આધેડની હત્યા કરી લાશને સગે વગે કરનાર ચાર આરોપીઓને ઝડપી પાડતી નબીપુર પોલીસ



પૂર્વ આયોજીત કાવતરૂ રચી વયોવૃદ્ધ ઈસમનું ગળું દબાવી વયોવૃદ્ધ ઈસમનું ખૂન કરી લાશને સગે વગે કરી હતી

ભરૂચ : જાહેરાત આપનાર મકબુલ મહમદ ઉમરજી ચેતન ની જાહેરાતનાં આધારે ચેક કરતા શકમંદ નબીપુર ગામે રહેતી સુમૈયા તે દાઉદ બાબુભાઈ પટેલ ના ઘરે સી.સી.ટી. વી કેમેરામાં ચેક કરતા તા.૩૦/૦૧/૨૦૨૦ એ ગુમ થનાર મહમદ ઉમરજી ચેતન નાઓનું સી.સી.ટી.વી. કેમેરામાં સમગ્ર બનેલ બનાવની ઘટના કેમેરામાં આવતા આ કામના આરોપી બહેન સુરૈયાબેન તથા સુફિયા તે અજીત અઝીઝની પત્ની એ સુરૈયાબેન ના ઘરની ગેલેરીમાં સુફિયાબેને બોલાવી મરણજનારના કપડા ઉતારી આ કામના આરોપી મહેબુબ ઈબ્રાહિમ દિવાન ને ગેલેરીમાં આવેલ સી.ડી.નીચે સુફિયા તેમજ મેહબૂબ દીવાને મહમદ ઉમરજીનું ગળું દબાવી મોત નિપજાવેલ હોય અને લાશને કંબલમાં વીટાળી સીડી નાં નીચેના ભાગે મૂકી આરોપી મહેબુબ ઈબ્રાહિમ દિવાન જતા રહેલ ત્યારબાદ આરોપી રસીદ ઉમરજી આવતા આ કામે સુફિયા તેમજ સુમૈયાએ લાશને બતાવતા તે લાશ જોઈ હાથના ઈશારા વડે તથા મોબાઈલ ફોન થી વાતચીત કરી રસીદભાઈ જતા રહેલ, ત્યારબાદ આ કામના આરોપી બહેન સુફિયાએ લાશને ફરી વખત પોટલું બાંધી રાખેલ, ત્યારબાદ આ કામે આરોપી હુસેન અબ્દુલ્લા શહેરી તેની ઓટો રીક્ષા લઈ આવેલ અને આરોપી હુસૈન તથા સુમૈયા તથા સુફિયાએ લાશને ઉપાડવાનો પ્રયત્ન કરતા લાશ ઉપડતા નહિ જેથી લાશનું પોટલું બાંધી સીડી નીચે મૂકી આ રીક્ષાવાળો હુસૈન રીક્ષા લઈ જતો રહેલ,અને ત્યારબાદ સાંજના સાડા ચારેક વાગે સફેદ કલરની ઈન્ડીકા ગાડી લઈ આ કામના આરોપી બહેન સુફિયા તથા તેના ઘરવાળા અજિત ઉર્ફે અઝીઝ અબ્દુલ ગાડી ચલાવી સુમૈયાના ઘરે આવી,ગાડીની પાછળની ડેકી ખુલ્લી રાખી ઘરની અંદર ગેલેરીમાં સીડી ની બાજુમાં મહમદ ઉમરજી ચેતનની લાશ કંબલમાં વીટાળેલ પોટલામાં હોય તે લાશને ઉચકી ગાડીની પાછળની ડેકીમાં મૂકી સુફિયા બહેને મરણજનારનાં ની કપડાની થેલી લઈ ગાડીમાં બેસી આરોપી અજીત ઉર્ફે અઝીઝે ગાડી ચલાવી અને લાશને સગે વગે કરવા નીકળી ગયેલ અને રસ્તામાંથી આરોપી રસીદ ઉમરજીને ગાડીમાં બેસાડી લાશ ન મળે અને પુરાવા નો નાશ થાય તે હેતુ થી લાશને ઈટોલા ગામ નજીક આવેલ વિશ્વામિત્રી નદીમાં મગરો રહેતા હોય તેવું આ કામના આરોપીઓને જાણ હોય જેથી લાશને નદીમાં ફેકી દઈ અને મરણજનારનાં કપડા ની થેલી નેશનલ હાઈવે નં.૪૮ વલણ ગામ નજીક રોડની સાઈડમાં ફેકી દઈ અને આ કામે મરનારની લાશ ફેકેલ હોય તે જગ્યાએ સર્ચ ઓપરશન ફાયર બ્રિગેડ તથા એન.ડી.આર.એફ. તથા સ્થાનિક તરવૈયાઓ તેમજ વરણામાં પોલીસ સ્ટેશન ધ્વારા તથા સ્થાનિક પોલીસ દ્વારા લાશ શોધવાનો પ્રયત્ન કરતા મળી આવેલ ન હોય આ કામના આરોપેઓએ લાશને ફેકી દઈ પુરાવાનો નાશ કરેલ હોય અને આ કામે આરોપીઓએ મરનાર પાસેથી લીધેલ ઉછીના પૈસા પરત આપવા ન પડે તે હેતુ થી પૂર્વ આયોજિત કાવતરૂ રચી એકબીજાને મદદગારી કરી મોત નિપજાવેલ હોય જે બાબતની ફરિયાદ તા,૦૩/૦૨/૨૦૨૦નાં રોજ નબીપુર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલ છે,જે કામે તપાસ દરમ્યાન આરોપીઓને તા,૦૪/૦૨/૨૦૨૦ નાં કલાક ૧૬/૦૦ વાગે અટક કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ - (૧) સુફીયાબેન w/O અજિત ઉર્ફે અઝીઝ અબ્દુલ વોરા (૨) સુરૈયાબેન W/O દાઉદ બાબુભાઈ પટેલ (૩) રસીદભાઈ ઉમરજીભાઈ વલીભાઈ પટેલ (૪) અજિત ઉર્ફે અઝીઝ અબ્દુલ વોરા પટેલ તમામ રહે-નબીપુર તા,જી.ભરૂચ ઓને આજરોજ અટક કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે,

પકડવાના બાકી આરોપીઓ- મહેબુબ ઈબ્રાહીમ દિવાન (રીક્ષાવાળો) રહે-નબીપુર જીનકોલોની તા,જી.ભરૂચ (૬) હુસેન અબ્દુલ્લા ઉમરજી શેરી રહે-હિંગલ્લા આબાદ નગરી તા,જી.ભરૂચ

એસએમસી આવાસમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા ત્રણને ગંભીર ઈજા

સુરત

સુરતના વેસુ વિસ્તારમાં વહેલી સવારે ૬ વાગ્યે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વેસુ એસએમસી આવાસમાં ગેસ સિલિન્ડર આગ લાગ્યા બાદ બ્લાસ્ટ થયો હતો. આ અકસ્માતમાં ત્રણ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વહેલી સવારે જ સિલિન્ડર બ્લાસ્ટના ધડાકાને કારણે આસપાસનાં લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો ૪૨ વર્ષીય પ્રવિણ શાહ સુરતના વેસુમાં આવેલ એસએમસી આવાસમાં પરિવાર સાથે રહે છે. વહેલી સવારે ૬ વાગ્યાની આસપાસ ગેસ સિલિન્ડર એકાએક સળગવા લાગ્યો હતો. ગેસનો બાટલો સળગવાની જાણ સૌપ્રથમ પાડોશમાં રહેતાં ૩૨ વર્ષીય વિનોદ ગોસ્વામીને થઈ હતી. બાટલો સળગતાં જોઈ તરત જ આ પાડોશીએ ઘરમાં રહેલાં ત્રણ બાળકોને બહાર કાઢી લીધા હતા.



બાળકોને હેમખેમ બહાર કાઢી લીધા બાદ વિનોદ ગોસ્વામી, પ્રવીણ શાહ અને જયોત્સના શાહ આગ ઓલવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પણ ત્યાં જ ગેસનો બાટલો ફાટતાં ત્રણેય જણાં ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ઘટનામાં હીરોની ભૂમિકા ભજવેલ વિનોદ ગોસ્વામીની હાલત અત્યંત ગંભીર છે. વિનોદ માતા પિતા અને બે સંતાનો સાથે રહે છે. તેની પત્નીનું મોત થયું છે. અને પત્નીનાં મોત બાદ તે એક દીકરો અને દીકરી માટે માતાની જવાબદારી નિભાવી રહ્યો છે. તો પાનનો ગલ્લો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો છે. આગમાં ગંભીર રીતે દાઝી જવાને કારણે હાલ વિનોદ મોત અને જીવન વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

તા.૧૫'મી જાન્યુઆરી બાદ ૧૭૫ લોકો ચીનથી સુરત પરત આવ્યા

સુરત

ભારત સરકાર દ્વારા કોરોના વાયરસ અંગે મેડીકલ ગાઈડલાઈન જાહેર કરી છે. ૧૫મી જાન્યુઆરી ૨૦૨૦ બાદ જેટલા લોકો ભારત પાછા ફર્યા છે તે તમામની હોમ સ્ક્રીનિંગ કરવાની રહેશે. મેડીકલ સર્વેલન્સ દરમ્યાન જો સર્દી ખાંસીના લક્ષણો દેખાય તો દર્દીને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવાના અને તેના રિપોર્ટ રાજયની મુખ્ય હોસ્પિટલ ખાતે મોકલવાના રહેશે.

જો રિપોર્ટ પોઝીટીવ આવે તો દર્દીને દાખલ કરી તેને સારવાર આપવાની રહે છે અને નેગેટીવ આવે તો રજા આપી દેવાની રહે છે. સુરતમાં અત્યાર સુધી ૧૭૫ જેટલા લોકો ચીનથી સુરત પાછા ફર્યા છે તે તમામની હોમ સ્ક્રીનિંગ કરવામાં આવી છે.



નવસારી બજારમાં આવેલા તલવાડીમાં પાર્કિંગ બાબતે બબાલ સર્જાઈ હતી. જેમાં ત્રણેક મહિલાઓને માર મારવામાં આવ્યો હતો. જેથી ઈજાગ્રસ્ત બે મહિલાઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ખેરૂન નિષાના અને શબાના નામની મહિલાઓએ જણાવ્યું હતું કે તેમને સળીયો મારવામાં આવ્યો હતો. કરીમ નામના ઈસમે માથાના ભાગે સળીયો માર્યો હોવાનું કહ્યું હતું.હાલ ઈજાગ્રસ્ત બંન્ને મહિલાઓની સારવાર સિવિલ હોસ્પિટલમાં ચાલી રહી છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

નર્મદા માટે વિશાલ પાઠક બન્યા વેલીયન્ટના બ્રાન્ડ એમ્બેસેડર,તેમના ચાહકોમાં ભારે ખુશી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ભારતમાં જે ખુબજ ચર્ચિત બન્યું છે એ વેલીયન્ટ બ્રાન્ડ સાથે ઈન્ટરનેશનલ ખેલાડીઓ એક પછી એક જોડાવા લાગ્યા છે. વેલીયન્ટ બ્રાન્ડના બેટ હવે ઈન્ટર નેશનલ મેચો માં પણ ખેલાડીઓ વાપરતા થયા છે ટી ૨૦ વર્લ્ડકપની ક્વોલિફાય મેચોમાં,એશિયા કપમાં અને ઘણી ઈન્ટર નેશનલ મેચોમાં જતિન્દરસિંગ વેલીયન્ટનું બેટ યુઝ કરતો જોવા મળે છે ,વેલીયન્ટ એ ઓલ ઈન્ડિયામાં પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે જેમાં ઈન્ટરનેશનલ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પૂર્વ ભારતીય ક્રિકેટર ચેતન શર્મા, ઓમાનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જતિન્દરસિંગ,ભારત ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે વિપુલ નારીગરા, મધ્યપ્રદેશના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રીચી શુકલા અને ગુજરાતમાં અનેક જિલ્લાઓના પણ બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે જેમાં વેલીયન્ટ બ્રાન્ડના પ્રોમોશન માટે મુખ્ય ફેસ તરીકે વિશાલ પાઠક સાથે એક વર્ષનો કરાર કરવામાં આવ્યો છે.

વિશાલ પાઠકે પોતાની મેહનત થી ક્રિકેટ સાથે ખૂબ પ્રગતિ કરી છે અને નર્મદા જીલ્લાનું નામ રોશન કર્યું છે.મૂળ રાજપીપળાના વિશાલ પાઠક નર્મદા જિલ્લામાં વેલીયન્ટ બ્રાન્ડની જાહેરાત કરશે તેવી વાત થી લોકોમાં ભારે ખુશી જોવા મળી રહી છે કે છે.માટે નર્મદાના લોકો વિશાલ પાઠકને હવે એક સેલિબ્રિટી તરીકે જોતા થયા છે.

સાલૈયા મુકામે ડો. મતાઉદ્દીન ચિશ્તીની વિશેષ ઉપસ્થિતિમાં અધ્યાત્મ ઉત્સવ યોજાશે





સુરત (મોટામિયા માંગરોલ)

ઘેર ઘેર ગાયો પાળો, ઘેર ઘેર વૃક્ષ વાવો, કોમી એકતા, ભાઈચારો, વ્યસનમુક્તિ, શિક્ષણ અને માનવસેવાનો ઉપદેશ આપતી પરંપરાગત ઐતિહાસિક પરંપરાગત મોટામિયા માંગરોલની ગાદીના હાલના ગાદી પતિ સજ્જાદાનશીન આદરણીય હિઝ હોલીનેસ સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી સાહેબના સુપુત્ર - ઉત્તરાધિકારી આદરણીય ડો. મતાઉદ્દીન ચિશ્તી સાહેબ અગામી તારીખ ૮-૨-૨૦૨૦ના શનિવારે સાંજે લગભગ ૬-૦૦ કલાકે માંડવી તાલુકા ના સાલૈયા મુકામે પધારશે, જ્યાં ભવ્ય અધ્યાત્મ ઉત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે. તેઓ રાત્રે ૯-૩૦ કલાકે પોતાની આગવી શૈલીમાં આધ્યાત્મિક તેમજ જીવન ઉપયોગી, વ્યસન મુક્ત, અને શિક્ષણ ઉપર ખાસ પ્રવચન આપશે પ્રવચન બાદ મુલાકાત અને કોમી એકતાના ભજનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સાંજે ભોજન તેમજ પ્રસાદી પણ રાખવામાં આવેલ એમ ચિશ્તી ખાનદાન ભજન મંડળ સાલૈયાના આયોજકો એ જણાવેલ છે.

નર્મદા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સિકલસેલનું પ્રમાણ વધુ હોવા છતાં આરોગ્ય વિભાગની કામગીરી પર અનેક સવાલ

સિકલસેલ જેવી બીમારી પાછળ સરકાર લાખો રૂપિયા બગાડે છે છતાં નર્મદામાં લોકોના મૃત્યુ માટે જવાબદાર કોણ..?

નાંદોદ તાલુકાના ભુછાડ ગામના ૩૦ વર્ષીય યુવાનને સિકલસેલની બીમારી બાદ નર્મદા થી સુરત સારવાર માટે લઈ જવાયો છતાં ત્યાં પણ મોતને ભેટ્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજય સરકાર નર્મદા જિલ્લામાં સિકલસેલ જેવી બીમારી પાછળ કરોડો રૂપિયા નો ધુમાડો કરતી હશે છતાં તંત્ર દ્વારા એ માટેના કાર્યક્રમો ફક્ત નામના જ બતાવી સબ સલામત ના દાવા કરાતા હોય જેનો ભોગ દર્દીઓ બને છે.જેનો તાજોજ દાખલો નાંદોદ તાલુકાના ભુછાડ ગામના યુવાનના મોત બાદ જોવા મળ્યો

નાંદોદ તાલુકાના ભુછાડ ગામનો પ્રદીપ દલસુખભાઈ વસાવા (૩૦) ને સીકલસેલની બીમારી હોય તેને કસ્તુરબા હોસ્પિટલ ઝગડીયા જી.ભરૂચ ખાતે સારવાર માટે દાખલ કરેલ તે દરમ્યાન તબિયત વધુ બગડતા વધુ સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે રીફર કરતા ફરજ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા એક યુવાન પુત્રનું મોત થતા તેના પરિવાર પર આફત આવી પડી છે. અત્રે સવાલ એ થાય છે કે નર્મદા જિલ્લાના ઘણા ગામોમાં સિકલસેલ ના ઘણા દર્દીઓ છે જેના માટે સરકાર લાખો રૂપિયા બગાડતી હોવા છતાં તંત્ર ની ક્યાંક ને ક્યાંક કચાસ જરૂર કહી શકાય જેના કારણે આ દર્દીઓના મૃત્યુ થાય છે. તો શું સરકાર ના લાખો રૂપિયા ચવાઈ જતા હશે.? કે અન્ય કોઈ કારણ હશે.? એ સત્ય હકીકત તો તટસ્થ તપાસ બાદ જ બહાર આવી શકે,હાલ એક આદિવાસી પરિવારે પોતાનો યુવાન દીકરો ગુમાવ્યો હોય રાજપીપળા પોલીસે અ. મોત દાખલ કરી છે.



દર્દીઓને સરકાર દ્વારા મળતા અમુક લાભો પણ ખવાઈ જતા હોય છે ત્યારે ફક્ત આરોગ્ય વિભાગ નહીં બલ્કે મોટા ભાગના સરકારી વિભાગોમાં અમુક અધિકારી ઓની મિલી ભગતના કારણે ગરીબ લોકો માટે જાહેર કરેલી સરકારી યોજનાના લાભોથી લોકો વંચિત રહી જાય છે.અને આગેવાનો આરટીઆઈ કરે કે આવેદનો આપે આખરે નિરાશા સિવાય કાંઈ મળતું નથી.

નર્મદા જીલ્લાના સાગબારાના રાણીપરા ખાતે ગૌચર જમીનમાં ગેરકાયદેસર બાંધેલું ચર્ચ દૂર કરવા રજુઆત



અગાઉ કલેકટર, મામલતદાર અને TDOને પણ રજુઆત કરી છે તે છતાં એ બાંધકામ રોકવા કોઈ જ પ્રકારની કાર્યવાહી કરાઈ નથી

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના રાણીપરા ગામના તલાટી અને સરપંચને લાંચ આપી ગેરકાયેદર રીતે ચર્ચનું બાંધકામ ચાલુ કરાયું હોવાના આક્ષેપ સાથે નર્મદા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં તલાટી અને સરપંચને લાંચ આપી ગેરકાયદેસર રીતે ચર્ચનું બાંધકામ ચાલુ કર્યું હોવાના આક્ષેપ સાથે નર્મદા જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરાયું છે.ગ્રામજનોએ આ બાંધકામ વહેલી તકે દૂર કરવાની માંગ પણ કરી છે.

ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યપાલ, મુખ્ય ન્યાયમૂર્તિ, ગૃહમંત્રી અને સુપ્રીમ કોર્ટને સંબોધતા આવેદનપત્રમાં ગ્રામનજોએ જણાવ્યું છે કે સાગબારા તાલુકાના રાણીપરા ગામે બ્લોક નંબર ૭૧ વાળી ગૌચર જમીનમાં સરપંચ અને તલાટીને લાંચ આપી ગેરકાયદેસર ઠરાવ કરી ચર્ચનું બાંધકામ ચાલુ કરાયું છે.આ મામલે નર્મદા ૨૫/ ૧૧/ ૨૦૧૯ એ કલેકટર, મામલતદાર,અને TDO ને પણ રજુઆત કરી છે તે છતાં એ બાંધકામ રોકવા કોઈ જ પ્રકારની કાર્યવાહી કરાઈ નથી.

બિનખેતી માટે નર્મદા કલેકટર અને નગર નિયોજની મંજૂરી લેવી પડે છે એ કાર્યવાહી પણ થઈ નથી,એ જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરી એ જમીન પચાવી પાડવાની કોશિશ કરાઈ રહી છે.

અગાઉ આ મામલે મુખ્યમંત્રીને રજુઆત કરી હતી ત્યારે મુખ્યમંત્રી દ્વારા પણ યોગ્ય કાર્યવાહી કરી રિપોર્ટ સોંપવા જણાવ્યું હતું તે છતાં કઈ જ થયું નથી.રાણીપરામાં ગ્રામજનોને પટાવી ફોસલાવી ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ કરવાના હેતુથી ગેરકાયદેસર ચર્ચનું બાંધકામ થઈ રહ્યું છે.જેથી વહેલી તકે આ બાંધકામ રોકવા વિનંતી કરાઈ હતી.

નર્મદા પરિક્રમાએ નીકળેલા બેંગ્લોરના પરિક્રમાવાસીનું તિલકવાડા બજારમાં ચક્કર આવતા મોત



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પરિક્રમા કરવા હજારો શ્રદ્ધાળુઓ પગપાળા મોટું અંતર કાપતા હોય ત્યારે એ દરમિયાન ઘણા પરિક્રમાવાસીઓની તબિયત લથડતી હોય જેમાં કેટલાક શ્રધ્ધાળુઓના મોત પણ થતા હોય છે.ત્યારે ગતરોજ બેંગ્લોર થી નર્મદા પરિક્રમા એ નીકળેલા કેટલાક પરિક્રમાવાસીઓ ફરતા ફરતા તિલકવાડા બ્રાહ્મણ શેરી માંથી પસાર થતા હતા તે વખતે રસ્તા પર અચાનક ચક્કર આવતા પડી જતા ત્યાંથી ગ્રામજનો સારવાર અર્થે લઈ આવતા તિલકવાડા આરોગ્ય કેન્દ્રના તબીબે તપાસ કરતા તેમને મૃત જાહેર કરતા પોલીસે અ.મોત દાખલ કરી છે.

પ્રોહીબીશનના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના અનુસંધાને જીલ્લામાં બનેલ પ્રોહીબીશનના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગેની ડ્રાઇવ અનુસંધાને ઇન્ચાર્જ પો. સ. ઇ. બી. ડી. વાઘેલાનાઓના માર્ગદર્શન હેઠળ ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમના માણસો ઝઘડીયા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી આધારે ઝઘડીયા પો.સ્ટે.ના ગુનાના કામે પોલીસ ધરપકડથી નાસતો ફરતો આરોપી - કંચનભાઈ ચતુરભાઈ વસાવા રહે, અમરતપુરા તા.અંકલેશ્વર જી.ભરૂચનાને મુલદ ચોકડી ખાતેથી પકડી પાડી આજે CrPC ૪૧ (૧) આઈ અટક કરી આગળની કાર્યવાહી કરવા ઝઘડીયા પો.સ્ટે. સુપ્રત કરવામાં આવેલ છે.

જેલમાં જઈશું પણ આદિવાસીઓના હક બાબતે સરકાર સામે ઝૂકીશું નહીં: પી.ડી.વસાવા



રાજપીપળા

આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રો લઈને નોકરી કરતા લોકોને દૂર કરી સાચા આદિવાસીઓને ન્યાય આપવા "સાચા આદિવાસી બચાવો સમિતિ" દ્વારા ગાંધીનગર ખાતે આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. આ આંદોલનને રાજયના આદિવાસીઓ નેતાઓનું સમર્થન મળી રહ્યું છે. નાંદોદના કોંગ્રેસના ધારાસભ્ય પી.ડી.વસાવાએ આંદોલનને ખુલ્લું સમર્થન જાહેર કરીને આંદોલનકારીઓ સાથે ધારણા પર પણ બેસી ગયા હતા.

કોંગ્રેસના ધારાસભ્ય પી.ડી. વસાવાએ જણાવ્યું હતું કે, આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રો બાબતે અમે વિધાનસભામાં રજૂઆતો કરી છે. પત્રો લખ્યા છે. પણ એક વાત નક્કી છે કે, જ્યાં સુધી સરકાર પર દબાણ નહીં લાવો, ત્યાં સુધી સરકાર આપણું સાંભળવાની નથી. આદિવાસી યુવાનો ગામડે ગામડે જાય અને જાગૃત કરી મોટી સંખ્યામાં આ આંદોલનમાં જોડાશે તો એનો પડઘો વધારે પડશે.જેલમાં જવુ પડશે તો જઈશું. લાકડીઓ પણ ખાઈશું પણ આદિવાસીઓના હક બાબતે સરકાર સામે ઝૂકીશું નહીં.

કોંગ્રેસના ધારાસભ્ય પી.ડી. વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, નવનિર્માણના આંદોલનમાં મેં પણ ઘણી લાકડીઓ ખાધી છે. જોકે તે સમયની અને અત્યારની પરિસ્થિતિમાં ઘણો ફેર છે, એ સમયે શિક્ષણનું પ્રમાણ ઓછું હતું અત્યારે વધુ છે. અત્યારે આદિવાસીઓમાં ભાગલા પાડવાવાળા ઘણા લોકો છે. આપણે એનાથી સજાગ રહેવાનું છે.

કેન્દ્ર સરકારે IIITને ઈન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ તરીકેનો દરજ્જો આપ્યો

સુરત

દેશમાં ૨૫ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફોર્મેન્શન ટેક્નોલોજીમાંથી પાંચ સરકારી અને ૨૦ પીપીપી ધોરણે ચાલે છે. જેમાંથી પાંચ આઈઆઈઆઈટીને કેન્દ્ર સરકાર દ્વારા ઈન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ તરીકેનો દરજ્જો આપવાની જાહેરાત કરી છે. પાંચમાંથી એક આઈઆઈઆઈટી સુરતના એસવીએનઆઈટી કેમ્પસમાં ચાલે છે. આ જાહેરાતને આવકારતાં કેમ્પસના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને સાથે સંસ્થાને પણ ખૂબ જ ફાયદો થશે.

આઈઆઈઆઈટી સુરતના ડિરેક્ટર જે.એસ.ભટ્ટએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭થી ચાલતાં બી ટેક અને ઈસીના કોર્ષમાં અત્યારે કુલ ૩૨૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. કેન્દ્ર સરકારની જાહેરાતથી વિદ્યાર્થીઓને અને ઈન્સ્ટીટ્યુ બન્નેને ફાયદો થશે. આગામી સમયમાં બોર્ડ ઓફ ગવર્નન્સ બનતાં ઓટોનોમસ રીતે કોર્ષ વધારી પણ શકાશે અને વિદ્યાર્થીઓને નેશનલ ઈન્ટરનેશનલ લેવલની ડિગ્રી મળી રહેશે સાથે જ પીએચડી જેવા કોર્ષ પણ વધતાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થશે.

સુરતમાં વર્ષ ૨૦૧૭માં આઈઆઈઆઈટીની શરૂઆત થઈ હતી. ઈન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો આપવાની જાહેરાત કરતાં પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે, અમુક ઈન્સ્ટીટ્યુટમાં કોર્ષ શરૂ નહોતા થયા તો અમુકમાં કંઈક કામ બાકી હતા. હવે પાંચેય ઈન્સ્ટીટ્યુટ સુરત, ભોપાલ, ભાગલપુર, અગરતલા અને રાયચુરના આઈઆઈઆઈટીને ઈન્સ્ટીટ્યુ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો કેબીનેટ દ્વારા આપવામાં આવ્યો હોવાની તેમણે જાહેરાત કરતાં વધુમાં જણાવ્યું હતું.

દક્ષિણ ગુજરાતમાં ફરી ઠંડી વધી નવસારીમાં ૮, સુરતમાં ૧૨ ડીગ્રી

ઉત્તર દિશાથી પવન ફુંકાતા ઠંડીના પ્રમાણમાં વધારો

સુરત

ઉત્તર ભારતમાં ફરી એક વખત ઠંડીનું મોજુ શરૂ થયું છે. ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલી શીત લહેરથી રાજયના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. આજે દક્ષિણ ગુજરાતમાં ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ફરી ઠંડીનું મોજું ફરી વળે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૯.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૨.૯ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૯ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. રાત્રે અને મળસ્કે શહેરમાં ઠંડીનો ચમકારો વધ્યો હતો. ગતરોજ ન્યુનતમ તાપમાન ૧૫.૬ ડીગ્રી નોંધાયું હતું. જેમાં આજે સડસડાટ ૩ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૮ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૧ ડીગ્રી નોંધાયું હતું. નવસારીમાં ન્યુનતમ તાપમાનનો પારો ૩ ડીગ્રી ઘટી જતા મળસ્કે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. નવસારીમાં દસેક દિવસના અંતર બાદ ન્યુનતમ તાપમાનનો પારો સિંગલ ડિજીટમાં આવ્યો છે. નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં રાત્રે અને મળસ્કે કડકડતી ઠંડીથી બચવા માટે લોકો ગરમ વસ્ત્રોની મદદ લેવાની સાથે બીનજરૂરી ઘરમાંથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. રાત્રે નવેક વાગ્યા બાદ સ્વયંભુ રસ્તાઓ સુમસામ દેખાય છે. સવારના સમયે અપડાઉન કરનારા, શાળા કોલેજમાં જનારા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી રહી છે.